

કુમાર
અંક ૧૭
ઉગતી પ્રજાનું માસિક
વૈશાખ
૧૯૮૧
વર્ષ ૨
અંક ૫
તંત્રી
રવિશંકર રાવળ



ભગવાન બુદ્ધ

શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીના
સૌજન્યથી

A 4262-Lakshmi Art, Bombay, 8



પૂર્વની પૂજા

ઢાળ
પ્રગટ્યા શ્રીકૃષ્ણ મનભાવતા રે લોલ
એ ગીતનો

પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ,
દુનીઆનો દિનમણિ પ્રાણ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

સરિતાને પુર ધરૂં દીવડો રે લોલ,
ફુલડે વધાવું મારૂં વ્હાણ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

વિનતિ વદું ને પાય લાગતી રે લોલ,
માગું હું મંગલ ઉજાસ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

ઝાંખી તે જ્યોત દૂર જાગતી રે લોલ,
જાગે છે નયણાંની આશ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

ભુખરા અંધાર ગાઢ વીતશે રે લોલ,
વળશે અભંગ મારૂં વ્હાણ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

જગનો આનંદ ફરી ફોરશે રે લોલ,
તપશે હો દિનમણિ પ્રાણ જો:
  પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.





આજની જુવાન પ્રજા પામર છે તેનાં ઘણાં કારણો છે; અને તેમાંનું એક કારણ આપણા વડીલો છે. મારો તો અનુભવ છે કે આપણા ઉગતા જુવાનો, આપણો વિદ્યાર્થીવર્ગ, પોતાના તરફ લાગણી અને મમતા ધરાવનાર ગમે તે માણસને પોતાના જીવનમાં સહેજે સ્થાન આપે છે; પછી તે વૃદ્ધ હોય કે જુવાન. તેમને મમતા જોઇએ છે, સહૃદયતા જોઇએ છે. તેમની આગળ ગંભીર વડીલ બની બેસનારા પુરુષો સામે તેમનાં અંતર હમેશાં બંધ જ રહે છે.

આપણા વડીલો વિદ્યાર્થીઓ જોડે, છોકરાઓ જોડે, બાળકો સાથે ન ભળે, ન બોલે, તેમની મુસીબતોનો વિચાર સરખો યે ન કરે, તેમનાં દુઃખોમાં ભાગીદાર ન થાય, અને છતાં તેમના પર પોતાની સત્તા અને કાબુ રાખવા માગે તો એ ઉગતી પ્રજા નિર્માલ્ય, પ્રાણહીન અને પામર બની જાય તેમાં શી નવાઇ?

*

પણ આમ કહીને હું આપણા વડીલોને હીણું છું એમ ન માનશો. આપણી તરફ તેમની અપાર પ્રીતિ હશે, આપણા હિતની તેમને ચિંતા થયા કરતી હશે એ હું માનું છું; પરંતુ રૂઢીઓના દાસ બનીને અને નોકરીઓના મોહમાં તણાઈ તેમણે જે ભુલો કરી છે તેનાં ફળ આ યુગની પ્રજાને ભોગવવાં પડે છે તેમાં જરા યે સંશય નથી. હું ખાતરીથી માનું છું કે આ ભુલોમાંથી બચવાનો તેમણે સહેજ પણ પ્રયત્ન કર્યો હોત તો આજે આપણા વિદ્યાર્થીઓની દશા જુદી હોત.

*

આમ એક બાજુ વડીલોનો સહકાર અને પ્રેરણા ન મળે, બીજી તરફ શિક્ષણની સંસ્થાઓ (સરકારી કે ખાનગી) હજુ પોતાનાં ધ્યેય નક્કી કરી શકી નથી, અને જગતનો પ્રવાહ તો ચાલ્યો જ આવે છે. આપણે એ જગતની સાથે ચાલવાનું છે; એની પ્રગતિમાં ભાગ લઇ આપણો વિકાસ કરવાનો છે. તો એ કેમ અને ક્યાં શોધવો?

મારૂં અંતઃકરણ અને અનુભવ એક જ જવાબ દે છે: 'મિત્રોમાંથી.' મિત્રમંડળો જે કામ કરી શકે છે તે ઘણીવાર મોટા વિદ્યાગુરુઓ કે શિક્ષણ સંસ્થાઓથી નથી બનતાં. માબાપોની સત્તા કે સલાહ જ્યાં પહોંચી શકતી નથી ત્યાં મિત્રો પૂર્ણ છુટથી રાજ્ય ભોગવે છે; સગાં કુટુંબીઓની અસર જ્યાં અશક્ય લાગે છે ત્યાં મિત્રો સહેલાઇથી માર્ગ કરી લે છે.

*

પચાસ વરસ પહેલાં નાત અને સગાંનાં ટોળાં વચ્ચે જ આપણો જુવાન તૈઆર થતો, તેથી તે નાતના વ્યવહારની પાકી તાલીમ મેળવતો. પણ સાથે જ નાતના અજ્ઞાન અને રૂઢીઓના રંગે પાકો રંગાઇ પણ જતો. એટલે એના જીવનમાં અવનવા અનુભવો, જબરદસ્ત સાહસો, ઉચ્ચ કલ્પનાઓ કે વિશાળ મહેચ્છાઓ–બધું જ સદાને માટે બંધ થઇ જતું; અને ઘાંચીના બેલની જેમ, સંસારે પાડેલા ચીલામાં ફરી તે જીવન પુરૂં કરતો.

આવું ભારે કામ તો આપણે કરી ન શકીએ, ને આવું હલકું કામ તો આપણાથી થાય નહિ; આવા વિચારોમાં જ આપણે કશું યે કામ કરી શકતા નથી.

*

તેને વિચારો કરવાની જરૂર નહોતી, કારણકે બધા પ્રસંગો માટે વ્યવહાર ઘડેલા જ હતા. તેને જીવનની સફળતા કે નિષ્ફળતાની ચિંતા નહોતી, કારણકે વ્યવહારનું ખોખું બરોબર પહેરી રાખે એટલે સંસારમાં નિશ્ચે સફળતા મળતી. તેને અમોઘ ઊર્મિઓ નહોતી, અંતરના ઉછાળા નહોતા, મોંઘી મહત્ત્વાકાંક્ષાઓ નહોતી, પ્રાણની પ્રફુલ્લતા નહોતી; પણ બધા કરતાં વધારે ભયંકર તો એ હતું કે તેને 'મિત્રમંડળ' નહોતું.

મિત્રમંડળની નવી અને ખરી ભાવના આ યુગમાં જ અવતરી એમ કહીએ તો ખોટું નથી. એ વેળાના મિત્રો એટલે માત્ર ઉઠવાબેસવાનું ઠેકાણું, દૂરથી રામરામ કરી પોતપોતાને માર્ગે જનાર પ્રવાસીઓ; મિત્ર થનાર પોતાની જ્ઞાતિનો હોવો જોઇએ, એક જ ધર્મનો જોઇએ, તેની સાથે સ્થૂલ વ્યવહાર બાંધી શકાય તેમ હોવું જોઇએ; નહિતર માત્ર વિચારની સમાનતાથી મિત્રતા નભી જ ન શકે એવો પામર ભાવ એ વેળા મિત્રતા માટે હતો.

*

આ યુગમાં જ્યાં જ્યાં નવી

ભાવના, ઉપયોગી સુધારણા અને પ્રગતિ સાધનારી પ્રેરક સંસ્થાઓ ઉભી થઇ છે તે બધાના મુળમાં તમને જરૂર કોઇ નાનું પણ ચુસ્ત મિત્રમંડળ જ જણાશે. હમણાંની કેટલી યે પ્રતિભાશાળી વ્યક્તિઓ અને કામ કરનારાઓની શક્તિઓ કેમ ખીલી તેની તપાસ કરશો તો તમને તેના મુળમાં પણ મિત્રોની પ્રેરણા ને ઉત્તેજના જ જણાશે. માટે જ મેં કહ્યું કે આ યુગની મૈત્રીની ભાવના જ અનેરી છે; અને આપણે કાંઇ પણ કામ કરી જવા માગતા હોઇએ તો તે એ માર્ગે જ થશે.

*

સંખ્યાબંધ મિત્રો ધરાવનાર માણસ કોઈ અમાપ રાજ્યના ધણી જેટલો શ્રીમંત છે. અઢળક દ્રવ્ય કે થોકડાબંધ શેર-બૉન્ડનાં કાગળીઆં કરતાં સહૃદય મિત્રોનું મંડળ વધુ કીંમતી છે. એમાં જ જીંદગીનો ખરો લ્હાવો છે. એક જ સરખા પ્રાણના મિત્રોનો સહવાસ કેટલો મધુર અને પ્રિય હોય છે! તેમનાથી જીવનમાં કેટલી પ્રેરણા મળે છે, કેટલા નવા વિચારો મળે છે, અંતરનો કેટલો વિકાસ થાય છે! એવા મિત્રો સાથેનો વાર્તાલાપ માત્ર જ દુઃખ ભુલાવે છે, નવું ચેતન આપે છે અને નવાં સાહસ ને નવાં કર્તવ્યોમાં જોરથી ધસારો કરાવે છે.

*

પણ આવા મિત્રો કાંઇ એમની મેળે નથી આવી પડતા. એને માટે પહેલાં આપણે જાતે લાયક બનવું જોઇએ. આપણા અંતરની નિર્મળતા અને વિશાળતા, આપણી અમીરી અને ખાનદાની, આપણો પ્રેમ અને સહકાર એ જ મિત્રો મેળવવા માટે આપણો અધિકાર કેળવે છે.

આપણી ઇચ્છા અને આપણા મત પ્રમાણે મિત્ર વર્તે જ એવું ન માનતા. અનેક જાતના મતભેદ હોય છતાં મૈત્રી ટકે તે જ ઉત્તમ મૈત્રી. તમારા મત મિત્ર પર ઠસાવવા કદિ યત્ન ન કરતા. મિત્રની ગુપ્ત વાત જાણવાનો આગ્રહ કદિ ન રાખતા. તમારી સ્વેચ્છા પ્રમાણે મિત્રને વર્તવાનું દબાણ કદિ ન લાવતા. ખુલ્લું, સહૃદય, નિર્મળ અંતઃકરણ એ જ મૈત્રી શોધનારની અને મૈત્રી આપનારની ખરી લાયકાત છે.

*

અને એવી મૈત્રીનો આ નવીન યુગ બેઠો છે. આગળ ધપતી દુનીઆના એ પ્રગતિનાં પુરમાં, હાથમાં હાથ ભીડી ઝંપલાવો અને પંથ કાપો. આપણી સામે આ નવા યુગમાં અનેક કર્તવ્યક્ષેત્રો વણખેડાએલાં ખુલ્લાં પડયાં છે. તેમાં પડી તેમને ખેડવાનાં અને કેળવવાનાં છે; જુનો સડો દૂર કરી નવાં ખાતર પુરવાનાં છે અને પ્રફુલ્લ પાક ઉતારવાનો છે.

દેશદેશની વચ્ચે, જાતિઓની વચ્ચે, ધર્મો અને સંપ્રદાયોની વચ્ચે, સગાંવહાલાં, તડો અને નાતજાતની વચ્ચે, ગામગામની અને રાજ્યોની વચ્ચે—દરેક ઠેકાણે લડાઇટંટા ઓછા કરવા હોય, સમાધાની અને સુખની સ્થાપના કરવી હોય, અને વિકાસને પંથે વળી જગતને આબાદ કરવું હોય તો 'મૈત્રી' એ એક જ આ યુગનું અનિવાર્ય અને ઇશ્વરપ્રેરિત તત્ત્વ મને લાગે છે.

મરી ગયા પછી દુનીઆ કહે કે 'તે સૌનો મિત્ર હતો' એના કરતાં વધુ માન માણસને કયું જોઇએ?

[શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીસંમેલનના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી]

મજુરી

મજુરીથી મર્દાઈ જતી નથી રહેતી.

પ્રથમ મજુરી અને પછી ખોરાક, એ પ્રભુનો કાયદો છે. ચોવીસ કલાક મજુરી કર્યા પછી સુકો રોટલો અને છાશ—અને તે યે માખણ વિનાની—મળે તેનાથી સંતુષ્ટ થઇને કામ કરનારા જ કામ કરી શકે છે.

જો 'સીપાહી' થવું હોય તો બળદની માફક રાતદિવસ મજુરી કરવી જોઇએ. એમ કરીએ તો જોખમ શીખીએ ને લાયક થઇએ. —ગાંધીજી

*

મજુરી કરવામાં લાંછન નથી; મજુરીથી થતાં મેલાં કપડાંમાં શરમ નથી, પણ પ્રામાણિક મહેનતની ઉજ્જવળતા છે; મજુરીથી શરીર ઘસાતું નથી પણ કસાય છે.

અંગ તુટી જાય ત્યાં સુધી તમે સખત ઝહેમતવાળી મજુરી કેમ ન કરો? તમારા હાડકાની દરેક નળી, અને તમારા બદનની પેશી યે પેશી લોખંડ જેવી મજબુત કેમ ન હોય? પહાડ જેવા કામ સામે પણ બાંહ્ય ચડાવી બાથ ભીડવા તમે તૈયાર કેમ ન હો?

ઇશ્વરે શરીર આપ્યું છે તે તેને કાટ ખાવા દેવા નહિ, પણ મહેનતે કસવા માટે. મહેનત મજુરીથી એને ઉપયોગમાં લઇએ તો જ એ શરીર સરજાયું સાર્થક. મજુરી એ શરીરનો શણગાર છે.

કોણ કહે છે કે મજુરી એટલે ગદ્ધાવહીતરૂં? ગધેડાંઓ જે વહીતરૂં કરે છે તે હીણું મનાય છે, કારણકે તે મહેનત પાછળ બુદ્ધિ નથી રહેલી. ગધેડાંની સહનશીલતાનો દાખલો લઈને એટલું વહીતરૂં આપણે બુદ્ધિપૂર્વક કરીએ તો જ આપણે માણસ સરજાયા પરમાણ.

ભગવાન બુદ્ધ

આપણને થાય છે કે જે માણસ અઘરા અઘરા વિચાર બોલે છે અથવા લખે છે તે ભારે પંડિત. પણ તે વાત સાચી નથી. મોટામાં મોટું તત્ત્વજ્ઞાન અત્યંત સાદું હોય છે. માત્ર તે મેળવતાં આખું જીવન નીચોવી નાખવું પડે છે.

બુદ્ધ ભગવાને દુનીઆ માટે શું શોધી કાઢયું એમ જો કોઇ પુછે તો તે ફક્ત ચાર જ વાક્યમાં કહી શકાય. પણ એ ચાર વાક્યમાં જે ચાર 'આર્ય-સત્યો' આવે છે તે શોધી કાઢવા માટે બુદ્ધ ભગવાનને ૩૨ વરસ સુધી પોતાનું વિશાળ હૃદય વલોવવું પડયું હતું. અને તેમણે જે શોધી કાઢયું છે તેને માટે આજે અઢી હજાર વરસ થયાં આખી મનુષ્યજાતિ તેમના પ્રત્યેની કૃતજ્ઞતા બતાવી રહી છે. એ જીવન કેટલું અદ્ભુત હોવું જોઇએ!

૧

હિમાલયની તળેટીમાં, નેપાળની હદમાં કપિલ-વસ્તુ કરીને એક નાનકડું રાજ્ય હતું. ત્યાં કોઇ રાજા ન હતો. ત્યાંના શાક્ય લોકોમાં જે થોડાં મોટાં મોટાં ઘર હતાં તે ઘરના મુરબ્બીઓ મળીને પોતાનું એ નાનકડું રાજ્ય ચલાવતા. આ મુરબ્બીઓને 'રાજા' કહેતા. રાજા શુદ્ધોદન એમાંનો એક હતો. શુદ્ધોદનને મોટા સમ્રાટ થવાના ભારે કોડ હતા.

એ રાજાની રાણી માયાદેવીએ એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ જોશ જોવડાવ્યા. જોશીએ કહ્યું, 'રાજા, તારા ભાગ્યનો પાર નથી. તારો દીકરો કાં તો આખી પૃથ્વીનો સમ્રાટ થશે, નહિતો ધર્મસમ્રાટ થશે. અને વૈરાગ સુઝશે તો તો એ ધર્મસમ્રાટ જ થશે.'

રાજાએ પુછ્યું, 'વૈરાગ શાથી ઉપજે છે?' શાણા જોશીએ કહ્યું, 'જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનું દુ:ખ જોવાથી.'

રાજાએ નિશ્ચય કર્યો કે, ત્યારે આપણે ભાવિને મ્હાત કરીએ. છોકરો આ ચાર વસ્તુ જોઇ જ ન શકે એવી રીતે એને રાખું. ઉનાળાનો મહેલ જુદો, શીઆળાનો જુદો, અને ચોમાસાનો વળી એથી યે જુદો. ઘરમાં કોઇ માંદો કે ઘરડો કે દુર્મુખ નોકર ન મળે. રાજમહેલના બગીચામાં ઝાડ પર કરમાએલું ફુલ કે પીળું પડેલું પાંદડું ન મળે. બધે સુગંધી, સંગીત અને, કાવ્યસાહિત્ય જ હોય એવી રીતે પુત્રને રાખું.

પુત્ર ગૌતમ આ સ્થિતિમાં રહ્યો. પણ આવા સુખથી કોઇ સુખી થતું હશે? એને તો બધી વસ્તુ ઉપર કંટાળો ઉપજ્યો. બાળપણથી જ તે વિલક્ષણ બુદ્ધિનો હતો, અને ઘણી વાર ઉંડા વિચારો કર્યા કરતો. બાપે વિચાર કર્યો કે દીકરો પરણશે તો ઠેકાણે પડશે. છોકરાએ પણ માન્યું. એક સ્વયંવરમાં જઇ પોતાનું યુદ્ધકૌશલ્ય, બુદ્ધિકૌશલ્ય અને કળાકૌશલ્ય સિદ્ધ કરી, આ સિદ્ધાર્થ-

કુમાર, સુંદર યશોધરાને પરણી ઘેર લઇ આવ્યો. બાપને થયું કે હવે દીકરો વિલાસમાં ડુબી જશે. પણ દીકરો તો વિચારમાં જ ડુબી ગયો. તેને થવા લાગ્યું કે આ દુનીઆ છે શું? જે આસપાસ છે તે બધું પોલું પોલું લાગે છે. દીકરાએ બાપ પાસે માગણી કરી કે મારે સાચી દુનીઆ જોવી છે. બાપના પેટમાં ધ્રાસ્કો પડ્યો. ના પાડે તો દીકરાને દુઃખ થાય અને એ દુઃખને લીધે કદાચ એને વૈરાગ ઉપજે. અને હા પાડે તો શું થાય એ ભગવાન જાણે!

બાપે આખી નગરી શણગારી અને કોઇ રોગી, વૃદ્ધ કે અશક્ત માણસ બહાર ન નીકળે એવો ઢંઢેરો પીટાવ્યો. પણ દીકરાને તો સાચી દુનીઆ જોવી હતી. તે બધે ફર્યો—બધું જોયું. દરવાજે આવી તેણે સારથીને ગામની બહાર રથ હાંકવાનું કહ્યું. ત્યાં તેના જોવામાં એક દુબળો, અપંગ થઈ ગએલો અને દુઃખથી પીડાતો વૃદ્ધ પુરુષ જોવામાં આવ્યો. એ જોઈ તેણે સારથીને પુછ્યું, 'છન્ન! આ શું?' સારથીએ સમજાવ્યું, 'મહારાજ, એ ઘરડો છે, રોગી છે, દુઃખી છે. થોડા વખત પછી એ મરી જશે!'

કુમારે ફરી પુછ્યું, 'કેમ એમ?'

છન્ન બોલ્યો, 'મહારાજ એ સંસારનો નિયમ છે. જેટલાં જન્મે છે તે સહુને રોગ, દુઃખ, ઘડપણ ને મરણ આવવાનાં જ. એ અટળ છે. સારા સંસારની એ જ દશા થવાની.'

'અને શું એનું કંઇ જ ઓસડ નથી? કુમારે પુછ્યું.

કુમારના અંતરમાં જન્મ મૃત્યુ, જરા વ્યાધિ અને મરણનું આ દર્શન તીરની પેઠે ભોંકાયું. નાનપણથી જ આ વસ્તુઓ તે જોત તો આપણી પેઠે આ કુમારનું પણ હૈયું રીઢું થઇ જાત પણ આજ સુધી કદિ ન જોએલું એકાએક જોયું તેથી તે કુમાર હૃદયને અસહ્ય થઇ પડયું. તે ક્ષણે જ એણે મનમાં નિશ્ચય કર્યો, 'આ દુઃખની અંદર રહેવું એમાં પુરુષાર્થ નથી. આખો જનસમાજ દુઃખમાં ડુબેલો છે, એનું કંઇક ઓસડ તો હોવું જ જોઇએ. અને તે હું શોધી કાઢવાનો જ. અરે, જ્યારે આખો દેશ આવા દારુણ દુઃખમાં તવાઇ રહ્યો છે ત્યારે વળી મોજશોખ શા? સ્ત્રી સાથેનો પ્રણય શો? દીકરાનો મોહ શો? [કુમારને એટલામાં એક દીકરો પણ થયો હતો.] જેનો હું ઉદ્ધાર ન કરી શકું તેનો હું ઉપભોગ કેમ કરીને કરૂં? મેં મારાં આ ૨૭ વર્ષ એળે જ ગુમાવ્યાં.

કુમારના હૃદયમાં વૈરાગે પ્રવેશ કર્યો અને એણે ઘરનો, રાજનો, સ્ત્રી યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો. પિતા રોતા હતા, માતા માયાદેવી તો એના જન્મ પછી સાતમે દિવસે જ મરી ગઇ હતી. સાવકી મા મહાપ્રજાપતિ (જે એની માશી પણ થતી હતી) એણે તો રોઇરોઇને આક્રંદ કર્યું. પણ કુમાર તો ઘર છોડીને ગયો એ ગયો જ. સરસ્વતીચંદ્રની પેઠે નહિ, પણ હૃદયવીર સિદ્ધાર્થકુમાર બનીને.

અનોમા નદીને કીનારે આવી કુમારે માથાના લાંબાલાંબા સુંદર વાળ ઉતારી નાખ્યા, રેશમનાં સુંવાળાં બહુમુલ વસ્ત્રો ફેંકી દીધાં. પોતાના પ્રિય ઘોડા કંથકની વિદાય લીધી અને મહા-અભિનિષ્ક્રમણ કર્યું.



પહેલવહેલી ભિક્ષા માગી ત્યારે રાતના વાસી અને સાવ સુકા ભાખરીના ટકડા કેમે કરી ગળા નીચે ઉતરે જ નહિ. રાજવી જીવન અને તપસ્વી જીવન વચ્ચે દારુણ યુદ્ધ ચાલ્યું. પણ એક ક્ષણમાં જ તે પતી ગયું. ત્યાર પછી કોઇ કાળે આ મુશ્કેલી નડી નહિ.

ગુરુની શોધમાં અનેક દિવસો ગાળ્યા. એ વખતના સમાજમાંથી અને શાસ્ત્રોમાંથી જેટલું મેળવી શકાય તેટલું મેળવી લીધું, કેળવી શકાય તેટલું કેળવી લીધું. છતાં શાંતિ ન મળી. દુનીઆને શાંતિ પમાડાય એવું ઓસડ હાથ ન આવ્યું. જાતજાતના યોગ આદર્યા, દેહદંડન કર્યું પણ કાંઇ પત્તો ન ખાધો.

આખરે બિહારના ધન્ય પ્રદેશમાં, નિરંજરા નદીને કાંઠે તે અનશન વ્રત લઇને બેઠા. મગજમાં વિચાર તો ભઠ્ઠીની પેઠે સળગતા હતા. અશુદ્ધ વિચારો બળી જવા લાગ્યા, દુનીઆનું રહસ્ય પીગળવા લાગ્યું, અને તપસ્વીની ખાતરી થઇ કે હવે પછીની યાત્રા—અનુભવની યાત્રા આમ કાય-કલેશથી, દેહને દુઃખ દેવાથી થવાની નથી, પણ સુખ અને દુઃખ છોડીને વચમાં જે સમાન સ્થિતિ રહે છે તે ધારણ કરવાથી જ આગળ વધાય એમ છે.

તપસ્વીએ ફરી આહાર શરૂ કર્યો. આસપાસ ભેગા થએલા સાધકોએ જાણ્યું કે તપસ્વી હાર્યો,—મોળો પડ્યો. હવે એની સાથે રહેવામાં માલ નથી. સૌ એને છોડી ચાલ્યાં ગયાં. પણ તપસ્વી તો આગળ ધપ્યે જ જતો હતો.

આખરે છેલ્લી ઘડી આવી. મહાયુદ્ધ જામ્યું. મનુષ્યજાતિનો શત્રુ, હૃદયસ્વામીનો હરીફ અને કુટિલ તર્કનો આદ્ય ગુરુ એવા 'માર' પોતાની બધી દસ પ્રકારની સેના આ દયામય વિશ્વબંધુ ઉપર છોડી.

અહોભાગ્ય મનુષ્યજાતિનું કે આખરે, વૈશાખી પુનમની એ રાત્રે 'માર'નો પરાભવ થયો અને સિદ્ધાર્થ ખરેખર સિદ્ધાર્થ થઇ ગયા;—બુદ્ધ બની ગયા.

૨

જેણે પોતાનો ઉદ્ધાર કર્યો છે તે જ દુનીઆનો ઉદ્ધાર કરી શકે છે. જે પોતે જાગ્યો હોય એ જ દુનીઆને જગાડે. બુદ્ધ એટલે જાગેલો. જે ક્ષણે સિદ્ધાર્થ 'મારજિત' થયા તે જ ક્ષણે આખા વિશ્વનું રહસ્ય તેમની દૃષ્ટિ આગળ ખુલ્લું થયું અને તે લોકજિત થવાને લાયક થયા.

તેમણે જોઇ લીધું કે આપણે દેહધારી છીએ એટલે દરજ્જે કુદરતના નિયમને વશ છીએ જ. કુદરતનું દુઃખ ટાળી ન શકાય એવું ભલે હોય, પણ તે ભારે નથી. જન્મ જરા, વ્યાધિ મરણ, પ્રિયવસ્તુનો વિયોગ, અને અપ્રિય વસ્તુનો સંયોગ અથવા ભેટો, એ તો હમેશાં ચાલવાનાં જ. વિવેકથી એનું સ્વરૂપ સમજી લઇએ તો એનું દુઃખ મોળું પડે છે. દુનીઆનું મોટામાં મોટું દુઃખ તો આપણે પોતે જ ઉભું કરીએ છીએ. આપણી કોઇ કાળે છીપે નહિ એવી તૃષ્ણા જ આપણને દુઃખમાં ડુબાડે છે, અને અનંત કાળ સુધી દુઃખરસમાં આપણને નાખી આપણા આખા જીવનનું કડવું અથાણું કરી નાખે છે.

આ તૃષ્ણા મરે નહિ ત્યાં સુધી આપણા દુઃખનો અંત નથી. અને એ તૃષ્ણા મરી ગઇ એટલે દુઃખનું કંઇ કારણ નથી. પછી જે સ્થિતિ રહે છે એ જ આપણો વારસો. એ સ્થિતિ કેવી હશે એની ચર્ચા આજે શા માટે? રોગ મટી ગયા પછી શું થશે? શું થવાનું હતું? કલ્યાણ જ.

એ સ્થિતિનું નામ તે નિર્વાણ. મુક્ત થએલા બધા જીવોનું એ જ ધામ.

પણ આ જ્ઞાન સાંભળશે કોણ? આ ઓસડ લેશે કોણ? આ પંથે ચાલશે કોણ? આખી દુનીઆ તૃષ્ણાની પાછળ પડી છે. તૃષ્ણાનો નાચ ચાલ્યા જ કરવાનો. અરેરે, ત્યારે શું કોઇનો ઉદ્ધાર થવાનો જ નથી? આટલી મહેનતે મેળવેલું ઓસડ શું એળે જ જવાનું?

તે કરુણામૂર્તિએ ફરી વિચાર કર્યો. પ્રસન્ન હૃદયમાંથી જવાબ મળ્યો, 'જેઓ શુભ સંસ્કારી છે તેમની પ્રત્યે **મૈત્રી** ભાવ રાખીએ; જેઓ વૈભવશાળી છે તેમના તરફ **મુદિતા** કેળવીએ, એટલેકે તેમનું સુખ જોઇ રાજી થઇએ; જેઓ દુઃખી અથવા દુરસ્થિત છે તેમનો કંટાળો કે તિરસ્કાર નહિ કરતાં તેમના તરફ **કરુણા** ભાવ રાખીએ; અને જેઓ દુષ્ટ વૃત્તિવાળા છે, જેઓ જ્યાંત્યાં દ્રોહ જ ફેલાવે છે ને અકારણ વૈર રાખે છે તેમની પ્રત્યે કાંઇ નહિ તો **ઉપેક્ષા** ભાવ રાખીએ તો આખી દુનીઆમાં વિજય જ છે.

આ ચાર વૃત્તિ તે જ બ્રહ્માનાં ચાર મુખ. આ ચાર મુખમાં જ ચારે વેદ સમાએલા છે. એમ જોઇ બુદ્ધ ભગવાન દુનીઆની સેવા કરવા ઉપડ્યા, અને ધર્મચક્ર ફરવા લાગ્યું.

૩

જેમની પાસેથી કરજે કાઢીને આટલું જ્ઞાન મેળવ્યું તેમના બોજામાંથી પ્રથમ મુક્ત થવું જોઇએ. પેલા શિષ્યો જેમણે બુદ્ધ ભગવાનને આહાર કરતા

જોઇ તેમનો ત્યાગ કર્યો હતો તેમની પાસે પ્રથમ તેઓ ગયા. પછી તો શું? દરેક દુઃખી માણસ તેમની પાસે આવવા લાગ્યો. બ્રાહ્મણો આવ્યા અને હજામો આવ્યા, યતિ આવ્યા અને જતિ આવ્યા, શ્રીમંત આવ્યા અને દરિદ્રીઓ આવ્યા; જેમની પાસે હજારો શિષ્યો હતા એવા અભિમાની ગુરુઓ આવ્યા, અને જેમની પાછળ પોતાનું મન કે શરીર પણ ન ચાલે તેવા દુબળાઓ પણ આવ્યા.

સંઘ વધ્યો અને સંઘની સેવા કરનાર શ્રાવકો પણ વધ્યા. મોટા મોટા વિહાર બંધાયા, મોટમોટા રાજાઓ બુદ્ધ ભગવાનની સલાહ લેવા આવવા લાગ્યા, અને પ્રજાના આગેવાનો પણ તેમની પાસે ઉન્નતિના મંત્ર સાંભળવા હાજર થવા લાગ્યા. યક્ષ, ગંધર્વ, કિન્નર સૌને નિર્વાણનો રસ્તો મળ્યો, અને ધર્મચક્ર પુર જોસમાં ફરવા લાગ્યું.



જાપાનમાં બુદ્ધની પ્રચંડ મૂર્તિ

૪

બીચારી યશોધરાનું શું થયું હશે? રાહુલને કોણ લાડ લડાવતું હશે? રાજા શુદ્ધોદનને બીજો દીકરો થયો હતો, પણ સિદ્ધાર્થને તે કેમ ભુલી શકે! એણે પોતાના દીકરાની કીર્તિ સાંભળી તેને બોલાવવા એક દૂત મોકલ્યો. પણ એ પાછો જાય જ શાનો? એ દૂત તો શિષ્ય બની સંઘમાં દાખલ થઇ ગયો. બીજો દૂત ગયો, તેની પણ એ જ દશા. હવે ત્રીજું કોણ જાય? આખરે વૃદ્ધ અમાત્ય ગયા. ભગવાનના સત્સંગનો એક વરસનો આનંદ અનુભવ્યા પછી તેને રાજાનું કહેણ યાદ આવ્યું, અને એ બુદ્ધ ભગવાનને પિતાને ત્યાં લઇ ગયો. બુદ્ધે ચિરવિધુરા યશોધરા, બાળક રાહુલ અને વૃદ્ધ શુદ્ધોદન બધાંને ઉપદેશ આપ્યો, અને ભિક્ષાએ ઉપડયા. કેટલી શરમ, કેટલી નામોશી, કે રાજાનો દીકરો શેરીએ શેરીએ ભિક્ષા માગવા જાય છે! રાજાએ કહ્યું, 'દીકરા, આપણી કુળપરંપરામાં ભિક્ષા નથી.' દીકરો કહે, 'રાજન્ તમારી કુળપરંપરા જુદી છે. મારી કુળપરંપરા બોધિસત્ત્વોની છે. તેઓ હમેશાં ગરીબો સાથે રહેતા આવ્યા છે, અને ગરીબોએ જ સ્વેચ્છાથી આપેલું અન્ન ખાતા આવ્યા છે.'

૫

મહાપ્રજાપતિએ વિચાર કર્યો કે બહેન તો દીકરાને જન્મ આપી મરી ગઇ. તે દીવસથી સિદ્ધાર્થને મેં ઉછેર્યો. આજે એ જ દીકરો દુનીઆનો ઉદ્ધારક બન્યો છે. હું કેમ એની પાસે જઇ દીક્ષા ન લઇ શકું? શાક્યકુળની ઘણી રાજકન્યાઓ મહાપ્રજાતિ સાથે બુદ્ધ ભગવાનને મળવા ઉપડી. મુસાફરીનાં કષ્ટો વેઠતાં તેમના પગ સુજી ગયા. તેમણે બુદ્ધ ભગવાનને વિનંતિ કરી કે અમને પણ સંઘમાં સ્થાન આપો. ભગવાને કહ્યું તે ન બને. મારો સંઘ બગડી જશે; સ્ત્રીઓ માંહોમાંહે લડશે. સ્ત્રીઓમાં ભારે નિરાશા ફેલાઇ, એટલે બુદ્ધ ભગવાનના પ્રિય શિષ્ય અને સેવક આનંદે પુછ્યું, 'ત્યારે શું ભગવન, સ્ત્રીઓને માટે ધર્મનો સાક્ષાત્કાર અશક્ય છે?' બુદ્ધ ભગવાને કહ્યું, 'એમ નથી. તેઓ પણ નિર્વાણનાં સરખાં જ અધિકારી છે, તેમને પણ ધર્મ જાણવાની બુદ્ધિ છે.' સ્ત્રીઓમાં પણ અત્યંત ધર્મનિષ્ટ અને અધિકારી વ્યક્તિઓ થઇ ગઇ.

આયુષ્યનાં એંશી વર્ષ સુધી ધર્મનો ઉપદેશ કરી, કુશીનારા નામના સ્થાન પર તેમણે પોતાનો પવિત્ર દેહ છોડયો. ધીમેધીમે બુદ્ધ ભગવાનનો ઉપદેશ પૃથ્વીપર ફેલાવા લાગ્યો. પાટલિપુત્રના મહાન રાજા અશોકવર્ધને બૌદ્ધ ધર્મોપદેશકોને દેશદેશાંતરમાં મોકલી તથાગત (બુદ્ધ ભગવાન)નો ઉપદેશ આખી દુનીઆને સંભળાવ્યો. આજે ચીન, જાપાન, બ્રહ્મદેશ, સીલોન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મ ચાલે છે. અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ તો દુનીઆ આખીના વિચારવાન લોકોને ગળે ઉતરવા લાગ્યો છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ફુલવાડી

મહાભિનિષ્ક્રમણ

: લાવણી :

આ રાત્રિ ગાજતી આજ
મુજ મ્હેલતણી ચોપાસ;
આ અંધકાર વીંટાય,
તે અંધકારની મધ્ય
સુઇ રહ્યું પુત્ર–ગૃહરત્ન.

એ મૂર્તિ પ્રીતિવિશ્વાતણી સુતી મુકી જતાં ન જવાયે,
નહિ હૃદય ધડકતું મટે, ચરણ જડ થયા–કહ્યું ના માને.

કરે વધુ વધુ સૂક્ષ્મ વિચાર,
ત્યમત્યમ આ હૃદય ચીરાય.
સૌ પ્રાણી દુઃખમય ભાસે,
જનતા પીડાતી જગ આખે;

તે સૌની પીડા દૂર કરવા,
કલ્યાણ જગતમાં ભરવા,
થઈ પ્રબુદ્ધ, ગૌતમ આજે
થઇ તપસ્વી, તપ ગુરુ માંડે.

જગના સૌ આધિવ્યાધિ
હરવા નવી બુદ્ધિ સાધી.
એ તપમાં બુદ્ધિ તપાશે,
નવી યજ્ઞવેદી મંડાશે.

પશુ માત્ર હવે ફગરશે,
મુજ પ્રીતિ એ હોમે પડશે.
મુજ પ્રીતિ એકલી હોમાશે,
બીજું જગત જીવી સુખી થાશે.

ઓ તાત, પ્રિયા, ઓ પુત્ર!
ઓ માત, પ્રજા, સુખસૂત્ર!

મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સૌ અંગ સર્વ છો મારાં;
જન–પશુ–જગના કલ્યાણ–યજ્ઞ પર હોમું અંગ સૌ મારાં.

☘

[સરસ્વતીચંદ્ર' અને એના કર્તા ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠીના નામથી અજાણ્યો હોય એ 'ગુજરાતી' ન કહેવાય. સં. ૧૯૧૧ ની વિજયાદશમીને દહાડે નડીઆદના નાગર કુટુંબમાં જન્મીને જીવનની અનેક મુસીબતો વેઠી તે એલએલ. બી. થયા, અને મુંબાઇની હાઇકોર્ટના નામીચા વકીલ બન્યા એટલા માટે નહિ, પણ એમના અગાધ સાહિત્યપ્રેમ અને એમણે કરેલી મોંઘી સાહિત્ય-સેવા માટે ગુજરાતીઓના અંતરમાં એ અમર થયા છે.

એ દૂરંદેશી વિચારક અને વિદ્વાન સાક્ષર હતા. એમની ભાષા અને લખાણે ગુજરાતી સાહિત્ય પર એટલી અનોખી અસર પાડી છે કે સાહિત્યમાં એમના નામનો 'ગોવર્ધન યુગ' ગણાયો છે.

ઉમદા વિચારોથી ભરેલા એમના સુપ્રસિદ્ધ મહાન નવલકથા–ગ્રંથ સરસ્વતીચંદ્રમાં એમણે એક ઠેકાણે, એક અંગ્રેજી કાવ્યપરથી સૂચિત બુદ્ધ ભગવાનનું મહા–અભિનિષ્ક્રમણ લખ્યું છે, તેમાંનો સારભાગ અહીં ઉતાર્યો છે.]

સ્વીકાર

ભાગીરથીની ભુલ: લેખક, રમણિક અ. મ્હેતા; પ્રકાશક, આર. રૉય ઍન્ડ કં. ખટાઉ મૅન્શન, ગિરગામ, મુંબાઇ ૪.

સુશીલાના પત્રો: સંપાદક અને પ્રકાશક, ચીમનલાલ જેચંદ શાહ, પારેખ મૅન્શન, સેન્ડહર્સ્ટરોડ, મુંબાઇ, કીંમત રૂ. સવા.

૪૫ લાખના ચેકની કહાણી: પ્રકાશક, સત્ય પ્રકાશક કાર્યાલય, ૪૭. સી. પી. ટેંકરોડ મુંબાઇ. કીંમત રૂ. બે.

ભક્તિ દર્પણ અથવા આત્મપ્રસાદ: હીંદી ઉપરથી અનુવાદક, ચતુરભાઇ બાબરભાઇ પટેલ, પ્રકાશક મોતીભાઇ લ. પટેલ, આર્યસમાજ, આણંદ; કીંમત ૭ આના.

સમાજ સેવક પત્રિકા ૧૭ મી પ્રકાશ ગોકુલદાસ હીરજી ઠક્કર, સેવકમંડળ, જામનગર.




વૈશાખ
'૧૯૮૧

મહાભિનિષ્ક્રમણ

આ તાત, પ્રિયા, આ પુત્ર!
આ માત, પ્રજા, સુખ સૂત્ર!
મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સૌ અંગ સર્વ છો મારાં,
જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ પર હોમું અંગ સૌ મારાં.

મિનર્વા પ્રિન્ટરી,
પાંચકુવા. અમદાવાદ



પોતાને માટે રાંધેલા ભાત મહેશને મુકી દીધા. [પાનું ૧૭૧]

વૈશાખ : ૧૯૮૧

મિનર્વા પ્રિન્ટરી,
પાંચકુવા, અમદાવાદ

મહેશ



તે ગામનું નામ કાશીપુર હતું. આ નાના ગામનો જમીનદાર બહુ જુલમી હતો. ખેડુતો તેનાથી થરથરતા અને તેની સમક્ષ એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નહિ.

આજે જાગીરદારના પુત્રનો જન્મદિવસ હતો. મધ્યાહ્ન થયો હતો અને ગોર ક્રિયાપૂજા કરાવી, દક્ષિણા લઇ જમીનદારને ત્યાંથી ઘર તરફ જતા હતા. ચૈતર વૈશાખના દિવસો હતા અને નિર્દય આકાશ અંગાર વરસાવી રહ્યું હતું.

આસપાસ ખેતરો આવેલાં હતાં. જમીનમાંથી ઉની વરાળ નીકળતી હતી. ખેતરને છેડે ગફુરનું ઘર હતું. તે વણકર હતો. ઝુંપડાની ગારાની દીવાલ પડી ગઇ હતી અને તેથી રસ્તે જતા લોકો ઘરમાં નજર કરી રાચરચીલું સુદ્ધાં જોઇ શકતા.

એક ઘટાદાર ઝાડને છાંયે ઉભા ઉભા ગોરે સાદ પાડયો, 'એલા ગફુરીઆ, શું કર છ?'

ગફુરની તેર ચૌદ વર્ષની છોકરી બારણામાં ઉભી હતી તેણે જવાબ આપ્યો, 'તમારે બાપાનું કામ છે? પણ એમને તો તાવ આવ્યો છે.'

'હં, તાવ આવે જ ને.' ગોરે કહ્યું, 'એ હરામખોરને અહીં મોકલ.'

સાદ સાંભળીને ગફુર, તાવથી ઝુંકતો ને ધ્રુજતો આવીને ઉમરામાં ઉભો રહ્યો. પાસે જ પડી ગએલી ભીંતને અડોઅડ ઝાડના થડ સાથે એક બળદ બાંધ્યો હતો. તેને ચીંધીને ગોરે કહ્યું, 'આ તું શું કરે છે? જમીનદાર સાહેબ બ્રાહ્મણ છે એ તો ખબર છે ને?'

એક તો તડકો અને તેમાં વળી ક્રોધે ભરાએલા, એટલે ગોર મહારાજનું મોઢું લાલચોળ થઇ ગયું હતું. ગફુર બીચારો ક્રોધનું કારણ નહિ સમજવાથી અવાક્ ઉભો રહ્યો.

'આજ સવારે હું ગયો ત્યારે જ્યાં આ બળદ બાંધ્યો હતો, ત્યાં જ અત્યારે પણ બાંધેલો છે. જમીનદાર સાહેબ ચુસ્ત બ્રાહ્મણ છે. તડકાથી જો ગોમાતાનો પુત્ર મરી જશે, તો યાદ રાખજે, તને જીવતો ને જીવતો દાટી દેશે.' ગોરે ધમકી આપી.

'ત્યારે બાપુ હું શું કરૂં? મને કેટલા યે દિવસથી તાવ આવે છે. તેને પાંચ દસ ડગલાં લઇ જાઉં છું ત્યાં તો મારૂં માથું ઘુમવા લાગે છે.' ગફુરે દયામણે અવાજે કહ્યું.

'ત્યારે એને ચરવા છુટો મુકી દે.'

'એમ તે કેમ થાય? હજી આ બધાં ખેતરોમાં લણણી થઈ રહી નથી, ને પરાળની ગંજીઓ હજી ખડકાવી યે બાકી છે. છુટો મુકું તો કોકના ખેતરમાં પેસીને બગાડ કરે.'

ગોર મહારાજ જરા મોળા પડયા અને બોલ્યા, 'ત્યારે પરાળના બે ત્રણ પુળાની નીરણ કરીને તેને જરા ઠંડક હોય એવે ઠેકાણે બાંધતો હો તો? તમે ભાત તો ખાઓ છો ને? ભાતનું ઓસામણ પણ તેને દઇ શકો.'

ગફુરે જવાબમાં એક ઉંડો નીસાસો નાખ્યો. 'તારી પાસે પરાળ નથી લાગતી. ત્યારે ગયા વરસનો તારો ભાગ ક્યાં ગયો? કેટલો સ્વાર્થી! બળદને માટે પુળો સરખો યે ન રાખતાં પોતાનું પેટ ભરવા તે પણ વેચી દીધી ને!'

આવો વધારેપડતો આરોપ સાંભળી ગફુર પહેલાં તો મુંગો જ થઇ ગયો. પછી બોલ્યો, 'મને ભાગમાં થોડી પરાળ આવી હતી. પણ જમીનદાર સાહેબે આગલા વરસના દેવા પેટે તે છીનવી લીધી. મેં કેટલી યે આજીજી કરી કે 'મારા એકના એક ખોરડાનું છાપરૂં છાવા આટલું તો રહેવા દો. છાપરૂં તો કદાચ નાળીએરીના પાનથી છાઇશ, પણ મારો

મહેશ આખું વરસ ખાશે શું?'

'વાહ!' જરા મોં મરડીને ગોરે કહ્યું, 'બળદને નામ તો ભારે આપ્યું છે! મને હસવું આવે છે.'

ગફુરે તો આ મશ્કરી સાંભળ્યા વગર આગળ ચલાવ્યું, 'પણ જમીનદાર સાહેબને દયા ન આવી. મને બે મહીના ચાલે એટલી ડાંગર માંડ આપી. મારા બળદ માટે એક પુળો યે ન રહેવા દીધો.' એટલામાં ડુસકાં ખાતાં ખાતાં તેનો કંઠ રૂંધાયો. પણ ગોર મહારાજે જરા યે દયા ન બતાવી, અને ઉલટું કહ્યું, 'તું પણ ઠીક લાગે છે. દેવું પણ ભરવાની દાનત નહોતી! આવા ભલા જમીનદારના આશરા હેઠળ રહીને પાછો તેની જ નિંદા કરે છે?'

'અરે એમ કેમ બોલો છો?' ગફુરે શરમાઇને કહ્યું, 'જમીનદાર સાહેબનો કયાં વાંક કાઢું છું? પણ ભાઇશાબ, તમે જ કહોને, મારા બળદનો નીભાવ કેમ કરવો? મારી પાસે ચાર જ વીઘાં જમીન છે. પોર બધો પાક બળી ગયો. મને અને મારી છોકરીને બે ટંક પેટપુર ખાવા પણ મળતું નથી. આ ઘર તરફ નજર કરો. ચોમાસામાં કઇ રીતે રહેવાશે? વળી મારા મહેશને બીચારાને પાંસળાં નીકળ્યાં છે. મને થોડાક પુળા ઉછીના ન આપો? જે બેત્રણ દિવસ બીચારો ખાય તે.' એમ કહી તે ગોરને પગે પડ્યો. ગોર મહારાજ ચમકીને પાછા હઠી ગયા, અને ગુસ્સે થઇ જઇ બોલ્યા, 'મુસલમાન થઇને મને અહીં અભડાવવો છે?'

'બાપુ, મારે શું કામ અડવું જોઇએ?' ગફુરે માફી માગી. 'પણ થોડાક પુળા ઉછીના આપવાની મહેરબાની કરો તો પાડ. તમારે તો ગંજી આખી ખડકી છે. થોડાક આપશો તો નહિ વરતાય. અમે ભુખે મરીએ તેનો વાંધો નહિ, પણ બીચારૂં પ્રાણી, ભુખ્યું ભુખ્યું, મારી સામે આંસુભરી આંખે ટગરટગર જોયા કરે છે એ નથી ખમાતું.'

'તારે ઉધાર જોઇએ છે ને? પણ પાછું કેવી રીતે વાળીશ.' ગોરે પુછ્યું.

ગફુર એકદમ આતુરતાથી બોલ્યો, 'બાપુ, હું ગમે તેમ કરીને દેવું પતાવીશ. હું આપને છેતરીશ નહિ.'

ગોર મહારાજ કટાક્ષમાં ગફુરનું બોલેલું બોલીને કહે, 'બહુ ભલો માણસ લાગે છે. ચાલ જવા દે. મારે મોડું થાય છે.'

એક પગલું આગળ ભરે છે ત્યાં તો પાછા હઠીને મીજાજમાં બોલ્યા, 'તારો બળદ પણ કેવો ઉદ્ધત છે! મારી આડો આવે છે.'

ગફુરે જોયું તો ગોરની ટોપલીમાં આજે દક્ષિણામાં મળેલાં ભાત ને કેળાં હતાં. તેણે આંગળી ચીંધીને કહ્યું, 'એ તો બળદને કાંઇક તેજ સુગંધ આવી હશે તેમાં.'

'એમ, એને મારા દાનમાંથી ભાગ જોઇએ છે?' ગોર મહારાજ બોલ્યા, 'પરાળ તો મળતી નથી ને કેળાં ને ભાત ખાવાં છે. ચાલ એને એક બાજુ લઇ લે.' એમ કહી ગોર મહારાજ ઉતાવળે પગલે પસાર થઇ ગયા.

ગફુર પોતાના બળદ તરફ ફર્યો અને થોડીવાર જોઇ રહ્યો. પછી બોલ્યો, 'તેમની પાસે તો ઘણું છે, પણ તારે માટે એક તરણું યે ન આપ્યું. હશે.' આટલું બોલતાં બોલતાં તેની આંખમાં આંસુ આવી ગયાં. બળદને પડખે જઇને એ તેને હાથ ફેરવવા તથા ખંજવાળવા લાગ્યો. પછી ધીમે ધીમે બળદના કાનમાં ગણગણ્યો, 'મહેશ, બેટા, આઠ વરસ સુધી તેં મારૂં કામ કર્યું, અને છતાં મારામાં તારૂં પુરૂં કરવાની તાકાત નથી. પણ બેટા, તને હું કેટલો ચાહું છું તે તું જાણે છે.'

મહેશે જવાબમાં ગળું લંબાવ્યું અને સંતોષથી આંખો મીંચી દીધી. ગફુર ફરી બબડ્યો, 'જમીનદારે તારો ભાગ ઝુંટવી લીધો. જાહેર ગોચર હતું તે યે પૈસાને લોભે બંધ કર્યું. તને છુટો મુકું અને રખેને બીજાના પાકનો બગાડ થઇ જાય તો તને માર મારે. તારામાં તાકાત પણ રહી નથી કે કોઇ તને ખરીદે. કેટલાક લોકો તને કસાઇખાને વેચી દેવાની મને સલાહ દે છે.' આ વાત ઉચ્ચારતાં ગફુરની આંખો આંસુથી ઉભરાઇ ગઇ. આંસુ લુછીને, સાવચેતીથી તેણે જુના, રંગ વગરનાં પરાળનાં થોડાંક તરણાં છાપરામાંથી ખેંચી કાઢ્યાં અને મહેશને કહ્યું, 'ચાલ જલદી કર. ઝટ ખાઇ જા. જો વાર લગાડીશ તો—'

'બાપા!'

'શું છે બેટી ?' ગફુરે જવાબ આપ્યો.

'આ તમારા ભાત ખાઇ જાઓ.' ઘરમાંથી બહાર નીકળતી અમીનાએ કહ્યું. અને સામે જોઇને તેણે ઉમેર્યું, 'બાપા, વળી પાછા તમે છાપરામાંથી પરાળ કાઢીને મહેશને ખવરાવો છો ને !'

તેને આ જ બીક હતી. શરમાઇને ગફુર બોલ્યો, 'એ તો સડી ગએલી પરાળ એની મેળે પડતી હતી.'

'પણ મેં અંદરથી તમને પરાળ ખેંચતા સાંભળ્યા ને !' અમીનાએ કહ્યું.

'ના. ના.'

'બાપા, આમ તો ભીંત પડી જશે.' અમીનાએ ઠપકો દીધો. ગફુર સાંભળી રહ્યો.

ગફુરને બરાબર ખબર હતી કે આમ ને આમ ચાલે તો આવતા ચોમાસામાં જરૂર ઘર પડી ભાંગે.

'બાપા, હવે હાથ ધોઇને ખાઇ લો.' અમીનાએ જણાવ્યું.

'બેટી, પહેલાં મને ભાતનું ઓસામણ દે. આ મહેશને પીવડાવી લઉં.'

'પણ બાપા, આજે તો બધું પાણી હાંલ્લીમાં જ ચુસાઇ ગયું.'

'જરા જેટલું ય નથી ?' કહી ગફુર અબોલ ઊભો રહ્યો. અમીના જાણતી હતી કે આવા વખતમાં ઓસામણ પણ કેટલું મોંઘું હતું. હાથ ધોઇને ગફુર ઘરમાં ગયો. ત્યાં અમીનાએ પોતાને માટે ઓખરી ઠીબમાં અને બાપાને માટે પીતળની જુની રકાબીમાં ભાત કાઢ્યા હતા. ભાત તરફ જોઇને ગફુરે કહ્યું, 'મને ટાઢ આવે છે. તાવ હોય ત્યારે ખાવું સારૂં ?'

'પણ હમણાં જ તમે કહેતા હતા ને, કે બહુ ભુખ લાગી છે.' અમીનાએ યાદ દીધી.

'પણ તે વખતે મને તાવ નહિ હોય.'

'ત્યારે હું સાંજ સારૂ આ ઢાંકી મુકું ?' અમીનાએ ઇલાજ બતાવ્યો.

'પણ અમીના, સાંજે ટાઢા ભાત ખાઇશ તો તો પાછો તાવ વધશે.' ગફુરે બચાવ કર્યો.

'ત્યારે એનું શું કરૂં !' અમીનાએ પુછ્યું.


ગફુર ખુલાસો કરતો હોય એવો ઢોંગ કરી એકાએક બોલ્યો, 'જોને, આપણે એમ કરીએ. એ મહેશને દઇ દઈએ તો ? સાંજે તું મારા માટે એક મુઠી ભાત રાંધી નાખજે.'

જવાબમાં અમીના ગફુર સામું જોઈ રહી અને પછી બોલી, 'ઠીક ત્યારે બાપા, એમ કરીએ.'

ગફુર અમીનાનું કહેવું પામી ગયો અને પોતે કાઢેલા બાના માટે છોભીલો પડયો. અમીના બાપાનો મનોભાવ જોઇ ગઇ;—ઉપરથી સર્વવ્યાપી ઇશ્વર પણ આ દેખાવ જોઈ રહ્યો.

૨

ચાર પાંચ દિવસ પછી ગફુર ઉદાસ થઇને ઘરના આંગણામાં બેઠો. ગઇ કાલથી મહેશ ખોવાઇ ગયો હતો. પોતે તો અશક્ત હતો તેથી સવારમાં તેણે મહેશને શોધવા અમીનાને મોકલી હતી. સાંજે અમીના ખબર લઇને પાછી આવી. જમીનદારનાં માણસોએ મહેશને ડબ્બામાં પુર્યો હતો.



'કેમ કરતાં પકડાયો ?' ગફુરે પુછ્યું.

'આપણા પાડોશી ઘોષનાં ઝાડવાંને નુકસાન કરેલું તેથી તેમણે ડબ્બે મોકલાવ્યો.'

ગફુરે બધી જાતની સજા ધારેલી, પણ આ નહોતું ધાર્યું. તે જેવો ગરીબ તેવો જ ગરવો હતો. ઘોષ ગોપૂજક બ્રાહ્મણ થઇને આવું કરે તેનો એને સ્વપ્ને યે ખ્યાલ નહોતો.

'હવે મોડું થાય છે. બાપા, તમે મહેશને છોડાવવા નહિ જાઓ ?' અમીનાએ સવાલ કર્યો.

'ના.' ગફુરે જવાબ વાળ્યો.

'પણ તેઓ કહે કે જો ત્રણ દિવસમાં તમે નહિ છોડાવી જાઓ તો પોલીસ તેને કસાઇખાને વેચી દેશે.'

'ભલે.'

અમીનાને તો આશ્ચર્ય થયું. આજલગી તો કસાઈખાનાનું નામ પડતાં જ ગફુરને કાંઇ ને કાંઇ થઈ જતું.

તે રાત્રે ગફુર મારવાડીની દુકાને ગયો. પોતાની પીતળની રકાબી કાઢી તેણે કહ્યું, 'આ લઇને એક રૂપીઓ આપશો?'

મારવાડી તો રકાબીને ઓળખતો જ હતો. આ પહેલાં ચાર પાંચ વાર તેણે ગફુરને તેની કીંમત એક રૂપીઓ કહી હતી, એટલે અત્યારે તેણે જરા પણ આનાકાની ન કરી.

બીજે દિવસે સવારે મહેશ પાછો પોતાની જગ્યાએ આવી ગયો હતો. પાસે જ હમેશની ખાલી ગમાણ હતી, અને તેની પાસે એક મુસલમાન મહેશને ટીકીટીકીને તપાસતો હતો. થોડે દૂર ગફુર મુંગો મુંગો બેઠો હતો. તપાસ થઇ રહી એટલે મુસલમાને ખીસામાંથી દસ રૂપીઆની નોટ કાઢી. હળવે રહીને તે ગફુરના હાથમાં સેરવી તે બોલ્યો, 'લે આ બળદની કીંમત.' ગફુરે યંત્રવત્ હાથ લંબાવી નોટ લીધી.

પણ જ્યાં પેલા કસાઇનાં માણસો મહેશને છોડવા માંડયા ત્યાં તો ગફુર ઉભો થઈ ગયો અને રાતોપીળો બની બોલ્યો, 'ખબરદાર, દોરડાને અડ્યા છો તો તમારી વાત તમે જાણ્યા.' પેલાં માણસો ચમકીને પાછાં હઠી જઇ બોલ્યાં, 'કેમ એમ?'

'તે મને શામાટે પુછો છો!' ગફુરે ક્રોધમાં જ કીધું, 'મારે એને નથી વેચવો. એ તો મારી મરજીની વાત છે ને.' એમ કરી તેણે દસ રૂપીઆની નોટ જમીન ઉપર ફેંકી દીધી.

'પણ ગઇ કાલે બાનામાં આપેલા પૈસાનું શું?' ખાટકી બોલી ઉઠયો.

'લ્યો જોઇતા હોય તો તે યે લેતા જાઓ.' એમ કહી ગફુરે બે રૂપીઆ તેમની તરફ ફેંકયા.

મુસલમાને હસીને કહ્યું, 'લે, બે રૂપીઆ વધારે જોઇતા હોય તો લે. તારી છોકરીને મીઠાઇ લઈ આપજે. કેમ, હવે તો કબુલ છે ને?'

ગફુરે માથું ધુણાવ્યું.

'આથી એક પાઈ યે વધુ ઉપજવાની નથી.' મુસલમાને કહ્યું.

'મને ખબર છે.' એમ કહી ગફુર વેદના થતી હોય તેમ 'યા અલ્લાહ!' કહેતોક ને હોઠ ભીડી ઘરમાં ચાલ્યો ગયો અને ખાટકીઓને ધમકી આપી કે, 'ચાલ્યા જાઓ, નહિ તો પોલીસને બોલાવવા પડશે.' કસાઇઓ તો ચાલ્યા ગયા. પણ થોડીવારે જમીનદારનું માણસ આવ્યું અને જણાવ્યું કે ગફુરને સાહેબ બોલાવે છે. ગફુરને થયું કે બળદ ખાટકીઓને વેચવાની વાત જમીનદારને કાને પહોંચી લાગે છે.

જમીનદારની ઓફીસમાં માણસો ભેગાં થયાં હતાં. જમીનદાર લાલચોળ આંખ કરીને ગફુર તરફ ત્રાડયો, 'હરામખોર, તને તે શો દંડ દઉં? જાણતો નથી તું કોના રાજમાં રહે છે!'

'જી, જાણું છું, હજુર.' ગફુર પસ્તાતો પસ્તાતો બોલ્યો, 'અમારી પાસે ખાવાપીવાનું કંઇ નથી, નહિતર બધો દંડ ભરત.'

ત્યાં ઉભેલા બધાને ગફુરનો પસ્તાવો જોઇને આશ્ચર્ય થયું. તેઓ તો જાણતા હતા કે ગફુર મીજાજી આદમી હશે. ફરી પાછો ગફુર ડુસકાં ભરતો કહેવા લાગ્યો, 'ફરીને આવું નહિ કરૂં.' અને એટલું બોલી પોતાના કાન પકડી જમીનદાર આગળ એ ઘુંટણીએ પડયો.

'ઠીક, જા. હવે કોઇવાર કર્યું છે તો વાત છે.' જાણે માફી આપતા હોય એમ કહી જમીનદારે રજા આપી.

ગફુર પણ બધું અપમાન અને ખોફ પોતે વહોરી લીધો તેથી રાજી થતો ઘર તરફ ચાલ્યો. ઘેર જઇને તેણે મહેશને પડોશમાંથી માગેલું ભાતનું પાણી પીવડાવ્યું અને ધીમેશથી પંપાળ્યો.

ઉનાળો ઉતરવા આવ્યો હતો, છતાં આકાશમાં એકે વાદળી દેખાતી નહોતી ચોમાસું આવશે કે કેમ એ જ શંકાપડતી વાત હતી. જાણે આખી દુનીઆને

ભસ્મીભૂત કરી ન નાખે ત્યાં સુધી અંગારા વરસતા અટકશે જ નહિ એમ લાગતું હતું.

ખરે બપોરે ગફુર ઘેર પાછો ફર્યો. મજુરી કરવાની તેને ટેવ નહોતી, અને તાવ ગયે હજી ફક્ત ત્રણ ચાર દિવસ જ થયા હતા. નબળાઇ હજુ પારાવાર હતી, છતાં તે કામની શોધમાં ગયો હતો, અને અત્યારે થાકીને લોથ થઈ આવ્યો હતો. ભુખ અને તરસને લીધે તેની આંખે અંધારાં આવતાં હતાં; ફળીઆમાં ઉભાઉભા જ સાદ પાડયો, 'અમીના, ખાવાનું તૈઆર થઇ ગયું છે કે?'

ધીમે ધીમે ઘરની બહાર આવીને અમીના મુંગી ઉભી રહી. જવાબ ન મળ્યો એટલે અધીરાઇથી ગફુરે પુછ્યુ, 'ખાવાનું તૈયાર છે કે? અને ન હોય તો કેમ નથી?'


'ઘરમાં અનાજ ક્યાં છે બાપા?'

'નથી? મને સવારે જ કેમ ન કહ્યું?'

'કાલ રાતે કહ્યું'તું ને?' અમીના બોલી.

'રાતે કહ્યું'તું?' સામે કરડાકીથી ગફુરે કહ્યું, 'રાતે કીધેલું સવારે યાદ રાખવું ખરૂં?' અને પોતાના કર્કશ અવાજમાં વધુ ક્રોધ ઉમેરી ચલાવ્યું, 'વાહ શાહજાદી! અનાજના ભંડાર તે ક્યાંથી ભર્યા હોય? પાંચ વાર નીરાંતે આરોગો છો અને પછી માંદા બાપની ક્યાંથી પડી હોય? આજથી કોઠારને તાળું દઇને કુંચી મારી પાસે રાખવાનો છું. ચાલ, પાણી પીવા તો દઈશને? કાં તો તે યે નથી એમ કહીશ!'

અમીના હાલ્યાચાલ્યા વગર નીચું માથું નાખીને ઉભી રહી. તરશ છીપાવવા પાણીનું ટીપું યે ન મળ્યું એટલે ગફુર પોતાની જાતનું ભાન ભુલી ગયો અને આગળ વળીને અમીનાને એક અડબુથ ચોડી દીધી ને બોલ્યો, 'આળસુની પીર! ત્યારે આખો દા'ડો બેઠી બેઠી કરે છે શું? વગર મોતે મરવાની થઇ છે.'



અમીના ચુપ રહી. થોડી વારે માટીનો ઘડો લઇ, આંસુ લુછતી લુછતી ધીમેધીમે પાણી ભરવા ચાલી. જેવી અમીના ગઇ કે ગફુરનું હૃદય ચીરાઇ ગયું. તે એકલો જ જાણતો હતો કે આ મા વગરની છોકરીની તેણે કેટલી સંભાળ લીધી હતી. તેને યાદ આવ્યું કે બીચારી માયાળુ છોકરીનો મુદ્દલ વાંક નહોતો. જેટલા ચોખા તેના ખેતરમાં પાકતા તે એના ભરણપોષણ સારૂ પુરતા ન હતા. ક્યારેક તેને એક ટંક જ ખાવાનું મળતું, અને ક્યારેક તો અપવાસ પણ કરવા પડતા. અમીના પાંચ વખત ખાય એ વાત બનવાજોગ જ નહોતી. પાણી નહોતું તેનું કારણ પણ ગફુરથી અ-જાણ્યું ન હતું. ગામમાં જે બે ત્રણ તળાવ હતાં તે સુકાઇ ગયાં હતાં અને જમીનદારના ખાનગી તળાવ-માંથી કોઇને પાણી લેવાની રજા નહોતી. જે બે ત્રણ વીરડા હતા તેની આસપાસ લોકોનાં ટોળાં ગીરદી કરતાં, તેથી આ નાની છોકરીનું કંઇ ન ચાલતું. વળી મુસલમાન એટલે અસ્પૃશ્ય હોવાથી તેને તો દૂર ને દૂર રહેવું પડતું. કલાકના કલાક કરગર્યા કરે ત્યારે વળી કોઇ દયાળુ તેના ઘડામાં થોડું પાણી રેડતું. કાં તો આજે પાણી જ નહિ હોય અથવા કોઇએ આજે દયા નહિ ખાધી હોય એમ વિચારી ગફુર રડી પડયો.

એ જ વખતે જમના દૂત જેવો જમીનદારનો માણસ આવી ચડયો: 'ગફુર ઘેર છે કે?'

'હા, શું છે?' ગફુરે કડકાઇથી કહ્યું.

'જમીનદાર સાહેબ બોલાવે છે.'

'પણ હજી હું જમ્યો નથી. મોડેથી આવીશ.'

'નહિ આવ તો લાતો મારી ઢસડીને લઇ જવાનો હુકમ છે.' નોકરે ઉદ્ધતાઇથી જણાવ્યું.

ગફુર બીજી વખત ભાન ભુલી ગયો, 'હું કાંઇ કોઇનો ગુલામ નથી તેમજ ગુનેહગાર પણ નથી. મારા કર બરોબર ભરૂં છું.'

શું થયું તેનું વર્ણન નિરર્થક છે. બે કલાક પછી ગફુર જ્યારે જમીનદાર પાસેથી ધીમે ડગલે પાછો ફર્યો ત્યારે તેને મોઢે લોહીના રેલા ચાલ્યા જતા હતા. આખું મોઢું ઘવાએલું અને લોહીથી તરબોળ હતું.

આ બધા મહેશના પ્રતાપ હતા. તે ગફુરને ઘેરથી છુટીને જમીનદારના બાગમાં પેઠો હતો અને થોડાંક ફુલઝાડ કચરી નાખ્યાં હતાં. જ્યારે માણસો

પકડવા આવ્યાં ત્યારે જમીનદારની સાથી નાની છોકરીને પછાડીને નાસી ગયો હતો. આવું પહેલાં બનેલું, પણ જમીનદારે ગફુરના કાલાવાલા સાંભળીને ગરીબ જાણી છોડી દીધેલો. પરંતુ આજે નોકરે ગફુરના



આકાશ સામું જોઇને તે બોલ્યો, 'ઓ ખુદા...

તીનપાંચપણાની વાત કરી હતી. ગફુરે મુંગે મોઢે માર ખમી લીધો. ભુખતરસ બધું ભુલી ગયો. તેનું હૃદય વેદનાથી કળતું હતું. કેટલો વખત ઘરમાં બેભાન પડી રહ્યો તેનું એને ભાન નહોતું. પણ એકાએક આંગણામાંથી અમીનાની ચીસ સાંભળીને તે સફાળો જાગ્યો અને બહાર દોડી આવ્યો. અમીના જમીન ઉપર પડી હતી. બાજુમાં ફુટેલો ઘડો પડ્યો હતો. પાસે મહેશ ઝટઝટ પાણી ચુસી જતો હતો. એક ક્ષણમાં ગફુર ત્રીજીવાર પોતાનું ભાન ભુલ્યો અને પાસે પડેલો જુના હળનો હાથો લઇને મહેશના માથામાં એક સજ્જડ ફટકો લગાવ્યો ! મહેશે એકવાર ઉંચું જોવાનો પ્રયત્ન કર્યો, પણ એટલામાં તે લથડ્યો. તેનું થાકેલું શરીર જમીન ઉપર પડ્યું. તેની આંખમાંથી લોહીનાં આંસુ નીકળી પડ્યાં અને ઉંડો શ્વાસ નાખી લાંબા પગ કરીને કાયમને માટે સુતો !

'બાપા, બાપા, ગજબ કર્યો. આપણા મહેશને મારી નાખ્યો !' અમીના ચીસ નાખી ઉઠી.

પણ ગફુર તો દિગ્મૂઢ ને અવાક્ બની મહેશની કાળી ફાટી આંખો સામે જોતો ઉભો હતો.

થોડીવારમાં આસપાસનાં માણસો ગીધની જેમ મહેશને કસાઇખાને લઇ જવા ઉલટ્યાં. ગફુરને કમકમાટી વછુટી અને એણે આંખો મીંચી દીધી. કોઇકે તેને કહ્યું, 'જમીનદાર સાહેબે તારા પાપની શિક્ષા જોવડાવવા ગોર મહારાજને બોલાવ્યા છે.'

ગફુરે જવાબ ન આપ્યો, પણ હાથમાં માથું ઢાંક દઇને બેઠો. તે રાત્રે, મોડેથી તેણે અમીનાને ઉઠાડી, 'બેટા, ચાલ.'

અમીના આંખો ચોળતી ઉઠી, 'ક્યાં બાપા ?'

'શહેરમાં મીલની મજુરીએ.'

અમીના આભી થઇ ગઇ. પહેલાં તેના બાપે ત્યાં જવા ઘણીવાર આનાકાની કરેલી અને ઘણીવાર તેને કહેતાં સાંભળેલો કે ત્યાં છોકરીઓની લાજ સચવાતી નથી.

'વાર લગાડ મા. આપણે લાંબે રસ્તે જવાનું

છે.' ગફુરે કહ્યું.

અમીના રકાબી તથા પાણીનું વાસણ લેતી હતી તેને ગફુરે રોકી. 'રહેવા દે. ભલે જમીનદારનાં માણસો મહેશના ખૂનના બદલામાં એ જપ્ત કરે.'

છોકરીનો હાથ પકડીને તે ઘરમાંથી નીકળ્યો. ફળીઆમાં જે ઝાડ સાથે મહેશને બાંધતો તે ઝાડ પાસે આવ્યો એટલે ગફુરે પોક મુકી- મુક્તકંઠે રડ્યા પછી આકાશ સામું જોઇને તે બોલ્યો, 'ઓ, ખુદા! મને તો તારે કરવી હોય તે નસીહત કરજે, પણ એટલું યાદ રાખજે કે મહેશ ભુખ અને તરસનો માર્યો મુઓ છે. જેમણે તેને ખડનું તરણું કે પાણીનું ટીપું નથી મળવા દીધું તેની બરોબર ખબર લેજે, તું પરવરદીગાર!'

(અનુવાદ) ઉપેન્દ્ર જી. ભટ્ટ

જ્યુજુત્સુ





જ્યુજુત્સુ એટલે જાપાની કુસ્તી. હમણાં હમણાં દુનીઆના ઘણાખરા દેશોમાં આ કુસ્તી બહુ જાણીતી અને માનીતી થઇ પડી છે, કારણકે તે આત્મરક્ષણ માટે બહુ ઉપયોગી અને વળી ઘણી સહેલી છે. સંકટમાં આવી પડેલો હરકોઇ સામાન્ય માણસ પણ જો જ્યુજુત્સુ જાણતો હોય તો, પોતાના પર હુમલો કરનાર ગમે તેવા બળવાન માણસને પણ હંફાવી પોતાનો બચાવ કરી શકે છે. અને તે સહેલી તો એટલી છે કે ગમે તે સાધારણ બળવાળો માણસ પણ એ શીખીને અજમાવી શકે છે. આ નીચે તેના દાવપેચ અને તે અજમાવવાની રીત ચિત્રો સાથે હપતે હપતે આપતા રહીશું.

(૧) ભોંય પડ્યા પડ્યા પોતાના પર હુમલો કરનાર વિરોધીને મહાત કરવો હોય તે વેળા આ યુક્તિ કામની છે. (૨) તમને પડેલા જોઈ, લલચાઇને તમારો દુશ્મન જેવો હુમલો કરવા પાસે આવે, કે તરત જ ચપળતાથી તમારા એક પગનો પંજો તેના આગલા પગની ઘુંટી પાછળ ભેરવો, અને ઝડપથી બીજા પગ વડે તેના એ જ પગના ઘુંટણ પણ જોરથી પ્રહાર કરો. એટલે તે ભોંયભેગો થશે.

(૩) ધારો કે તમારા વિરોધીએ તમારા હાથનું કાંડું પકડ્યું છે. (૪) તો એ પકડાએલા હાથને, અંગુઠો ઉપર રહે તેવી રીતે કોણીમાંથી વાળો અને પછી (૫) એક જ ઝટકે તમે તમારૂં કાંડું છોડાવી શકશો.

(૬) તમે જમીન પર ચત્તા પડ્યા છો અને દુશ્મન તમારા પર ચડી બેસવા આવે છે. (૭) તરત જ એના જમણા હાથનું કાંડું પકડી એની એ જ બગલમાં તમારો ડાબો ઘુંટણ ઉચકીને જોરથી ભરાવો, અને એના ડાબા પગની પીંડીમાં તમારો જમણો હાથ ભેરવી ખેંચો અને એના પગ પર શરીરનું વજન આવે એમ રહો.

(૮) તમે ભોંય પડ્યા છો, અને દુશ્મન પોતાનો પગ તમારા શરીરની બહુ નજીક લાવી ગયો છે. એ વેળા બીજા નંબરની યુક્તિ નકામી છે. કંઈ નહિ; જરા સાવધ બની એના એ આગલા પગની ઘુંટીને જોરથી પકડી મરડો, અને એ પગના ઘુંટણ પર તમારો બીજો પગ જોરથી દબાવો. (૯) આ દાવથી તેને ભોંયભેગું થવું જ પડવાનું અને એમ થાય કે તરત તમે બેઠા થઇ એ જ ઘુંટીને બગલમાં દાબી મચક આપવી એટલે દુશ્મન તાબે.





[ચાલુ]

વેર કેમ લેવાય ?

'મહાદત્ત, હજુ જલ્દી.'

કાશીને માર્ગે એક ગાડી તાબડતોબ જતી હતી. પળે પળે માત્ર ચાબુકના અવાજ આવતા.

પણ હવે ચડઉતર રસ્તો આવ્યો એટલે ચાબુક પણ નકામી હતી. પાંડુ શેઠે ગાડીમાંથી બહાર ડોકીઉં કર્યું તો એક બૌદ્ધ સાધુ એમની નજરે ચડયા. એમના એકેએક અંગમાં પ્રભુનાં નીશાન હતાં.

'આપને કઇ તરફ જવું ?' પાંડુ શેઠે મમતાભર્યા અવાજે પુછ્યું.

'વારાણસી.' આ ટૂંકા જવાબમાં પણ જાદુ હતું.

'તો તો બેસી જાઓ.' કાશી પહોંચવા અશાંત બનેલા મનને શાંત કરવા પાંડુ શેઠે ઉપાય શોધ્યો.

ચાલી ચાલીને થાકી ગએલા સાધુથી ના ન પડાઇ. ઘડી બે ઘડીમાં તો બંને જણ મોહ અને મોક્ષની ગહન વાતોમાં ગુંથાઇ ગયા.

ત્યાં ગાડી ઓચીંતી ઉભી રહી ગઇ અને એના આંચકાથી વાતમાં ભંગાણ પડયું. આગળ નજર કરી તો ચોખાની ગુણોથી ભરેલું એક ગાડું રસ્તો રોકી ઉભું હતું.

આ જોતાં વેંત જ શેઠનું મગજ તપી ગયું. 'મહાદત્ત, મુઢ માફક બેસી શું રહ્યો છે ? ઉતર નીચે, અને આ ગાડામાંથી કોથળાઓ ફેંકી દે. એટલે ગાડું સહેલાઇથી ફરી શકશે.'

કમને પણ ગાડીવાળાએ શેઠનો હુકમ પાર પાડ્યો અને ગાડી આગળ ચલાવી.

પણ ત્યાં તો એક પણ અક્ષરનો ઉચ્ચાર કર્યા વિના સાધુ બહાર કુદી પડયા.

'કેમ, કેમ ?' શેઠે અધીરાઇથી પુછ્યું.

'બાપુ, ક્ષમા. આ ગરીબ ખેડુતના ચોખા ધુળ ભેગા કર્યા એમાં તમને શું મળ્યું. એણે બીચારાએ તો પોતાનું બધું ખોયું. હું હવે એને વીણવામાં મદદ કરીશ.'

'આપ તો પ્રભુના માણસ છો. કોઇ દુનીઆદારીને તો આવી નિરર્થક દયા ન પાલવે.' હસીને આટલું કહી શેઠે ગાડું આગળ હંકાવી મુકયું. દયાની એક દૃષ્ટિ નાખી સાધુ એને જોઇ રહ્યા.

પછી સાધુ ગાડાવાળા દેવળને મદદ કરવા ગયા. ચારે કોર વેરાઇ ગએલા ચોખાને બંનેએ વીણીને સાફ કરી નાખ્યા. દેવળને આ અદ્દભુત લાગ્યું.

બધું પરવારી રહ્યા એટલે દેવળે ગાડું આગળ ચલાવ્યું. સાધુ પણ એમાં જ બેસી ગયા. રસ્તામાં બંને અપકાર અને ઉપકાર પર વિવાદ કરતા હતા ત્યાં દેવળની નજરે એક સાપ પડયો, અને એ જોઈ બીકને લીધે એનાથી ચીસ નીકળી ગઇ.

પણ આ કેવળ ભ્રમ હતો. બારીકાઈ થી સાધુએ જોયું તો એ સાપ નહિ પણ સોનામહોરોથી ભરેલી કેડે બાંધવાની વાંસળી હતી. તરત જ એમણે ધારી લીધું કે એ પાંડુ શેઠ સીવાય બીજા કોઇના હોય નહિ. એટલે સાધુએ દેવળને કહ્યું, 'ભાઇ, અપકારનો બદલો ઉપકારથી વાળવો એ મેં તને હજુ હમણાં જ કહ્યું. તારે માટે એ તક આવી પહોંચી છે. તારા ચોખા જેમણે વેરી નખાવ્યા એ શેઠની જ આ વાંસળી છે. એમને એ તું ન આપી આવે ?'

દેવળને આ વાત જરા ન રૂચી. પણ સાધુને એ ના પાડી શકે એમ ન હતું. ઘણી વારે એણે ડોકું હલાવી હા કહી.

'તો આટલું સાંભળી લે. શેઠનું નામ તો તું જાણે છે. એમના ઘોડાવાળાનું નામ મહાદત્ત. તેઓ વારાણસી જવાના હતા. તું હવે આટલું કર તો એથી અધિક કશું નથી.'

જવાબમાં દેવળે ફરી ડોકું હલાવ્યું એટલે સંતોષથી સાધુએ એની રજા લીધી.

૨

કાશીએ જઇને દેવળ જુએ છે તો કાંઇ નવો જ તમાસો હતો. બજારચોકમાં મહાદત્તની પીઠ પર સીપાઈના કોરડા પડતા હતા. તપાસ કરતાં દેવળને જણાયું કે મહાદત્ત એના શેઠની સોનામહોરોની વાંસળીની ચોરીના આરોપ માટે પકડાયો હતો. આ સાંભળતાં તો દેવળનું હૈયું ધ્રુજી ઉઠયું. તરત જ તેણે ત્રાડ પાડી, 'એ નિર્દોષને ન મારો; વાંસળી તો આ રહી.'

આખી મેદનીની નજર દેવળ પર ગઇ. અમલદારોની આંખો પોતાની મુર્ખાઇ વિચારતાં ફાટું ફાટું થઇ રહી.

દેવળે વાંસળી વીશે બધી હકીકત કહી, એટલે મહાદત્તને છોડી મુકવામાં આવ્યો. પણ પાંડુ શેઠ સામે મહાદત્તનું દિલ વેરથી બળતું હતું. એ વેરમાં ને વેરમાં એ કયાંક અદૃશ્ય થઇ ગયો.

પાંડુ શેઠનું મન વિચારોથી ઉભરાવા લાગ્યું. દેવળની ઉદારતાનો ખ્યાલ કરતાં તેમને પોતા તરફ તિરસ્કાર છુટયો.

પણ એટલામાં એને પેલા સાધુ સાંભર્યા શેઠે નક્કી માની લીધું કે દેવળની આ ભલમનસાઇનું મુળ કારણ તો એ સાધુ જ હશે આથી એમને મળવાની શેઠને તીવ્ર ઉત્કંઠા થઇ. એમનું નામ નારદ છે એટલું તો ગાડીમાં વાતવાતમાં શેઠે જાણી લીધું હતું.

એક પછી એક બૌદ્ધ વિહારમાં પાંડુ શેઠે નારદ નામના શ્રમણની તપાસ આદરી. આખરે પત્તો મળ્યો. શેઠ એમના ચરણમાં ઢળી પડયા. 'આપનો ઉપકાર કેમ કરી વાળીશ?' શેઠે આર્ત સ્વરે પુછ્યું.

નારદ તો કાંઇ જ ન બોલ્યા; માત્ર થોડું હસ્યા.

'મારી એક વિનતિ સ્વીકારશો ? કોસામ્બી નગરીમાં એક બૌદ્ધ વિહાર બંધાવવા મારૂં મન તલસે છે. આપ ત્યાં પધારી લોકોને સન્માર્ગે ચડાવવાનું માથે ન લો ?' શેઠે યાચના કરી. નારદે એટલું સ્વીકાર્યું.

થોડા માસમાં તો કોસામ્બીમાં બૌદ્ધ વિહાર બંધાઇ ગયો. દેશદેશનાં ધર્મપ્રેમી લોક શ્રમણ નારદનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યાં. ટુંક સમયમાં તો આ બૌદ્ધ વિહારની ખ્યાતિ ચોમેર ફેલાઇ ગઇ.

અને સાથે સાથે પાંડુ શેઠની કીર્તિ પણ આથી બહુ વધી ગઇ. દેશના મોટામાં મોટા ઝવેરીઓમાં પણ એમનું નામ પહેલું ગણાવા લાગ્યું.

૩

ઓચીંતા એક દિવસ શેઠને પાસેની નગરીના રાજા માટે સોનાનો એક મુગટ બનાવવાનો હુકમ મળ્યો. બહુ જ મહેનતથી બને તેટલો સુંદર મુગટ એમણે તૈયાર કર્યો. રાજા કદાચ વધારે ખરીદી કરે એમ ધારી થોડાં બીજાં જવાહીર પણ સાથે લઇ, શેઠ એ નગરી તરફ જવા નીકળ્યા સાથે હથીઆરબંધ માણસો હતાં.

ને તો ય રસ્તામાં શેઠ લુટાયા. લુટારૂઓના એક મોટા ટોળાએ શેઠને પળવારમાં ભીખારી કરી નાખ્યા.

શેઠને આ લુટથી ભારે નુકસાન પહોંચ્યું અને ગરીબાઇમાં ઉતરી ગયા. આ આવી પડેલા સંકટને અંગે બૌદ્ધ વિહાર કાઢી નાખવો પડશે એ વિચારે એમના દિલમાં દુ:ખની કંપારી છુટી.

એ જ સાંજે નારદ એ રસ્તે થઇને જતા હતા. એક હાથમાં પુસ્તકોથી ભરેલી ઝોળી અને બીજા હાથમાં ભિક્ષાપાત્ર સીવાય એમની પાસે ત્રીજું કાંઇ યે ન હતું. પેલા લુટારાઓએ એમને પણ જતા રોક્યા. કશું યે પડાવી લેવાજોગ નારદ પાસેથી ન નીકળ્યું એટલે ગુસ્સામાં ને ગુસ્સામાં એમણે સાધુને ખુબ માર માર્યો. સાધુ તો બીચારા આખી રાત ત્યાં ને ત્યાં પડી રહ્યા.

સવારે માંડ ઉઠીને નારદે જોયું તો ગઇ કાલે પોતાને લુટનાર ટોળા તથા એક બીજા લુટારૂઓના ટોળા વચ્ચે ઝપાઝપી થતી હતી ગઇ કાલના ટોળાનો એમાં કચ્ચરઘાણ વળી ગયો. એક લુટારો એમાં બહુ ઘાયલ થયો હતો એટલે એને પડયો રહેવા દઇ સૌ પલાયન કરી ગયા.

બધાના જવા પછી નારદે ત્યાં જઇને જોયું તો ગઇ કાલે પોતાને માર મારવામાં જે સૌથી આગળપડતો હતો એ જ લુટારો દુ:ખથી પીડાતો ત્યાં પડયો હતો.

બંનેએ એકબીજાને ઓળખ્યા. લુટારાની આંખ-

માંથી આંસુ સર્યા. નારદ લુટારાની માવજત કરવા માંડી, પણ એનો અંત પળે પળે પાસે આવતો હતો.

'મારૂં એક કામ કરશો?' લુટારાએ માંડમાંડ પુછ્યું. વળી એણે શ્વાસ ખાઇ લંબાવ્યું. 'તમે મને નહિ ઓળખતા હો. મારૂં નામ મહાદત્ત. હું પાંડુ શેઠનો ગાડીવાળો.'

નારદ આશ્ચર્યથી મહાદત્ત સામું જોઇ રહ્યા.

'પાંડુ શેઠ સામે વેર લેવા હું લુટારો બન્યો, એમનું હતું એટલું લુટી લીધું. મારા મનને શાંતિ વળી......' મહાદત્ત જરા અટક્યો. આંખનાં આંસું લુછી તેણે આગળ ચલાવ્યું, 'પણ ના; મારી ભુલ હતી. અપકારને પણ ઉપકારથી વાળવો એ આજ તમે મને શીખવ્યું. મને એમાં જ ખરી શાંતિ લાગે છે.'

મહાદત્તને આટલું બોલતામાં ડચકું આવ્યું, એના અંગની નસો ખેંચાવા લાગી.

'બાપુ, હવે......આટલું કર...જો. જુઓ...' એણે આંખથી ચીંધ્યું: 'જુઓ; પેલી દૂરની ગુફામાં પાંડુ શેઠનું બધું ધન પડ્યું હશે. તમે એ બધું એમને પહોંચાડશો? મને એથી જ સાચી શાંતિ વળશે.'

નારદે હા કહી. ત્યાં તો મહાદત્તને વળી એક ડચકું આવ્યું, અને એની આંખો ઢળી પડી.

એકલે હાથે મહાદત્તનો અગ્નિસંસ્કાર પતાવી નારદ પાંડુ શેઠ પાસે ગયા ને બધી વાત કહી. મહાદત્તે કહી હતી એ ગુફામાંથી બધું ધન નીકળ્યું. એને લીધે બૌદ્ધ વિહાર બંધ થતો અટક્યો. એ દિવસથી પાંડુ શેઠનાં મદ ને ગર્વ ચાલ્યાં ગયાં. એમણે ચોક્કસ માન્યું કે દેવળ કે મહાદત્ત પોતાના કરતાં કોઇ રીતે ઓછા તવંગર નહોતા.

ચ.

['શ્રમણ નારદ' નામની વાત પરથી તારવીને]

મેટ્રિક થઇને શું કરશો?

સર્જનહારની સૃષ્ટિ



ગરુડ

દુનીઆ આખીનાં પક્ષીઓમાં સૌથી જોરાવર, બધા કરતાં અનેકગણી ઝડપથી ઉડનારૂં અને સૌથી ઉંચે વસનારૂં તથા ફરનારૂં પક્ષી તે ગરુડ. માટે જ તે પક્ષીઓનો રાજા કહેવાય છે. અને આપણાં પુરાણોમાં પણ, ભક્તોના સંકટ સમયે ત્વરાથી વહારે ધાનાર દેવાધિદેવ વિષ્ણુના વાહન તરીકે ગરુડને કલ્પ્યું છે તે આ જ કારણથી હશે.

કુદરતમાં વસનારા અને બારીક અવલોકન કરનારને માલુમ હશે કે ઘણીવાર આકાશમાંથી એક પડછાયો, વીજળીના ચમકારાની માફક, સપાટાબંધ પસાર થઇ જતો હોય એવો આપણને ભાસ થાય છે. જમીન પરનાં બધાં પ્રાણીઓ–સસલાં, હરણ, ઘેટાં, બકરાં ને નાનાં મોટાં પંખીઓ–બધાં બરોબર જાણે છે કે એ ઝપટ ગરુડની. સૌકોઈ એ જોઇ કાંતો ને કાંઇ ઓથ શોધી લપાઈ જાય છે. પણ હજી તો એમને પુરૂં ભાન પણ ન થયું હોય—લપાયાં પણ ન હોય, ત્યાં તો એકાએક જમીન પર એક ધીમો ભફાકો

સંભળાય છે. કોઇ પંખી કે પ્રાણીની આછી ચીસ સંભળાઇ ન સંભળાઇ, અને તીણા લોખંડી નહોરમાં મજબુત સપડાએલું ને તરફડતું તેને ઉપાડી એક પળમાં તો ગરુડ અદૃશ્ય થાય છે.

એ પક્ષીરાજ વીશે ઘણી અદ્‌ભુતતાઓ છે. એક તો અગાધ–અમાપ ઉંચાઇએ ઉડવાની એની શક્તિ; બીજી એની અતિશય તીણી નજર. ગરુડ એટલી બધી ઉંચાઇએ ઉડે છે કે આપણે નરી આંખે એને ભાગ્યે જ જોઇ શકીએ; પણ તેની દૃષ્ટિ એટલી તીક્ષ્ણ હોય છે કે એટલી ઉંચાઇએ રહ્યું રહ્યું એ જમીન પરની દરેક ચીજ સ્પષ્ટ જોઇ શકે છે, અને એક પળમાં તો પોતાના શીકાર પર તુટી પડી તેને લઇ અદૃશ્ય થાય છે!

આટલી હેરત પમાડનારી ઝડપ એ એની ત્રીજી અદ્‌ભુતતા. જમીન-પરનાં પ્રાણીને એના દેખાવનું પુરું ભાન ન થાય ત્યાં તો એનો પોલાદી પંજો પડ્યો જ છે! વીજળીના ઝબ-કારાની માફક એ એટલી ઉંચાઇનું અંતર કાપી નીચે આવે છે. અને તમે સાંભળીને અજબ થશો કે ઘણીવાર, જ્યારે ગરુડ રમતે ચડે છે ત્યારે, તે પોતાના પંજામાંના શીકારને ઉડતાં ઉડતાં અધરથી પડતો મુકે છે; પણ એ શીકાર નીચે જમીન પર પડે તે પહેલાં તો, ઝડપથી ઉડી આવી, એને અદ્ધરથી જ ઝડપી લઇ લે છે!

જીવતું ગરુડ તો ભાગ્યે જ જોવા મળે. પણ ચિત્રમાં યે ગરુડને પુર બહારમાં જોવું હોય તો કોઇ અમાપ ઉંચાઇએ ઉડતું કે બેઠેલું જોવું. ચોમેર ગગનચુંબી ગિરિશિખરો, અને તેથી યે ઉંચે ઉડતો એ પક્ષીરાજ!

ગરુડનાં ઈંડાં બહુ કીમતી ગણાય છે અને બહુ ભારે કીમતે મળે છે, કારણકે એ મેળવતાં શીકારીઓને જીવસટોસટનાં સાહસો ખેડવાં પડે છે. કોઇ અમાપ ઉંચાઇનાં સીધી ચઢાણોવાળા પર્વતોની કરાડની વચ્ચોવચ બખોલમાં સાંઠીકડાં ને ઘાસનો છાએલો તેનો માળો હોય છે, ને તેની વચ્ચે બે કે ત્રણ સફેદ ઈંડા પડ્યાં હોય. છાતીધડા શીકારીઓ તે લાવવા મોટાં સાહસો ખેડે છે. અને તેમાં યે ગરુડને ખબર પડે તો તો શીકારીને તેની સામે જીવસટોસટનો મુકાબલો કરવો પડે છે. સુસવાટા કરતી પાંખોની સજ્જડ ઝાપટો પર ઝાપટો મારતું તે શીકારી પર તુટી પડે છે, અને ભાલા જેવી તીણી ચાંચ વડે તેના મોં અને આંખો પર



હુમલા કરે છે. શીકારી હોંકારા કરીને અને બાહોશીથી લડીને તેને મારી હઠાવી ન શકે તો તેનું આવી જ બન્યું સમજવું.

છંછેડાએલા ગરુડ સામે મુકાબલો કરવો કેટલો ભારે થઇ પડે છે એના ગઇ લડાઇ વખતે બનેલા ઘણા દાખલા એરોપ્લેનમાં ઉડનારાઓ કહે છે. પોતાના જેટલી અમાપ ઉંચાઇએ ઉડનારૂં આ વળી કોણ નવું પ્રચંડ પક્ષી જાગ્યું, એમ સમજી તે એરોપ્લેન પર હુમલો કરે છે, અને અતિશય ઝડપથી ઉડનારાં એરોપ્લેનની પણ લગોલગ રહીને અંદરના ઉડણીઆને હેરાનહેરાન કરી નાખે છે. એવા જાણવા જેવા બે દાખલા અહીં આપીએ છીએ.

એકવાર એક બ્રિટિશ ઉડણીઓ એરોપ્લેન લઇ ધુમ્મસ વચ્ચેથી પોતાનો માર્ગ ઝપાટાબંધ કાપી રહ્યો હતો, એવામાં એકાએક એના ઉપર કોઇ ક્રોધે ભરાએલા પ્રચંડ ગરુડે હુમલો કર્યો. ગરુડે જોસભેર સીધી એરોપ્લેનના આગલા પંખા પર ઝડપ મારી અને તેને તોડી પાડ્યો. ઉડણીઆને ભાંગેલું એરોપ્લેન લઇ પૃથ્વી સુધી પહોંચવું ભારે થઇ પડ્યું, પણ યુક્તિથી બચી ગયો.

બીજો એક ઉડણીઓ પહાડો પરથી એરોપ્લેન લઇ પસાર થતો હતો, એવામાં એક ગરુડ વેગભરી ઝડપે એરોપ્લેનની આસપાસ ઘુમતું દેખાયું. ગરુડને થયું હશે કે પોતાની આટલી ઉંચાઇએ ઉડવાના રાજ્યની હદમાં આ વળી નવો દુશ્મન કોણ! એવામાં ગરુડે અંદર બેઠેલા ઉડણીઆનું માથું હાલતું જોયું, અને તેના પર હુમલો કર્યો. ઉડણીઓ ગભરાટમાં પડ્યો કે હવે શું કરવું! જાત બચાવવી કે એરોપ્લેન? સુભાગ્યે તેને પોતાની બાજુએ પડેલી રિવૉલ્વર યાદ આવી, અને તે ઉપાડી તેણે થોડા બાર કર્યા. એથી ગરુડ ઘાયલ ન થયું, પણ ધડાકા અને ભડકાથી ચમકીને નાસી ગયું.

દુનીઆના લગભગ બધા દેશોમાં તે થાય છે; અને તેમનામાં પણ જુદીજુદી અનેક જાતો હોય છે. 'ધોળી પુંછડીવાળાં' ગરુડ ઘણુંખરૂં દરીઆ કીનારા પરનાં પહાડી શિખરો પર વસે છે, અને માછલાં તથા નાનાં પ્રાણીઓના શીકાર પર જીવે છે.

'સોનેરી ગરુડ' નામની એક જાત સ્કૉટલંડમાં થાય છે. તેના શરીરનો રંગ તો ઘેરો તપખીરીઓ હોય છે, પણ તેના ગળાપરનાં પીંછાં ચમકતા પીળા રંગનાં હોય છે, અને તે પર સૂર્યનાં કિરણો પડતાં તે સોના જેવાં ઝળકી ઉઠે છે. આ જાતનાં ગરુડને પાળીને બાજની પેઠે તેને શીકારના ઉપયોગમાં લેવામાં આવે છે.

ગરુડ જોરાવર તો ઘણું જ હોય છે. જમીન પરથી તે નાનાં મોટાં પંખીઓ ઉપરાંત સસલાં, હરણાં, ઘેટાં ને ઘણીવાર તો નાનાં વાછડાં સુદ્ધાં ઉપાડી જાય છે!

અથાણું

અથાણાનું અથાણું

કહે છે કે ઉનાળો તો અથાણાની મોસમ. પણ અથાણું નાખવાની,—અથાણું ખાવાની નહિ. બહુ અથાણું તો ઉનાળામાં ગરમ પડે. એટલે જ અમે અથાણું હમણાં થોડું થોડું આપીએ છીએ, અને નવું નાખવામાં ગુંથાયા છીએ. અધુરામાં પુરૂં આ વરસે તો કેરીઓ પણ બહુ નથી આવી. એટલે જરા તુટ તો રહેવાની જ. પણ ગુંદાં કરમદાં, લીંબુ કચરાં વગેરે છે એટલે વાંધો નહિ આવે.

*

વિનુ—રમણ, તું મુરખ લાગે છે!

રમણ—જી હા, સરદાર!

*

કેટલાક ધ્યાન બહેરા હોય છે, કોઇ બુમ બહેરા હોય છે, તો કોક તાળી બહેરા હોય છે. પાણુ પંડ્યા તોપ બહેરા હતા. એકવાર ગામમાં એજંટ ટુ ધ ગવર્નર આવ્યા તેના માનમાં તોપોના અવાજ થતા હતા. એ સાંભળી પાણુ પંડ્યા બોલ્યા, 'અરે, આ ડેલીનાં બારણાં પણ ટકોરા કોણ મારે છે?'

*

ટીકીટ તપાસનાર—હું આ ટ્રેનમાં સાત વરસથી છું.

ગામડીઓ ઉતારૂ—(આભો બનીને) ઓહો!—ત્યારે તમે કયે સ્ટેશનેથી બેઠા'તા?

*

જો જો ! ભનશો

કૌતક એ બહુ અજાયબજેવી ચીજ છે. એ માણુસ પાસે શું શું નથી કરાવતું ?

જુઓને, આ પ્રત્યક્ષ દાખલો ! તમારે આ વાંચવા સારૂ પાનું ઉલટાવવું પડયું ને ?

*

લગનગાળાના દિવસો ચાલતા હતા. માસ્તર, છોકરાઓને શું ખાઇને આવ્યા છો એમ પુછતા હતા. બેચાર છોકરાઓએ કહ્યું લાડુ ખાઇને આવ્યા છીએ. રસુલમીયાંનો વારો આવ્યો. મીયાં જાણે હું રહી ગયો, એટલે પોતે પણ બોલ્યા, 'જી, હું બી લાડુ ખાઈને આવ્યો છું.' મીયાં 'બી' અને 'લાડુ' એકહું બોલી ગયા, એટલે છોકરા હસી પડયા.

*

'શું કહું દોસ્ત ! મારા બાપ મોટા જાદુગર હતા. જાદુ કરીકરીને બહુ પૈસા એકઠા કર્યા. પણ હું જાદુ કરવા લાગ્યો, ત્યારે તો બાપાએ મને કાઢી મુકયો.'

'એમ કેમ ? તમે કેવો જાદુ કરતા હતા ?'

'હું પૈસાનું પાણી કરતો હતો.'

*

અંબુ—(ડાવકાઇથી) દોસ્ત, મારૂં એક કામ કરને !

બાબુ—શું ?

અંબુ—જરા દસ રૂપીઆ ઉછીના નાખને !

*

પ્રેમચંદ પારેખ બહુ વલવલીઆ હતા. એક દહાડો દાકતર આગળ જઇ ફરીઆદ કરવા લાગ્યા કે 'દાકતર સાહેબ, મારા માથાના વાળ કરતાં મુછના વાળ કેમ વહેલા ધોળા થઇ જતા હશે ?'

'કારણકે તમે તમારા મોંને જેટલી મહેનત આપો છો તેટલી મગજને આપતા નથી.' દાકતરે રોકડો જવાબ આપ્યો.

*

'એ, હોટલવાળા !

'શું લાવું શેઠ ? બાસુદી, પુરી, શાક...?'

'અમદાવાદનું શું વખણાય છે ?'

'જુમામસીદ, કાંકરીઉં, શાહઆલમનો રોજો, હઠીસીંગની વાડી......'

*

ફકીર—(સાતમે માળે બેઠેલા શેઠને) નીચે આવોને, જરા કામ છે. (શેઠ નીચે આવ્યા તેને) એક પૈસો આપોને.

શેઠ—(તેને ઉપર સાતમે માળે લઇ જઈ) છુટા નથી !

ઠંડું  પાણી

ઉનાળાના દિવસોમાં આપણે ઠંડાં પીણાં અને ઠંડક કરનારી વસ્તુઓ—શરબત, બરફ, આઇસ્ક્રીમ વગેરે વાપરીએ છીએ. પણ તમને જાણીને નવાઇ લાગશે કે એ વસ્તુઓ આપણે અવિચારીપણે વાપરતા હોવાથી ઘણીવાર લાભને બદલે નુકસાન જ થાય છે. આ લેખ વાંચી જશો તો સમજાશે.

ઋતુ બદલાય તે પ્રમાણે કુદરતીરીતે જ આપણી રૂચીમાં ફેર પડે છે. હવાફેર મુજબ સ્વાદફેર થવો જ જોઇએ. શરદી કે ભેજવાળી હવા હોય ત્યારે આપણને કંઇક ગરમ વસ્તુઓની ઇચ્છા રહે છે. કુદરત પણ આપણી આ વાત માનતી હોય તેમ જણાય છે. ચોમાસું વરસી ગયા પછી શીઆળા સારૂ એ બાજરીનો ગરમ ખોરાક તૈયાર કરે છે અને શીઆળો ઉતર્યે એ ઘઉંનો પાક લાવે છે. કુદરતની ગોઠવણ જ એવી છે કે ઋતુફેર પ્રમાણે આપણા ખાનપાનમાં ફેરફાર થાય.

વળી એક બીજી વાત ધ્યાનમાં રાખવા જેવી છે. આપણા શરીરમાં હમેશાં ગરમીનું પ્રમાણ વધે ઘટે છે. ઋતુફેર પ્રમાણે હવાપાણી બદલાય અને તેથી આપણા શરીરમાં પણ ગરમી ઓછીવત્તી થાય. માણસે પુરા તંદુરસ્ત રહેવું હોય તો શરીરમાં આશરે ૯૭$\frac{1}{2}$ થી ૯૮ ડીગ્રી જેટલી ગરમી જાળવવી જ જોઇએ. કારણકે આપણા આરોગ્યનો મુખ્ય આધાર શરીરની એકસરખી ગરમી ઉપર છે. ૯૭$\frac{1}{2}$ થી ૯૮ અંશ કરતાં વધુ કે ઓછી ગરમી શરીરને નુકસાન કરે છે અને બહુ ઓછી કે બહુ વધુ ગરમી તો માણસનું મોત નીપજાવે છે.

શરીરની ૯૭$\frac{1}{2}$ ડીગ્રી ગરમી જાળવવા સૌએ ખાવાપીવામાં તેમ રહેવાકરવામાં સાવધાન થવું ઘટે છે. આપણે જે કાંઇ ખાઇએ પીએ છીએ અને જે રીતે

રહીએ છીએ તેની ગરમી ઠંડીની અસર શરીરને લાગે છે જ. પણ એ બંનેની અસર સરખી—સમતોલ હોય તો જ આપણી તંદુરસ્તી સારી રહે.

એટલે ઋતુફેર થાય ત્યારે ખાસ આપણે ઠંડી ગરમીનું સમતોલપણું જાળવવું જોઇએ. શીઆળામાં બહારની ઠંડી લાગે છે અને તેથી આપણે અંદરની ગરમી ટકાવી રાખવા ગરમ કપડાં તથા ગુણે ગરમ એવી વસ્તુઓ વાપરીએ છીએ; અને ઉનાળાની ગરમી લાગે છે ત્યારે અંદરનું લોહી ખુબ ઉકળે છે—વધુ જોસથી ફરે છે અને વધુ શક્તિ બહાર ખેંચી કાઢે છે. આ વધારાની ગરમી ઓછી કરવા કુદરતી-રીતે જ આપણને ગુણે ઠંડા એવા પદાર્થો વાપરવા ગમે છે.

પણ આવા ગરમ ઠંડા પદાર્થોની વપરાશમાં ખુબ વિવેક રાખવાનો છે. ઘણાખરા લોક આ બાબત તરફ બહુ બેદરકાર માલુમ પડ્યા છે. તેઓ ગમે તેવા ગરમ કે ગમે તેવા ઠંડા પદાર્થોનો ઉપભોગ કરે છે. કેટલા ગરમ કે કેટલા ઠંડા પદાર્થો લેવા તેની યે હદ હોય છે. એ હદ ઉપરાંત વધુ ગરમ કે ઠંડું નુકસાનકારક નીવડે છે.

અતિશય ઠંડીથી શરીરના જ્ઞાનતંતુઓને અણધાર્યો ધક્કો પહોંચે છે. ઘણું ઠંડું પાણી પીવાથી દાંત કકડી જાય છે અને એનાં મજબુત મુળ ઢીલાં પડે છે. આ ઉપરાંત મગજની ને કાનની નસોને ત્રાસ પહોંચે છે અને ખાસ તો હોજરીની પાચનશક્તિ મંદ પડે છે.

પણ આપણા લોક એટલા તો અબુધ છે કે કોઇ કોઇ તો કડકડતી ઠંડીમાં પણ બરફપાણી કે બરફમાં રાખી ઠંડા કરેલા સોડા લેમન પીએ છે! વળી નાનાં બાળકો અને જુવાનીઆં મોંમાં બરફના કકડા ઘાલે છે! દરકોઇ મનુષ્યની ફરજ છે કે કોઇ પણ ચીજ મોંમાં નાખતાં પહેલાં તેણે પુરો વિચાર કરવો જોઇએ.

બહુ ઠંડું પાણી પીવું હોય ત્યારે સરસ રીત એ છે કે જે વાસણમાંથી તમે પીતા હો તેને થોડીવાર તમારા હાથમાં પકડી રાખો. આમ કરવાથી તમારા શરીરની કેટલીક ગરમી હાથનાં આંગળાં વાટે પાણીને મળશે અને તેથી ઠંડીની અસર બહુ થશે નહિ. જો તમારે ઠંડું પાણી ખોબે પીવાનું હોય તો પ્રથમ હાથ મોં ધોઇને પછી ધીમેધીમે પાણી પીજો. પાણી એકદમ ઉતાવળે પીવાથી ઘણી ઇજા થાય છે, અને તેમાં પણ ઠંડું પાણી પીવાથી તો ખાસ. કારણકે શરીરના સઘળા જ્ઞાનતંતુઓ એથી કંપી ઉઠે છે.

અમેરિકાના ફિલાડેલ્ફીઆ શહેરમાં દર વરસે ઘણા મજુર માણસ નળનું અતિ ઠંડું પાણી પીવાથી મરણ પામતા. ત્યાંના આરોગ્યખાતાએ એનું કારણ શોધી કાઢ્યું કે એ માણસો મરણ પામતા તે ઠંડા પાણીથી નહિ, પણ એ પીવાથી થતી ગરમીની અસર વડે. ઉનાળાના તાપની જેવી લુ લાગે છે તેવી અસર ઠંડા પાણીની પણ થાય છે.

સાધારણ રીતે ૧૦૦ ડિગ્રી જેટલું ગરમ ૧૪ શેર લોહી આપણા શરીરમાં ફરે છે અને જઠરને પોષે છે. એના ઉપર અતિ ઠંડા પીણાની અસર બહુ બુરી થાય છે. બરફ નાખેલા બે મોટા પ્યાલા જો કોઇ એકસામટા પી જાય તો તેમાંથી, શરીરની છે તેટલી બીજી ૯૭½ ડીગ્રી ગરમી ઉપજે થાય છે, અને એ ગરમી શરીરની ઘણી શક્તિને બહાર કાઢી નાખે છે. ઘણાનો અનુભવ હશે કે ઉનાળામાં એકસામટું ઠંડું પાણી પીવાથી ઉલટો બહુ તાપ લાગે છે, પરસેવો થાય છે, શરીર કમજોર બની જાય છે અને ઘણીવાર કળતર પણ થાય છે.

સખત તડકે ચાલીને તરસ્યા થયા હોઇએ કે પરસેવે રેબઝેબ થયા હોઇએ ત્યારે કદિ એકદમ ઠંડું પાણી પીવું નહિ. જે લોકો ઘણી ગરમ જગ્યાએ કામ કરતા હોય તેઓએ પણ ઠંડું પીણું પીવું નહિ. કાચના રસની ભઠ્ઠી આગળ, એંજીનમાં કે ખેતરના ખુલ્લા તાપમાં કામ કરનારાઓએ બહુ ઠંડી ચીજો વાપરવી યોગ્ય નથી. અને જેઓની પ્રકૃતિ શરદીની હોય તેમણે તો ઠંડાં પીણાંથી ખાસ ચેતતા રહેવું.

કોઇપણ સંજોગોમાં કોઇપણ માણસ માટે, સાધારણ શીતળ જળ ધીમે ધીમે પીવું એ સર્વથા પથ્ય છે.

આફ્રીકાના પત્રો

૪

મોમ્બાસા, તા. ૧૩-૩-૨૪


દસમી તારીખે પ્રિઝન આઈલૅન્ડમાંથી મેં તમને લખેલા અહેવાલમાં મારી બે ભુલો થઇ છે તે સુધારીને વાંચશો:

'કરોઆ' સ્ટીમરનું ટનેજ ૩૬૦૦ નહિ પણ ૭૦૦૯ છે એમ અહીં સ્ટીમર કંપનીનાં છાપેલા સમયપત્રકોમાં છે, અને તે જ વધારે પ્રમાણભૂત ગણાય.

ઉપરાંત, અમારા કવૉરન્ટાઇનના સંબંધમાં મેં તમને લખેલું કે સેકન્ડ ક્લાસના ઉતારૂઓને કવૉરન્ટાઇનમાં રાખ્યાનો આ 'પહેલો' દાખલો છે; પણ એ ગલત છે. મારા મિત્ર ડૉક્ટરે મને વાતવાતમાં જણાવ્યું કે આજ પહેલાં પણ સેકન્ડ કલાસનાં ઉતારૂઓને કવૉરન્ટાઇનમાં રાખવામાં આવ્યાં હતાં.

હવે આગળ ચાલીશ.

અમે તા. ૧૧ મી ના રોજ પ્રિઝન આઈલૅન્ડમાંથી મુક્ત થયા છીએ. ખરી રીતે તો જ્યારે જ્યારે આવા શીળીના કેસ થાય છે ત્યારે ઉતારૂઓને ૨૧ દિવસ કવૉરન્ટાઇનમાં રાખે છે, પરંતુ આ વખતે મોમ્બાસાના આરોગ્યશાસ્ત્રીનો તાર આવવાથી લગભગ ૧૭૫ જણને વહેલી રજા આપવામાં આવી, અને જેમને ટંકાવેલાં શીળી બરોબર નહોતાં ઉઠ્યાં તેમને પાછળ રહેવું પડ્યું. પાછળ રહ્યા તેમાં મોટે ભાગે કુટુંબવાળા માણસો હતા;—કોઇને પોતાની સ્ત્રી માટે રોકાઇ જવું પડ્યું, તો કોઇ માબાપને પોતાના બાળક માટે રોકાવું પડ્યું.



આમ અમુક જ ઉતારૂઓને રજા મળવાથી આપણા લોકોને તો એક બીજી પણ પીડા થઇ. આપણા ઘણા લોકો આફ્રીકા જેટલી લાંબી મુસાફરીએ પોતાની સ્ત્રીઓને સારો સંગાથ જોઇ મોકલે છે. હું મુકામ નાખી પડ્યો હતો ત્યાં છ સ્ત્રીઓ આ રીતે સારા સંગાથે આવી હતી. હવે જ્યારે આ ટોળામાંથી સ્ત્રી રહી જાય, અથવા તો એકાદ બચ્ચા ખાતર બાપને રોકાવું પડે તો સાથે આવેલ પુરુષ અથવા સ્ત્રીએ શું કરવું? આ વખતે આવા અનેક સંગાથો તુટ્યા છે, અને આપણાં અણઘડ અભણ બૈરાંઓને ઘણું સોસવું પડ્યું છે! અલબત્ત, એ તો નવો સાથ આપેઆપ રચાઇ જાય છે, અને કોઇનું કામ અડ્યું રહેતું નથી.

બપોરે બે વાગે અમે કવૉરન્ટાઇનનો ટાપુ છોડ્યો. મેં તો આમારી મોટરબોટમાંથી ટાપુને ખુબ નીહાળ્યો, અને એ શરૂને, એ રેતીને, એ અણીઆળા ઉભા ખડકોને છેલ્લા નમસ્કાર કર્યા.

સ્ટીમર 'ખંડાળા' અમારા માટે તૈયાર ઉભી હતી. 'ખંડાળા' બ્રિટિશ ઇંડીઆ સ્ટીમ નેવિગેશન કંપનીની સૌથી મોટી સ્ટીમર છે, અને તેની સગવડો શ્રેષ્ઠ ગણાય છે. ખંડાળા પર હું પહોંચ્યો ત્યાં મિ. વાઝે અને બનારસીદાસ ચતુર્વેદીનો મને મેળાપ થયો.

મિ. વાઝેને તમે જાણતા હશો. એ ભાઇ સર્વન્ટસ ઑફ ઇંડીઆ સોસાયટીના સેક્રેટરી છે, અને શ્રીનિવાસ શાસ્ત્રીના ફરમાનથી આપણા આફ્રીકાના ભાઇઓની સ્થિતિનો અભ્યાસ કરવા, તથા તેમને માટે શું થઇ શકે તે વિચારવા અહીં આવેલા.

શ્રી. બનારસીદાસ ચતુર્વેદીનું નામ 'નવજીવન'ના વાંચકોને જાણીતું છે. તે

ભાઇ આપણા સંસ્થાનવાસીઓના પ્રશ્નોના મોટા અભ્યાસી છે અને 'નવજીવન'માં કેનીઆ સંબંધે અવારનવાર લખે છે. પોતે તો સાબરમતી આશ્રમમાં જ રહે છે, અને મહાવિદ્યાલયમાં કામ કરે છે.


શામ્બા: પૂર્વ આફ્રીકાનું વન

ખંડાળા પાંચ વાગે ઉપડી. ફરીથી એ નવા જમાનાનું જંગબાર, એ શામ્બાઓ, પેમ્બાની એ દીવાદાંડી— નજર આગળ પસાર થયાં અને આ બધાં દૃશ્યો ઉપર સૂર્ય આથમ્યો.

રાત પડી. મેં જંગબારનાં મચુંગા ખાધાં. મચુંગા એટલે મીઠાં લીંબુ. જંગબારનાં મચુંગા વખણાય છે. અમે પ્રિઝન આઇલૅન્ડમાં હતા ત્યારે અમને ખાવા માટે જે મેવો મળતો તેમાં મને ખાસ કેરી, અનનાસ, મચુંગા અને કેળાં મોકલતા. અહીંના કેરીઓ બહુ સારી નથી હોતી. અનનાસ સારાં હોય છે, પણ મચુંગા તો જંગબારનાં જ. ઉતારૂઓ ઠેઠ મુંબાઇ સુધી આ મચુંગા લઇ જાય છે.

૧૨ મી તારીખનો સૂર્ય મોમ્બાસાની દીવાદાંડી પર ઉગ્યો. કીનારો આવ્યો ત્યાં તો સ્ટીમરમાં ધમાલ થઇ રહી. દીવાદાંડી પાસે સ્ટીમર આવી એટલે હું પણ ઉઠયો અને મોમ્બાસાને નિહાળવા લાગ્યો.

બરાબર ૭ વાગે કિલિન્ડિનીના બારામાં સ્ટીમરે લંગર નાખ્યું, અને સ્ટીમર પર એક અમલદાર ચડવા લાગ્યો. સૌથી પહેલા આવ્યા હેલ્થ ઑફિસર. સ્ટીમરના ડૉક્ટરને મળી, ઇધરતીધર પુછી ચાલતા થયા. પછી આવ્યા કંપનીના એજન્ટો. ત્યાર પછી આવ્યા ટપાલના બે સાહેબો. તેઓ તો આવીને ટપાલના કોથળા કાઢવા જ મંડયા, અને કાઢી રહ્યા એટલે તરત રવાના થયા. થોડીવારે આવ્યા ઇમીગ્રેશન ઑફીસર અને Water Police નાં માણસો. આ લોકો અમારા પાસપૉર્ટ જોવા લાગ્યા અને અમને પાસ કરવા માંડ્યા. મારા તેમજ ગૌરીશંકરના પાસપૉર્ટમાં રાજકોટના સાહેબે સહી કરી હતી, પણ તારીખ નાખી ન હતી, એટલે અમને જરા રોક્યા, પરંતુ એટલામાં તો નાનજી કાલિદાસના મેનેજર હીરાલાલભાઇ આવી પહોંચ્યા અને અમને તરત રજા મળી.

ફર્સ્ટક્લાસના સાહેબોની પછી કાંઠે પહોંચવામાં અમે પહેલા જ હતા. અહીં બધા ઉતારૂઓનો સામાન કસ્ટમ હાઉસ (જગાતખાતા)માં દેખાડવો પડે છે. અને સાધારણ ઉતારૂઓને તો ઘણીવાર છ છ કલાક રોકી રાખે છે. અમારો સામાન ત્યાં મુકી અને સાથે ગૌરીશંકરને રોકી અમે મોટરમાં ઘેર ગયા. નવ વાગે તો ગૌરીશંકર પણ ઘર ભેગા થઇ ગયા. કસ્ટમ હાઉસમાં સાહેબે ગૌરીશંકર પાસેથી સ્વરાજડાયરી લઇ પૂ. ગાંધીજીને જોયા અને ગૌરીશંકરની તુવેર દાળની કોથળી સહેજ તપાસી જોઇ.

કાલે સાંજે અમે દરીઆકાંઠે ફરવા ગયા હતા. દીવાદાંડીના ભાગ તરફ જ્યાં સાહેબોના બંગલા છે ત્યાં હરવાફરવાની સુંદર જગ્યા છે. મારી સાથે હીરાલાલભાઇ વગેરે પ્રતિષ્ઠિત મિત્રો હતા. પાછળથી તો અહીંના પ્રસિદ્ધ બૅરિસ્ટર મિ. બુદ્દદેવ પણ સાથે થયા હતા.

૫

જીન્જા (યુગાન્ડા), તા. ૨૬-૩-૨૪.

મેં તમને તા. ૧૩ મી સુધીની હકીકત જણાવી છે. બીજે દિવસે પણ અમે મોમ્બાસામાં જ રહ્યા હતા.

મોમ્બાસા એ આફ્રીકાનું મોટું બંદર છે. તમને ખબર તો હશે જ કે એક દિવસ ઠેઠ ઑસ્ટ્રેલીઆથી માંડીને આ આફ્રીકા સુધી એક મોટો ખંડ હતો, અને હીંદુસ્તાન તથા આફ્રીકાની વચ્ચે અત્યારે જેમ

૨૦૦૦ માઇલનું પાણી વહે છે તેમ ન હતું. પ્રસિદ્ધ ભુસ્તરશાસ્ત્રીઓનો આવો નિશ્ચિત મત છે. પાછળથી, હીંદી મહાસાગરનું તળ હાલ છે તેવું થયું, અને ખુદ આફ્રીકા ઉપર મોટા જ્વાળામુખી પર્વતો ફાટી નીકળ્યા. આફ્રીકાનો આખો પૂર્વ કીનારો અને મધ્યપ્રદેશ આ જ્વાળામુખીઓથી બનેલો છે. આ જ્વાળામુખીઓનો રસ પથરાતાં પથરાતાં જ્યાં મોટા ખાડા રહી ગયા તે આફ્રીકાનાં સરોવરો થયાં. આવા એક મોટા વિકટોરીઆ સરોવરને કાંઠે જીન્જા આવેલું છે.

આ તો ભુસ્તરશાસ્ત્રીઓના આફ્રીકાની વાત થઇ. હવે ઇતિહાસના આફ્રીકાને પણ જરા તપાસી લઇએ. આફ્રીકાના જે જે ભાગોમાં હું ફરવાનો છું તેના ચાર ભાગ પાડી શકાય. કેનીઆ, યુગાન્ડા, ટાંગાન્યીકા અને ઝાંઝીબાર. સાદી ભાષામાં આ ચારે ભાગને પૂર્વ આફ્રીકા કહીએ તો ચાલે.

હજારો વર્ષ ઉપર આ બધા ભાગોને દક્ષિણ અરબસ્તાનના લોકો સાથે વેપારનો સારો સંબંધ હતો. અને આ અરબોએ જ આફ્રીકામાં આવીને પહેલી સત્તા નાખી હતી. કેટલા યે જમાના સુધી અરબસ્તાનની દક્ષિણે ઓમનનું મોટું રાજ્ય હતું, તેની આણ આફ્રીકામાં વર્તતી. આ અરબો મોટે ભાગે વેપાર કરતા અને જતે દહાડે તેઓ અહીં આવી વસ્યા પણ ખરા. એ જમાનામાં જંગબારનું રાજ્ય સૌથી મોટું ગણાતું, અને જંગબારનો સુલતાન મોમ્બાસા તેમજ ટાંગાન્યીકાનો ધણી હતો. આ બહુ જુના કાળમાં પણ મોમ્બાસા અગત્યનું બંદર ગણાતું અને ત્યાંના અરબો સ્વતંત્ર મિજાજના લેખાતા. એવું પણ વાંચ્યું છે કે અરબોની અંદરઅંદરની તકરારને લીધે જ્યારેજ્યારે જંગબારના રાજદરબારોમાં ખટપટ થતી ત્યારેત્યારે મોમ્બાસાનું ત્યાં વજન પડતું અને સુલતાન મોમ્બાસાના લોકોને નારાજ ન કરી શકતો. મોમ્બાસાનું એક દેશી નામ છે, તેનો અર્થ 'તકરારનો ટાપુ' એવો થાય છે. અરબોએ લાંબા કાળ સુધી આ પ્રમાણે રાજ્ય કર્યું. આ સમયમાં જ મોમ્બાસા અને આપણા ખંભાતની વચ્ચે વેપારનો સારો સંબંધ હતો એમ પુરાવાથી નક્કી થયું છે. આપણા ખંભાતના બંદરે આફ્રીકાનો હાથીદાંત વગેરે ઉતરતાં અને આવા વેપારીઓ દેશમાં ન્યાલ થઇ જતા એમ જણાયું છે.



જંગબારનો સુલતાન

પરંતુ પંદરમા સૈકામાં યુરોપમાં જ્યારે સંસ્થાનો વસાવવાનો પવન ચાલ્યો ત્યારે પોર્ટુગીઝ લોકોનાં વહાણો હીંદુસ્તાન આવતાં આ માર્ગે અટક્યાં. આ પોર્ટુગીઝ લોકોએ હીંદુસ્તાન તરફ આવજા કરવાના માર્ગ તરીકે આફ્રીકાનાં બંદરો હાથ રાખવાનો વિચાર કર્યો, અને અરબોને દબાવ્યા.

પછી તો અંગ્રેજો પણ આવ્યા; વલંદા દક્ષિણમાં રહ્યા અને જર્મનો આગળ વધ્યા. ધીમે ધીમે આ યુરોપીઅન સંસ્થાનોની સ્થાપના થતી ગઇ, પણ તે પહેલાં તેમના મિશનરીઓએ તો ક્યારનો યે રસ્તો કરવા માંડ્યો હતો. બેશક, એટલું તો કહેવું પડશે, કે જ્યારે, આફ્રીકા કેવડો છે અને શું છે તેની આ લોકોને પુરી ખબર પણ ન હતી, આફ્રીકામાં જ્યારે રસ્તા નહોતા, જ્યારે આફ્રીકાનાં જંગલોમાંથી પસાર થવું એ કાળના મોંમાંથી પસાર થવા જેવું હતું, અને જ્યારે દક્ષિણ આફ્રીકાનાં હવાપાણીના અજ્ઞાનથી માણસ જીંદગીભરનો રોગી બની જતો, એ વખતમાં આ મિશનરીઓએ જે કાર્ય કર્યું છે તે અદ્ભુત છે.

યુરોપના લોકો આવ્યા ત્યારથી તે હજી હમણાં સુધી જંગબારના સુલતાનની સત્તા

સર્વોપરિ ગણાતી, અને હજી પણ મોમ્બાસાના બંદર પર જંગબારના સુલતાનનો જ વાવટો ફરકે છે. પરંતુ આ બધી આ લોકોની પૉલિસી છે. થોડાં વર્ષ ઉપર આફ્રીકામાં જ્યારે અંગ્રેજો, બેલ્જીઅનો, જર્મનો વગેરે સત્તાની બાબતમાં સામસામા આથડવા લાગ્યા ત્યારે બ્રસેલ્સમાં તે લોકોના પ્રતિનિધિઓએ એકઠા મળી પૂર્વ આફ્રીકાને અંદર અંદર વહેંચી લીધો. આ વહેંચણીમાં કૉંગો બેલ્જીઅમને ભાગે આવ્યું, ઉપર મેં જેને ટાંગાન્યીકા કહ્યો તે જર્મન ઇસ્ટ આફ્રીકા બન્યો; કેનીઆ અને યુગાન્ડા મળીને બ્રિટિશ ઇસ્ટ આફ્રીકા થયો, જંગબારમાં બ્રિટિશ સંરક્ષણ સ્થપાયું, અને મોમ્બાસા તથા કિલિન્ડિની બંદર અંગ્રેજોએ જંગબારના સુલતાન પાસેથી અમુક વર્ષને પટ્ટે ઇજારે રાખ્યાં. ગઈ લડાઇમાં જર્મન લોકો હાર્યા એટલે જર્મન ઇસ્ટ આફ્રીકા અંગ્રેજોને હાથ આવ્યો અને તેનું નામ ટાંગાન્યીકા રાખ્યું. જંગબાર હજી પણ આમ તો સુલતાનના તાબામાં છે, પરંતુ ખરું જોઇએ તો સુલતાન માત્ર એક પેન્શનર જેવો છે. આખી લગામ જંગબારના બ્રિટિશ રેસિડેન્ટના હાથમાં છે. સુલતાનને એક માસના રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે.

આ થયો ઇતિહાસનો પૂર્વ આફ્રીકા

અપૂર્ણ] નાનાભાઈ

• જ્ઞાનલીલા •

માહ મહીનાના અંકમાં આપેલા 'જ્ઞાનલીલા'ના પ્રશ્નોના ઉત્તર આ નીચે પ્રગટ કર્યા છે. સંખ્યાબંધ વાંચકોએ જવાબ મોકલેલા, પરંતુ જેના બધા ઉત્તર પુરા સાચા હોય એવા તો એક જ ભાઈ નીકળ્યા. તેમનું નામ, ભગવાનદાસ વ. પટેલ, (ઉમર ૧૯) વડોદરા. એમને ઇનામ થોડા વખતમાં મોકલાશે. ખરા ઉત્તર આ નીચે આપ્યા છે. નવા સવાલ આવતા અંકમાં.

(૧) નાના ભાઇએ લીંબુઓ સરખાં હોવાથી એકઠાં કરીને પૈસાનાં ૪ અને ૬ના વચલા ભાવથી, એટલે પૈસાનાં ૫ લેખે વેચ્યાં તે ભુલ કરી. 'પ્રમાણુ'ના સિદ્ધાંત પ્રમાણે, બે માલ સરખા હોય ત્યારે નહિ, પણ બે માલની કીંમત સરખી હોય ત્યારે જ એકઠો કરેલો માલ વચલા ભાવથી વેચી શકાય.

આ જ તત્ત્વને બીજી રીતે મુકીએ. મોટો ભાઇ અર્ધાં પૈસાનાં ૨ લેખે અને નાનો ભાઇ અર્ધાં પૈસાનાં ત્રણ લેખે વેચે છે. મોટા ભાઇના માલમાંથી બબ્બે લાબુનો ૩૦ ઢગલી થશે અને નાના ભાઇના માલમાંથી ત્રણ ત્રણ લીંબુની ૨૦ ઢગલી થશે. મોટા ભાઇની એક ઢગલી સાથે નાના ભાઇની એક ઢગલી ભેળવતા જઇએ તો પાંચ પાંચ લીંબુની ૨૦ ઢગલી થશે. અને મોટા ભાઇની બબ્બે લીંબુની ૧૦ ઢગલી વધશે. પાંચ પાંચ લીંબુની ૨૦ ઢગલીના ૨૦ પૈસા આવે એ વ્યાજબી છે; પણ બાકી વધેલી બબ્બે લીંબુની ૧૦ ઢગલીનાં ૨૦ લીંબુ તો મોટા ભાઇનાં છે; તેમાં નાના ભાઇનું એકકે નથી. તેથી તે બધાં મોટા ભાઇને ભાવે-એટલે પૈસાનાં ૪ લેખે વેચાવાં જોઇએ, એટલે તેના ૫ પૈસા ઉપજવા જોઇએ. પણ આ લીંબુઓ ભુલથી વચલે ભાવે એટલે પૈસાનાં ૫ લેખે વેચાય છે અને તેથી તેના ૪ પૈસા ઉપજે છે. આ રીતે ભુલથી ૧ પૈસો ઓછો ઉપજે છે.

(૨) આ પ્રશ્નના તો અનેક જવાબ ગોઠવી શકાય. અમે તો એક જ નમુનો આપીએ છીએ:

$$૮૦\frac{૨૭}{૫૪}+૧૯\frac{૩}{૬}=૧૦૦$$

(૩) કપાસ, પાસવાન, વાનર, નરપાલ, પાલખ, લખતર, તરવાર, વારવાર. (૪) લજપતરાય (૫) કટાર.

લીલો મેવો

આપણે ચાક જોઇએ છીએ ત્યારે કશો નવો વિચાર આવતો નથી. પણ એ ચાક શું છે તે તમે જાણો છો? લાખો વરસો પડેલાંની દુનીઆનાં જીવતાંજાગતાં પ્રાણીઓની એ કબર છે. તમે આ વાંચી ભડકશો. પણ એ ખોટું નથી.

ગરમ પૃથ્વી જ્યારે ધીમે ધીમે ઠંડી થતી હતી ત્યારે એની સપાટી ઉપર અસંખ્ય જીવજંતુઓ તરવા માંડ્યા તેઓ પોતાના શરીરમાંથી ચુનાનું પડ બનાવી આડું ધરી પોતાનું રક્ષણ કરતા. પણ તેઓ બધાં મરી ગયાં ત્યારે આ બધાં પડો દબાઇને દરીઆને તળીએ બેઠાં. ત્યાં એના થર બંધાયા. આ થરના કટકા તે આજનો ચાક.

આફ્રીકા નામ શા પરથી પડયું? ફીનીશીઅન ભાષામાં 'આફ્રી'નો અર્થ 'કાળો માણસ' થાય છે, અને સંસ્કૃત ભાષામાં 'ક'નો અર્થ 'દેશ' થાય છે. કાળા માણસોનો દેશ તે આફ્રીકા.

એક જુની કથા

કથા તો બહુ જુની છે, પણ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી કાવ્યમાં તેનો રસ હજુ જેવો ને તેવો જળવાઇ રહ્યો છે.

અતિ પ્રાચીન કાળમાં આપણા દેશમાં કાશી અને કોશલ એવાં બે રાજ્યો હતાં. કોશલનો રાજા પરમ ધર્મિષ્ટ અને નમ્ર હતો. તેના વિચાર અને વાણીમાં સદા સત્યનો જ વાસ હતો.

તેનું હૃદય દયાથી પરિપૂર્ણ હતું, તેના હાથ હમેંશાં દાન કરવા માટે ઉદ્યત હતા અને તેની ભુજાઓ દીનોના રક્ષણ માટે સર્વદા તૈઆર રહેતી. વાત્સલ્યની અમીદ્રષ્ટિથી તે પ્રજાનું પાલન કરતો હતો. જે માણસો એકવાર એના રાજ્યમાં આવતા તેમને પાછા જવાનું મન થતું નહિ. કોશલ રાજાની કીર્તિ એટલી બધી વધી ગઇ કે કાશી રાજાના લોકો પણ તેના ગુણગાન કરવા લાગ્યાં.

આ જોઇ કાશીરાજને બહુ ઇર્ષા ઉપજી. તેણે વિચાર કર્યો કે કોશલરાજ મારાથી શ્રેષ્ઠ ગણાવા માટે આટલાં દાન અને પુણ્ય કરે છે. અને આમ મારી આખી પ્રજાને વશ કરીને છેવટે તો એણે મારો જ નાશ કરવો ધાર્યો છે. એવો વિચાર કરી તેણે કોશલ રાજાને હણવાનો નિશ્ચય કર્યો. તરત જ એક મોટી સેના લઇ કાશીરાજે કોશલ ઉપર ચઢાઇ કરી. કોશલરાજની કંઇ પૂર્વ તૈઆરી ન હોવાથી તે આ લડાઇમાં હાર્યો, અને પોતાનું રાજ્ય છોડીને તેને જંગલમાં નાસી જવું પડ્યું.

આ જીત મળ્યાથી કાશીરાજ બહુ જ ફુલાઇ ગયો અને કહેવા લાગ્યો, 'પરાજિત રાજાને ધિક્કાર હજો. દાની થવું તો શૂરને જ છાજે.' કોશલ રાજ્ય ઉપર પોતાનો અમલ બેસાડી તે કાશીમાં પાછો આવ્યો.

થોડા દિવસ વીત્યા બાદ તેણે આ જીતના હર્ષમાં એક શુભ મુહૂર્ત ઉપર મોટો વિજયોત્સવ કરવાનો વિચાર કર્યો. આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવી તેણે લોકોને તે દિવસે પોતાનાં ઘરબાર શણગારી, દીપમાળાઓ મુકી ઉત્સવ ઉજવવાની આજ્ઞા કરી, અને રૈયતમાત્ર તે દિવસે મિષ્ટાન્ન જમે એટલા માટે તેણે રાજ્યભંડારમાંથી લોકોને આપવા માટે પૈસા કાઢ્યા. પણ લોકો તો બધા શોકમગ્ન હતા. તેમણે કહ્યું કે અમે તો કોશલરાજના જવાથી પિતૃહીન જેવા થયા છીએ. અમારાથી ઉત્સવ કેમ પળાય! બધા લોકો સ્વસ્થ બેસી રહ્યા. ગરીબોએ દાન સ્વીકાર્યું નહિ; ભિક્ષુકોએ રાજાએ રંધાવેલું ભોજન ખાધું નહિ અને બાળકોએ મિષ્ટાન્ન લીધાં નહિ. ફક્ત રાજમહેલમાં અને રાજાના કેટલાક મંત્રીઓના ઘરોમાં ઉત્સવ ઉજવાયો. કાશીરાજ મનમાં ચીડાયો તો બહુ, પણ રૈયતના બળ આગળ શું કરે?

કાશી રાજાએ વિચાર કર્યો કે જ્યાં સુધી કોશલરાજ જીવતો હશે ત્યાં સુધી લોકોનો અસંતોષ જશે નહિ. વળી શાસ્ત્રોમાં પણ કહેલું છે કે શત્રુ ઉપર જીત મેળવવા માટે તેનો નાશ જ કરવો જોઇએ. એવો મનસુબો કરી તેણે આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે જે માણસ મને કોશલરાજનું માથું લાવી દેશે તેને હું એક સહસ્ર સુવર્ણમુદ્રા બક્ષિશ આપીશ. પણ એવો કોણ અધમ હોય જે કોશલરાજ જેવાનું ભુંડું ઇચ્છે? કોઇ કંગાળ પણ તે કામને માટે તૈઆર થયો નહિ.

આ તરફ જંગલમાં રહેવું પડ્યાથી કોશલરાજની બહુ જ દુર્દશા થઇ. તેનું આખું સ્વરૂપ બદલાઇ ગયું. તેના વાળ વધીને માથા ઉપર એક જટા થઈ ગઇ. એક દિવસ અચાનક તે જંગલમાં તેને કોઇ ભુલો પડેલો પ્રવાસી મળ્યો અને રાજાને કોશલદેશનો માર્ગ પુછ્યો. રાજાએ દુઃખી થઇને તેને પુછ્યું કે એ અભાગીઆ દેશમાં જવાનું તારે શું પ્રયોજન છે!'

પ્રવાસી બોલ્યો, 'હું એક કાળે બહુ ધનાઢ્ય

વેપારી હતો. પણ મારાં વહાણ ડુબી જવાથી મારો વેપાર ભાંગી પડયો અને હું અત્યન્ત કંગાળ થઇ ગયો છું. દાનશૂર કોશલરાજની કીર્તિ મેં ઘણી સાંભળી છે, એટલે તેમને શરણે જવા ઇચ્છું છું.'

આ વાત સાંભળી રાજા વિચારમાં પડયો. એણે પ્રવાસીને કહ્યું, 'તારે કોશલરાજ પાસે જવાની જરૂર નથી. હું જ તારો મનોરથ પુરો કરીશ.' એમ કહીને તે પ્રવાસીને લઇને તે કાશીરાજ પાસે આવ્યો. કાશીરાજે તેમના આવવાનું કારણ પુછયું, ત્યારે કોશલરાજે કહ્યું કે : કોશલ રાજાનું માથું લાવી આપનારને એક સહસ્ર સુવર્ણમુદ્રા આપવાનું તેં જાહેર કર્યું છે. હું જ તે કોશલરાજ છું. એ એક સહસ્ર સુવર્ણમુદ્રા તું આ મારા સાથીને આપ અને મને કબજે કર.'

આ વાત સાંભળી સભાના લોકો ચકિત થઇ ગયા અને કેટલાક તો રોવા લાગ્યા. શું થાય છે તે જોવાને આખી સભા આતુર થઇ રહી. કાશીરાજ તો ઉંડા વિચારમાં ડુબી ગયો હતો. એકાએક તેના ચહેરા ઉપર હર્ષનાં ચિહ્નો દેખાયાં અને તેણે હસતાં હસતાં કોશલરાજને કહ્યું, 'મરીને પણ તું મારા ઉપર જીત મેળવવા માગે છે, ખરૂં? પણ તારો મનોરથ હું સિદ્ધ નહિ થવા દઉં. આજ હું તને આ લડાઇમાં પણ હરાવીશ.' એમ કહીને કાશીરાજે સિંહાસન પરથી ઉભા થઈ કોશલરાજના જટાધારી માથા ઉપર મુકુટ પહેરાવી દીધો અને તેને માનપૂર્વક સિંહાસન ઉપર બેસાડયો. કાશી રાજાએ તેનું રાજ્ય અને સાથેસાથે પોતાનું હૃદય પણ તેને અર્પણ કર્યું.

અને પ્રજાજનોએ એ બંનેનો જયજયકાર કર્યો એ કહેવાની કંઇ જરૂર છે?

અથાણું

દરદી—તમને દાક્તરીનો અનુભવ કેટલાંક વરસથી હશે?
દાક્તર—આશરે બેએક વર્ષથી.
દરદી—ત્યારે તમે મને સાજો નહિ કરી શકો.
દાક્તર—કેમ?
દરદી—મારૂં દરદ તો પાંચ વર્ષથી છે.

કેવું સારૂં!



પ્હો ફાટતાં મારી ઉંઘ ઉડી જાય છે. મારી બાની ઘંટી ફરે છે અને દાદીમાનું વલોણું ઘમકે છે. ઘંટીનો મધુર ઘોર અને છાશનો રમઝમાટ મારા કાનને મીઠો લાગે છે. કાબર કાગડા હજુ જાગ્યાં નથી; પણ સીમાડે આવેલા આંબાવાડીઆમાં વહેલી ઉઠતી કોયલ કયારની ટહુકા કરી રહી છે. મારા મનમાં થાય છે કે ઘંટી અને ગોરસની જેમ મારા સુવિચાર અને સુકૃત્ય ગાજે અને સૌને મધુર તથા પ્રિય લાગે તો કેવું સારૂં!

દાતણપાણી કરી જંગલ જઇ આવું છું ને જોઉં છું તો સૂર્યદેવે છાપરાનાં નળીઆં સોનાનાં કરી મુકયાં છે. જ્યાં હું ઓસરીએ ચડીને સૂર્યદેવને વંદન કરૂં છું ત્યાં મારી બા સઘળાં વાસણો માંજી કોરની છીપર ઉપર નીતરવા ઉંધાં વાળે છે. અહા! એ વાસણો સુરજના તેજમાં કેવાં ચળકે છે! મને થાય છે કે અંધારે અંધારે પણ હું ભલાઇનાં કામો કરૂં અને ઝળકવા પુરતું મને તેજ મળે તો કેવું સારૂં!

ન્હાઇધોઇ લેસન કરૂં છું, જમવાનો વખત થાય છે અને મારી બા મને જમવા બોલાવે છે. હું જાઉં છું. આ હું પાટલા ઉપર બેઠો. મારી બાએ થાળી પીરસી. આ ટાણે કાનમાં દૂરદૂરથી સાદ પડે છે: 'તારા જેવા જ તારા બીજા ભાઇઓ હજારોની સંખ્યામાં અન્ન વાંકે એકટાણું કરે છે કે નકોરડા અપવાસ લાંઘે છે. તેમનો ભુખમરો મટાડવા કેટકેટલા દેશપ્રેમીઓ શરીર તથા પૈસાનો ભોગ આપી રહ્યા છે. એ રાષ્ટ્રહોમમાં તારો હિસ્સો આપ્યા પહેલાં તું કોળીઓ ભરશે?' મને પીરસેલે ભાણેથી ઉઠી જવાનું મન થાય છે; પરંતુ બાનું દિલ દુભાશે એ બીકથી તેમ કરતો નથી. પણ મોટપણે હું મારી

હાલની મનોદશા ન ભુલું ને મારા ભાઇઓનો ભુખમરો ટીટાડવા મહેનત કરૂં અને સહાય દઉં તો કેવું સારૂં !

જમ્યા પછી નીશાળે જવાનું થાય છે. રસ્તામાં લાયબ્રેરી આવે છે. હું તેની દરરોજ મુલાકાત લઉં છું, કારણકે મને વાંચવાનો શોખ છે. અને તેટલા માટે નીશાળે જવા હું હમેશ વહેલો નીકળું છું. લાયબ્રેરીમાં પુસ્તકો તથા ચોપાનીઆંમાં ઉંચા આદર્શની, ઉત્તમ ભાવનાની, આત્મભોગની, શૌર્યની, નિર્મળ પ્રેમની, નીતિ કે ચારિત્ર્યની વાતો વાંચું છું. મને એમ થાય છે કે મારા યે આવા કિસ્સાઓ કહેવાય કે લખાય તો કેવું સારૂં !

હવે હું નીશાળે પહોંચું છું. મારા શિક્ષક માટે સૌને સારો અભિપ્રાય છે; અને તેઓ સારા જ છે. તેમને વસ્ત્રો માટે વેપારીની કદી ગરજ પડતી નથી. અરે, શાકભાજી પણ પોતાને જોઇએ તેટલી તેઓ પોતાના વાડામાં ઉગાડે છે. મારા ધારવા મુજબ તેઓ દુનીઆને ઉપયોગી છે કારણકે તેઓ અમને શિક્ષણ આપી સારા શહેરી બનાવે છે. હું પણ તેમની જેમ દુનીઆને કોઇ રીતે ઉપયોગી થાઉં ને સારો કહેવાઉં તો કેવું સારૂં !

વખત સપાટાબંધ ચાલ્યો જાય છે. રજા થતાં હું બજારમાં થઇ ઘેર વળું છું. લોકોનો ઘોંઘાટ જોઉં છું. સૌ પોતાપોતાના કામમાં મશગુલ છે. વ્યવહારની ચિંતા સઘળાનાં મોં ઉપર પથરાઈ છે. એક ઝપાટે કાળ મને તેઓની વચ્ચે ફેંકી દેશે એ વિચાર મને કમકમાટી ઉપજાવે છે. પણ વિચારૂં છું કે મોઝીલું બાળપણ છે ત્યાં સુધી વ્યવહારને સારૂ લાયકાત મેળવી લઉં તો કેવું સારૂં !

પુસ્તકો ઘેર મુકી હું રમવા નીકળું છું. મિત્રો ભાગોળે રાહ જોતા હોય છે. અમે દ્વેષ વગર સમભાવ ને સ્નેહથી રમીએ છીએ. એકાદ દોસ્તની ગેરહાજરી અમને કાળજા સોંસરવી નીકળે છે. સંસારના મેદાનમાં પણ અમે આમ સમભાવપૂર્વક નિર્દોષ રમતો રમીએ તો કેવું સારૂં !

હવે સૂર્ય આથમવાનો થાય છે. હું જાણું છું કે તે ઘડી યે બેસતો નથી. મને મારા શિક્ષકે કહ્યું છે કે જ્યારે તે આપણને પ્રકાશ નથી આપતો ત્યારે બીજા દેશને અજવાળું દેવા જાય છે. પરંતુ મારે તો વિશ્રામની જરૂર છે, માટે હું ઘરનો માર્ગ લઉં છું. પણ માગું છું કે સૂર્યની જેમ હું યે ઉદ્યોગી થઈ ઘડી પણ નવરો ન બેસું તો કેવું સારૂં !

ઘડીભર બાપા સાથે દવસના કામકાજની વાતો કરૂં છું ત્યાં બા ફરીવાર મને જમવા બોલાવે છે. ફરીવાર મને સવારનો તરંગ યાદ આવે છે. આખરે એ વાત હું બાને કહું છું. બા કહે 'તારા ઉમદા વિચારથી મને આનંદ થાય છે. જો એમ હોય તો સવારે દુષ્કાળ નિવારણ ફંડમાં એક રૂપીઓ આપી આવજે. ચાલ બેટા, હવે તો જમીશને ?' મારા મનને એમ થાય છે કે સવારનો તરંગ જેમ હું સાંજે ન ભુલ્યો તેમ મારો આ ઉગતી વયનો આદર્શ જુવાનીમાં ન ભુલું તો કેવું સારૂં !

ફળીઆની પથારીમાં હું જાગતો સુતો છું. ઉંચે ભુરા આકાશે અસંખ્ય ઝીણા તારાઓ ટમટમે છે. એ તારાઓ રાત્રે ખેતરમાં કામ કરતા ખેડુતોને અને મુસાફરી કરતા મુસાફરોને પ્રકાશ આપે છે અને રસ્તો ચાધે છે. પોતાનું નાનકડું કામ પુરૂં થતું જોઇ તેઓ પોતાનો વિજય સમજે છે અને હસવા માંડે છે. હું પણ એવાં નાનાં તેજોમય કામો કરીને હસી શકું તો કેવું સારૂં !

અને હવે હું ઉંઘી જાઉં છું. મને એક સ્વપ્નું આવે છે. જાણે મારી સર્વે ઇચ્છાઓ ફળે છે. પણ સવાર થવાનું તે થાય જ છે. અને સ્વપ્નુ તે સ્વપ્નું જ. એ ઉડી ગયું. ઘંટી, ગોરસ, કોયલ તથા લેસન, ભોજન આદિ નિત્યકર્મ શરૂ થાય છે. પણ સાચે જ એમ બને તો કેવું સારૂં !

પણ હવે તરંગો છોડી શ્રમ લઉં—કમર કસી ધાર્યું પાર પાડું તો......કેવું સારૂં !

'ચક્કરભાઈ'



ઉગતી પ્રજા

ગઈ તા. ૨૪–૨૫–૨૬મી એપ્રિલના દિવસોમાં રવિશંકર રાવળના પ્રમુખપણા હેઠળ ભરાએલું ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના જુના અને નવા વિદ્યાર્થીઓનું સંમેલન આ નવીન યુગની એક આદર્શ પ્રવૃત્તિ ગણાય. વિદ્યાર્થીઓએ પોતાની જ ઇચ્છાથી અને પોતાના જ પ્રયાસથી આ સંમેલનની ગોઠવણ કરી; પોતાની જ બહુમતિથી પોતાનો પ્રમુખ શોધી કાઢયો; અને આખું સમેલન પોતાને જ બળે સ્વતંત્રતાથી સાંગોપાંગ પુરૂં કર્યું. એમાં સ્વરાજની તાલીમ હતી.

મુરબ્બીઓ અને અધ્યાપકોને તેમણે સંમેલનની દરેક તૈયારી અને જોખમદારીથી માનપૂર્વક અલગ રાખ્યા હતા; છતાં દરેક પ્રસંગે તેમને હાજર રહેવાની છુટ રાખી હતી. વિદ્યાર્થીઓએ જ્યારે સંમેલનની ખાસ બેઠકમાં પોતાના ભવન અને વિદ્યાલય સંબંધેની મુશ્કેલીઓ અને વાંધાઓ ઉપર છુટથી ચર્ચા શરૂ કરી ત્યારે એમની એ સ્વતંત્રતા જોઇ આચાર્યે પોતાને અને પોતાની સંસ્થાને ધન્ય ગણ્યાં. પોતાના વિચારો છુટથી દર્શાવી તેનો નીવેડો લાવવાની સ્વતંત્રતા આ વિદ્યાર્થીઓ જેવી રીતે શાળામાં બતાવી શક્યા, તેવી રીતે મોટપણે વખત આવતાં તેઓ કોઇપણ સત્તા કે સંસ્થાના અન્યાય સામે બતાવી બંડ કર્યા વિના નહિ રહે એવી આચાર્ય હરભાઇની દૃઢ માન્યતા હતી. અમે ઇચ્છીએ છીએ કે તેમની એ ઇચ્છા ભવિષ્યમાં સંપૂર્ણ ફળો.

ચર્ચા ઉપરથી જણાયું કે આ વિદ્યાર્થીઓમાં એક બાબતે બહુ ખળભળાટ કર્યો જણાય છે; અને તે 'સહ શિક્ષણ' (છોકરા છોકરીઓએ સાથે ભણવા)ની. સ્ત્રીજાત તરફ જોખમ અને શંકાની નજરે જોનાર હીંદુ સમાજના આ વિદ્યાર્થીઓને તેમની સમાન વયની કન્યાઓ જોડે અભ્યાસ કરવાનો પ્રસંગ આવ્યો છે એમાં તો તેમને મહાપાતક થતું લાગે છે. પરઘરની કન્યા જોડે રમતાં નાનપણમાં તેમનાં માબાપો આંખો કાઢી અટકાવતાં. છોકરાઓથી છોકરીઓ જોડે ન રમાય, અને છોકરીઓએ છોકરાઓથી ડરતા રહેવું જોઇએ એવા સંસ્કાર નાનપણથી ધર કરી રહેલા એટલે આ નવા પ્રયોગે તેમને વંટોળે ચડાવ્યા લાગે છે. પણ નવાઇની વાત તો એ છે કે બીજી અનેક શાળા કૉલેજોમાં સખ્યાબંધ યુવતીઓ જોડે ભણતા યુવાનો પુરાં મનોબળ અને સભ્યતા જાળવી શકે છે, તો આ કુમળા કુમારો આટલી ઉગતી વયથી આવો જાતિદ્વેષ પ્રગટ શા માટે કરતા હશે ?

વિદ્યાર્થીઓની મોટી ફરીઆદ એ હતી કે કન્યાઓ તરફ પક્ષપાત રાખી ખાસ શિક્ષણની ગોઠવણ કરવામાં આવે છે; અને આ ફરીઆદ મુખ્યત્વે નાના વિદ્યાર્થીઓની હતી. અમે માનીએ છીએ કે કન્યાઓને કોમળ જાતિ માની ખોટો પક્ષપાત અને લાડ બતાવવાથી આપણે ઘણીવાર તેમનો વિકાસ અટકાવી હાની પહોંચાડીએ છીએ, તેમની નિર્બળતા તેમને સમજવા દેતા નથી અને ખોટી માનેચ્છા તેમના મનમાં હમેશ માટે ઉભી કરીએ છીએ.

આ સંમેલન પ્રસંગે વિદ્યાર્થીઓએ એક અનેરૂં શ્રાદ્ધ-કાર્ય કર્યું. ભવનના પ્રબળ પ્રેરક, અને ભવન તરફ જીંદગી-ભર વાત્સલ્યભાવે વર્તનાર સ્વ. હરગોવિંદદાસ પંડ્યા—(વિદ્યાર્થીઓના 'મોટાભાઈ')ની તૈલરંગી છબી, વિદ્યાર્થીઓએ પોતામાંથી ઉભા કરેલા ફંડ વડે તૈયાર કરાવી ભવનમાં મુકી. એ પવિત્ર પુરુષની ટુકી પિછાન આ અંકની 'માધુકરી' માં આપી છે.

સંમેલનમાં વિદ્યાર્થીઓએ પોતાના અનેક યુવાન દોસ્તોને નિમંત્ર્યા હતા. પૂજ્ય કાકાસાહેબ કાલેલકર, શ્રી રામનારાયણ પાઠક, ઝવેરચંદ મેઘાણી, જુગતરામ દવે વગેરે પ્રેમપૂર્વક આવ્યા હતા અને દરેક જણે એક એક સુંદર પ્રવચન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ભજવેલા નાટ્યપ્રયોગો, કસરતો અને લોકગીતો તથા ભજનોના જલસા ઉપરાંત આ પ્રવચનોથી સંમેલનની વિશિષ્ટતા થઇ હતી. આ પ્રસંગે સર્વને રમુજ પમાડનાર, કાઠીઆવાડના ચૅપલિન જેવા,

ભાઈ હીરાલાલ શ્રી. શાહને તો કોઇ જ નહિ ભુલે. આ અજબ હાસ્યપ્રેરક યુવાનનો પુરો ખ્યાલ પરિચય વિના આવે જ નહિ.

ભાવનગર રાજ્યના મુખ્ય વિદ્યાધિકારી શ્રી વિઠ્ઠલરાય મહેતાએ 'શાળાના વિદ્યાર્થીઓ અને દ્રવ્યાર્થીઓ' વીશે ખાસ વ્યાખ્યાન આપેલું. તે પરથી સૌને જણાયું કે તેઓ એક મોટા અધિકારી અને વિદ્વાન હોવા છતાં વિદ્યાર્થીઓ તરફ પૂર્ણ દિલસોજી બતાવનાર સાચા મિત્ર, સલાહકાર અને સહાયક છે. વિદ્યાર્થીઓ પર પડતા અભ્યાસ અને પરીક્ષાના બોજાઓ સામે તેમણે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

ન જાણતા હોય તેને એક વાત જણાવી લઇએ. છોકરાઓને પરીક્ષાના ત્રાસમાંથી મુક્ત કરી સ્વતંત્ર અને નવી ઢબ પ્રમાણેનું સરળ શિક્ષણ આપવાની પહેલ ગુજરાતમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવને કરેલી. અસહકારની ચળવળ પહેલાં મુંબાઇ યુનિવર્સિટીની ધુંસરી તેણે ફેંકી દીધી હતી. છતાં ત્યાંના વિદ્યાર્થીઓનાં શિક્ષણ અને તાલીમ અનેક રીતે સફળ અને ચડીઆતાં જણાયાં છે.

આ વાતની પ્રતીતિ સંમેલન વખતે વિદ્યાર્થીઓએ વાંચેલા નિબંધોની ભાષા અને વિચારો ઉપરથી થતી હતી. ચર્ચા કરવામાં સ્પષ્ટ અને નીડર, કામ કરવામાં નિયમિત અને વ્યવસ્થિત, અને સંસ્કારે બુદ્ધિમાન અને તેજસ્વી એવા આ વિદ્યાર્થીઓમાંથી નવીન ગુજરાતના અનેક પ્રાણવાન અને ચારિત્ર્યશીલ નાગરિકો પાકશે.


•

વરસ આખરે પરીક્ષાઓનો ત્રાસ પતાવીને ઘણીખરી શાળાઓ વાર્ષિક મેળાવડા કરી આખા વરસના અભ્યાસનો બોજો ઉતરી ગયાનો ઉત્સવ ઉજવે છે. વિદ્યાર્થીઓ નાટ્યપ્રયોગો ને સંવાદો ભજવે, ગીત-સંગીત થાય, ભાષણો કરાય ને ઇનામો વહેંચાય—આ સામાન્ય ક્રમ લગભગ બધા મેળાવડાઓમાં હોય છે. એમાં જો વિદ્યાર્થીઓનાં અંતરમાં સ્વાતંત્ર્યનો ઉમળકો હોય, શિક્ષકો કૃત્રિમ શિષ્ટાચાર છોડી મિત્રભાવે વિદ્યાર્થીઓ જોડે ભળતા હોય અને જુના ચીલાના બંધીઆરપણાને બદલે તેજસ્વી પ્રાણ વહેતો હોય તો જ એ મેળાવડાઓ થયા પરમાણ.

દક્ષિણામૂર્તિ ભવનના વિદ્યાર્થીઓનું સંમેલન જોયા પછી અમદાવાદની મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજ અને ગર્લ્સ હાઇસ્કૂલનો વાર્ષિક મેળાવડો જોઇ અમને ઉપલા વિચારો આવ્યા છે. એ મેળાવડામાં ગુણો હતા તેમ ઉણપો પણ હતી. મેળાવડામાં મેળા જેવો જ ઉમંગ ન હોય? આમાં ઉમળકાભરી છુટ કરતાં કૃત્રિમ શિષ્ટાચાર વધારે હતો. 'રાજવફાદારી'ની ગંધ વધુપડતી હતી. રાજા જ્યૉર્જની છબી સિવાય આપણાં બાળકો આગળ ધરવાને આપણી પાસે આપણા રાષ્ટ્રનો બીજો કોઇ વીર નર નથી? અને શણગાર માટે 'યુનિયન જૅક'ના વાવટા સીવાય બીજો કશો દેશી શણગાર નથી? ભાષણો અને સંવાદોમાં પણ હીંદી વાતાવરણ ઘણું જ આછોતરૂં હતું. અને બધાં અંગ્રેજી ભાષણો થઇ રહ્યા પછી ખાતાના વડા મિ. વકીલનું ભાષણ ગુજરાતીમાં થયું ત્યારે જ જાણે લાગ્યું કે માતૃભાષા માટે અહીં થોડુંઘણું યે માન છે. એમનું ભાષણ માહીતીઓવાળું અને કેળવણીનો ઠીક આદર્શ રજુ કરતું હતું.

કળશ ઉપર ઝુલતી ફુલની માળાઓ સાથે કન્યાઓએ ગાએલો 'પાણી ગઇ'તી વાળો રાસ સરસ હતો; પણ એ કળશ તો ખાલી હતા! નળનાં પાણી ભરતા થઇ આપણે ખાલી કળશે 'જળ ભરવા જવા'ના રાસ ગાવા લાગ્યા ત્યારે જ આપણી નદીઓનાં પાણી શોષાઇ ગયાં!

બાળાઓએ કરી બતાવેલી કસરતો, એ અમને સ્ત્રી કેળવણીનું અનોખું ને ઉપયોગી અંગ લાગ્યું. કસરતની તાલીમ,



અમદાવાદ મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજની કન્યાઓએ હાથે રચેલી કાર્યક્રમ-પત્રિકાઓ

શાન્તિ અને વ્યવસ્થા સુંદર હતાં.

આ મેળાવડાની જોડે કન્યાઓના કામનું એક પ્રદર્શન પણ ભરેલું હતું. એમાં માટીનાં રમકડાં, મલોખાંની ફ્રેમો, રસમય અને અવનવા નકશા, કન્યાઓએ રંગેલા છોટ વગેરે થોડી બાબતો સારી હતી. એક બહેને વળી 'કુમાર' અને એના ઘોડાનું ચિત્ર દોરેલું !

પણ આ મેળાવડાનું અમને જે સર્વોત્તમ અંગ લાગ્યું તે એના 'કાર્યક્રમની પત્રિકાઓ.' જોકે એ બધી હતી તો અંગ્રેજીમાં, પણ એ બધી પત્રિકાઓ શાળાની કન્યાઓએ જ તૈયાર કરેલી. એટલી બધી સંખ્યાબંધ પત્રિકાઓ, બાળાઓ હોંસપૂર્વક હાથેથી સુંદર અક્ષરે લખી તૈયાર કરે, તે દરેક ઉપર શણગાર માટે જુદાં જુદાં ફુલવેલનાં સુશોભન ચીતરે, દરેક પત્રિકા હાથકળા અને રસવૃત્તિનો એકેક અનોખો નમુનો બને, તે નિમંત્રિત ગૃહસ્થોમાં વહેંચાય અને એ રીતે શાળાનું કામ નાગરિકોના ઘરમાં પહોંચે એ વિચાર અમને ઘણો સુંદર લાગ્યો. અમને કહેવામાં આવ્યું કે દર વરસે આમંત્રણ પત્રિકાઓ પણ હાથે લખીને જ કાઢવામાં આવે છે ! આમાં ઉત્તમ કલાપ્રેમ છે, હાથ-કેળવણીનો આનંદ છે; એ દરેક પત્રિકાની પાછળ મનુષ્યત્વની સજીવ લાગણી છે. મોડીમોડી પણ અમને હાથ લાગેલી એવી થોડી પત્રિકાઓના નમુના એકઠા કરી તેનું એક ચિત્ર અહીં આપીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે આ કલામય પ્રવૃત્તિનું અનુકરણ સૌ કરે.

●

અમદાવાદની 'નવી ગુજરાતી રાષ્ટ્રીય શાળા'એ પણ હજુ હમણાં જ પોતાનું વાર્ષિક સંમેલન કર્યું એ જોઇને વળી અમને જુદી જ આશાભરી છાપ પડી. ત્યાંના નાના નાના વિદ્યાર્થીઓની સજીવતા, તેજસ્વિતા અને સર્વદેશી વિકાસ આશ્ચર્યકારક હતાં. છોકરાં રમે, છોકરાં ગાય, છોકરાં કુદે, છોકરાં ધોલકીઓ કરે ને હાટડીઓ માંડે, ઘર માંડવાના ને ધંધો ખેડવાના ડોળ કરે એ તે કાંઇ શિક્ષણ કહેવાય ?—આવા વિચારો ધરાવનારા ઘણા હશે. પણ એમાં જ એ છોકરાંઓનો અજબ વિકાસ થાય છે.

આ રાષ્ટ્રીય શાળાનાં બાળકો સાદાં મકાનોમાં ભણે છે, નીશાળના નાના ચોગાનના પોતે ઉછરેલા બગીચામાં તેમની નજર સામે રોજ ફુલોને ઉગતાં ને ઝાડને વધતાં જુએ છે, પોતાની એ સુંદર ધોલકી જેવી નીશાળ તરફ પોતાના ઘર જેટલી જ મમતા ધરાવે છે; શિક્ષકો તેમને હાઉ લાગતા નથી, અભ્યાસ બોજારૂપ થતો નથી, પરીક્ષા કઠોર જણાતી નથી.

શાળાના પ્રાણ જેવા મુખ્ય 'ગુરુજી' (એ આ શાળાના વિદ્યાર્થીઓનો પ્રિય શબ્દ છે.) પાનાચંદભાઇને તમે જુઓ તો કોઇ હેતાળ ડોશીમા સાંભરી આવે. બાળકો તેમને હેતથી વળગે છે, તેમના તરફ પ્રેમ રાખે છે, અને બહુ જ અભિમાનપૂર્વક પોતાના ગુરુજીનાં વખાણ કરે છે. શાળા છોડીને જે બાળકોને દૂર જવું પડયું છે તેમને તો ઘણું દુઃખ લાગ્યું છે, કેટલાંય તો રડયાં છે. આ બધા અનેરા અનુભવો તો એ ગુરુજી અને એનાં બાળકો જ જાણે.

આ સંમેલનના પ્રમુખપદેથી ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર શ્રી કિશોરલાલભાઇએ આવા વાર્ષિક મેળાવડાઓ અને નાટ્યપ્રયોગો તરફ જે કટાક્ષ કર્યો તે આ શાળા માટે તો તદ્દન અસ્થાને હતો એવી અમારી ખાતરી છે. શ્રી કિશોરલાલભાઇનું તો એવું જ માનવું છે કે આવા સંવાદો અને નાટ્યપ્રયોગો તૈયાર કરાવવા માટે બાળકો પર જુલમ થાય છે, વાર્ષિક મેળાવડાઓ પોતાની શિક્ષણશક્તિનાં પ્રદર્શનો માટે કરવામાં આવે છે, અને એ દંભની પાછળ શાળાની ખામીઓ ઢાંકી દેવામાં આવે છે. અલબત્ત, બીજે બને છે તેમ, જ્યાં પરીક્ષક અમલદારોને રીઝવવા હોય, શેઠીઆઓ પાસેથી પૈસા પડાવવાના હોય, શિક્ષકોને પ્રમોશનોની લાલચો હોય, ત્યાં એમનો એ કટાક્ષ યોગ્ય સ્થાને છે. પણ અહીં તો વરસ આખાના હેતાળ સંબંધો ને રસભર્યા અભ્યાસ પછી આનંદના ઉમળકાથી જે છુટ અને ઉત્સવની વૃત્તિ ઉપજે છે તે જ દેખાતાં હતાં, જેમાં જુદા જુદા વર્ગના વિદ્યાર્થીઓ વર્ગના આંતરા વટાવીને મિત્રો થાય, કાર્યમાં અરસપરસ સ્નેહસહકાર કરે, અવનવી જાતની તાલીમ મેળવે અને આનંદ ભોગવી છુટા પડે, એવાં સંમેલનો જ્યાં થાય તેમાં ગએલાં સમય ને મહેનત શું નકામાં અને નિરર્થક ગણાશે ?

લીલો મેવો

મિસરની નાઇલ નદીના કાંઠા પરનાં ખેતરોમાં ઉંટને હળે જોડવામાં આવે છે.

સૂર્યથી પૃથ્વી જેમ જેમ દૂર જાય છે તેમ તેમ તેની ગતિ ધીમી પડે છે.

કૅનેડાની સમૃદ્ધિ માણસદીઠ ૭૫૦૦ રૂપીઆની ગણાય છે !

ઇંગ્લંડમાં એક કુતરો પુંછડી પટપટાવતો દાનની પેટી લઇ ભીખ માગતો ફરે છે !

'જાપાન' અને 'નિપન'નો અર્થ 'સૂર્યનું ઉત્પત્તિ સ્થાન' એવો થાય છે.

ઇ. સ. ૧૮૫૩ સુધી જાપાન કોઈ પરદેશીને પોતાના દેશમાં આવવા દેતું નહોતું.



માધુકરી

વાઈસરૉય બનનાર વિદ્યાર્થી

આશરે પચાસ વર્ષ પહેલાં ઇગ્લંડની એક શાળાના વિદ્યાર્થીઓ-ની વ્યાસપીઠ ઉપરથી એક ઉગતા વિદ્યાર્થીએ ગર્વપૂર્વક જાહેર કર્યું કે હીંદુસ્તાન જેવા દુનીઆના મોટામાં મોટા, વૈભવસંપત્તિ, સત્તા ને જવાબદારીવાળા દેશના વાઇસ-રૉયના પદને હું લાયક છું; અને મોટો થઇને હું જરૂર તે જગ્યા મેળવીશ.

તમને નથી લાગતું કે આ સાંભળીને દુનીઆ એ બોલનારને પાગલ કહે, અને એની મુર્ખાઈ પર હસે ? પણ એ બોલનારને પોતાની જાતનું પુરૂં ભાન હતું, પોતાની શક્તિમાં શ્રદ્ધા હતી. એ વચનો ઉચ્ચારીને એ ચુપ બેસી ન રહ્યો. દૃઢ મનોબળ, અખૂટ ખંત ને અતુલ શક્તિ વડે તેણે તેજસ્વી પગલે દુનીઆમાં પોતાનો માર્ગ કર્યો.

ઇ. સ. ૧૮૯૫ માં કેડેલ્સ્ટનમાં તેનો જન્મ થયો હતો. ઑક્સફર્ડ યુનિવર્સિટિના બેલીઅલ કૉલેજમાં તેણે અભ્યાસ કર્યો ને ૨૭ વર્ષની ફુટતી જુવાનીએ તો જાહેર જીવનમાં ઝંપલાવ્યું.

વિદ્યાર્થી અવસ્થામાંથી નીકળી તે ચીન, જાપાન, કોરીઆ, ઇરાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન વગેરે એશીઆઇ મુલકોમાં ભારે સાહસો ખેડતો આથડ્યો, તે દરેક દેશનો બારીક અભ્યાસ કરી તેના પરિણામ રૂપ સુંદર પુસ્તકો લખી તેણે જગતને આપ્યાં. આ બધી એની તૈયારીઓ હતી. પોતે જે વાત વિદ્યાર્થીઅવસ્થાએ જાહેર કરેલી એ મહત્વાકાંક્ષાની પાછળ એ પુરુષસિંહે અથાગ પ્રયત્ન ખેડ્યો.

અને આખરે, કોઇ ભવ્ય તેજસ્વી તારો આકાશ વીંધતો આવે તેમ, ઇ. સ. ૧૯૦૦ ની સાલમાં જગતને પ્રકાશના તેજે આંજતો એ હીંદુસ્તાનનો વાઈસરૉય બની ભારતને કીનારે ઉતર્યો.

તેજસ્વી બુદ્ધિ ને અતુલ શકિતશાળી એ પુરુષને પોતાના શાસક તરીકે આવેલો જોઇ અને તેની અમૃત જેવી વાગ્ધારા સાંભળી સૌને હીંદના ઉજળા ભાવી માટે આશા પડી. આપણા હીંદના ભલભલા દેશાભિમાનીઓએ તેની સ્તુતિ કરી, મહાસભાએ અભિનંદનો મોકલ્યાં, ને આપણા પૂજ્ય પુરુષોએ ઉપકારગીત ગાયાં. હીંદ, ઇગ્લેંડ ને જગત ફાટી આંખે જોઈ રહ્યાં કે બુદ્ધિ ને શક્તિનો આ અંવતાર શું કરશે ?

* * *

પણ, શક્તિ મેળવવી એના કરતાં શક્તિ જીરવી બહુ મુશ્કેલ છે. એ શક્તિને લીધે એનામાં ઉપજેલા અભિમાને જ એની શક્તિની ધૂળની કીંમત કરી, અને એને ખરી મહત્તા ન મળી. મહત્તાની માયામાં જ એ આથડ્યા કર્યો.

એનામાં એ શક્તિના મદને લીધે હદબહારનું અભિમાન, ઉછૃંખલતા ને અવિચારીપણું આવ્યાં. અને એ મદને શિખરે ચઢી નીચેની દુનીઆને એણે તુચ્છકારી.

પશ્ચિમની જડવાદી સંસ્કૃતિથી એ ભરેલો હતો. એ માનતો કે પશ્ચિમની પ્રજા મહાન, ને હીંદ તથા એશીઆની પ્રજાઓ એ તો વહેંતીઆં; પશ્ચિમ એટલે મહત્તા, ને પૂર્વ એટલે પામરતા; પશ્ચિમ એટલે દેવ, અને પૂર્વ એટલે પશુ.

આવી મનોદશાવાળો પુરુષ હીંદનું શું ભલું કરી વળે ? જ્યારે એણે વાઇસરૉયપદ છોડી હીંદમાંથી વળતાં પગલાં કર્યાં ત્યારે હીંદની પ્રજાએ છડેચોક પોકાર કર્યો કે હીંદુ-સ્તાનના કોમળ જીગરમાં બંગભંગ જેવા કારી ઘા કરનાર એ વાઇસરૉય નવીન ભારતની પ્રજાકીય ભાવનાને ચગદી નાખનાર નિર્દય માનવ હતો; જગતમાં શ્રેષ્ઠતમ એવી આર્યસંસ્કૃતિને અપમાન કરનાર અભિમાની અમલદાર હતો; ભારતવાસીઓને તરણાં તુલ્ય ગણનાર ગર્વિષ્ટ ગવર્નર જનરલ હતો.

* * *

તે એક રસિક પુરુષ હતો. આગ્રાના તાજ ઉપર તેનો પ્રેમ દંતકથા જેવો હતો. ચાંદનીમાં તાજમહાલ જોવા સારૂ દેશદેશના રસિકો હીંદ આવે છે. એ પોતે એ દૃશ્ય

ઉપર એટલો મુગ્ધ હતો કે, એમ કહેવાય છે કે પોતે ચાંદનીમાં તાજમાં સારી રાત જાગતા સુવાની મોજ માણતો. હીંદુસ્તાનનાં જુનાં પુરાણાં સુંદર મકાનોનાં અવશેષો સંઘરી રાખવા તેણે કાયદો ઘડયો, તેને માટે એક આખું ખાતું ખોલ્યું ને તેના પાછળ અનગળ ખર્ચ કર્યો. હજી પણ એ ખાતું ચાલે છે. એ રીતે હીંદુસ્તાનનું કેટલું યે જુનું ધન જે આજે સંઘરાય છે તેનું પુણ્ય એની રસિકતાને ચડશે.

એ અપ્રામાણિક માણસ નહોતો, દગાબાજ નહોતો. એનામાં વિચારોની સાફદિલી હતી; એ જે માનતો તે બોલતો અને આચરતો. એ અખૂટ શક્તિમાન, અત્યંત બુદ્ધિમાન, અનહદ અભિમાની પુરુષસિંહ હતો. જગતનું કલ્યાણ કરવાની તેનામાં અપાર શક્તિઓ હતી, પણ તે જગતને કલ્યાણકારી થઇ શકયો નહિ; માટે જ તે મહાન પુરુષ ન બની શકયો.

મહત્તા માગતો, તેને માટે ઝુરતો, છતાં સદા ખોટે માર્ગે ચડેલો એ પ્રયત્નવાન પુરુષસિંહ તે લૉર્ડ કર્ઝન. ગઈ તા. ૨૦મી માર્ચે લંડનમાં તેણે પોતાની આવી અદ્‌ભુત જીવનલીલા સંકેલી છે. એના આત્માને શાંતિ હો!

('સૌરાષ્ટ્ર' ઉપરથી)

ચમત્કારિક સ્મરણશક્તિ

કોઇ માણસમાં આપણે કોઈ પ્રકારની વિશેષ શક્તિ જોઈએ છીએ ત્યારે તેને ઇશ્વરી બક્ષિશ માની આશ્ચર્ય પામ્યા કરીએ છીએ, અને બક્ષિશ વિના તેવી શક્તિ માટે પ્રયત્ન કરવો નિરર્થક માનીએ છીએ. ભાઇ ટીમોથી અવધાની પોતાની જાતના દૃષ્ટાંતથી આ વિચાર ખોટો પાડે છે.

ભાઈ ટીમોથી મિજલસમાં બેસીને જુદા જુદા માણસોએ એક પછી એક આપેલાં ૧૫૦ થી ૨૦૦ વાકયો યાદ રાખીને તરત કહી આપે છે. બધાં વાકયો અપાઈ ગયા પછી ગમે તે માણસ તેમાંનું ગમે તે વાકય આડુંઅવળું પુછે તોપણ બરોબર નંબર સાથે તે વાકય બરોબર બોલી બતાવે છે; અટપટું ગણિત ત્વરાથી કરી આપે છે; ગમે તે અજાણી ભાષાના વાકયના શબ્દો ક્રમ સાથે આડા અવળા સાંભળી આખું વાકય ગોઠવી બેસાડે છે; અને બીજા સ્મરણશક્તિના ઘણા પ્રયોગો કરે છે.

આવી ચમત્કારિક યાદશક્તિ તેમણે લોકોને માત્ર ચકિત કરી દેવા કેળવી નથી. મુળ તો એમણે એ પોતાની શાળાનો અભ્યાસ સહેલો કરવા કેળવેલી; અને હવે તો દરેક ભાષાના અભ્યાસમાં તેનો ઉપયોગ થઇ શકે એમ પોતે માને છે. કેવા સંજોગોમાં તેમણે આ શક્તિ કેળવી એની રસભરી હકીકત એ કહે છે:



એમના બાપદાદા મુળ ગુજરાતના બોરસદ ગામના ખેડુતો, પણ કાઇ સંજોગવશાત્ ક્રિશ્ચિયન થઇ ગએલા. એટલે ટીમોથી જન્મથી જ ક્રિશ્ચિયન ધર્મના ઉપાસક થયા. નાનપણમાં ભણવાગણવામાં કંઈ બહુ ધ્યાન આપેલું નહિ, પણ તોફાન રમ્જડ કરવામાં પહેલો નંબર મેળવેલો. એમ છતાં બાઇબલનાં વચનોમાં એમને મુળથી જ બહુ શ્રદ્ધા હતી, અને સમજપૂર્વક તથા ભક્તિથી તેનો અભ્યાસ કરી તે વર્તનમાં ઉતારવા મથતા.

અભ્યાસ કરવાની પણ એમની રીત અને વખત જુદાં. રાત્રે દસ વાગે બધા સુઇ જાય ત્યારે વાંચવું શરૂ કરે, અને સવારે ચાર વાગે શિક્ષક આવે, અને બધા વાંચવા ઉઠે ત્યારે પોતે સુઈ જાય. છતાં ઇતિહાસ ભુગોળ તો આવડે જ નહિ; અને તેમાં યે ઇતિહાસની સાલવારી તો કેમે કરી યાદ ન રહે.

આણંદમાં પરીક્ષા આપવા ગયા તે વેળા એ સાલવારી યાદ રાખવા એમણે એક યુક્તિ શોધી કાઢી. કંપાઉન્ડમાં જુદાં જુદાં ઝાડ ઉગેલાં. તેમાંના દરેક ઝાડ ઉપર ઇતિહાસના બનાવોની જુદીજુદી સાલો કલ્પી. યુક્તિ સફળ નીવડી, ને પોતે પરીક્ષામાં સારે નંબરે પાસ થયા.

પછી તો શું? એ યુક્તિને ખીલવીને આગળ ઉપયોગમાં લેવા માંડી. ઝાડપર કલ્પેલી સાલો યાદ રહે તો પુસ્તકનો સાર કેમ યાદ ન રહે? બાઇબલનો દરેક પૅરેગ્રાફ વાંચીને તેનો સાર ઘરમાંની વસ્તુઓ પર કલ્પીને યાદ રાખવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં સફળતા મળી નહી; કારણકે વસ્તુઓ ઉપર માણસોના હાવભાવનું આરોપણ બરોબર ન કરી શકાય, અને વળી ઘરની વસ્તુઓ અવારનવાર ફરતી રહે. તેથી જેવો પુસ્તકનો સાર તેવા પ્રકારના તથા સ્વભાવનાં પોતાનાં સગાંસંબંધી કે ઓળખાણનાં માણસો પર તે કલ્પીને યાદ રાખવા માંડયું અને તેમાં સફળ થયા.

અમદાવાદમાં ડિવિનિટિ કૉલેજમાં ડૉ. ટેલરના હાથ નીચે તે અભ્યાસ કરતા. દર શનિવારે પરીક્ષા થતી. પોતે છ દહાડા રમતા, અને શુક્રની રાત્રે વાંચતા. છતાં નંબર તો પહેલો જ આવે. અને ડૉ. ટેલરને વધુ આશ્ચર્ય તો એ થતું કે ટીમોથીએ આપેલા પરીક્ષાના જવાબોમાં પુસ્તકનો ક્રમ આબાદ જળવાએલો રહેતો.

વસ્તુઓ ને સંખ્યા યાદ રાખવા વીશે એક રમુજી તુક્કો એ કહે છે. એકવાર બપોરે પોતે છત્રી ઓઢીને પોતાના છોકરાને લઈને જતા હતા, એવામાં રસ્તામાં નીશાળ આવી. નીશાળમાં છોકરાઓ આંક બોલતા હતા તેનો અવાજ આવ્યો 'છાએ છાએ છત્રી.' એ સાંભળી, પોતે છત્રીને છાંયે ચાલતા હતા તે બતાવીને છોકરાએ એમને કહ્યું 'જુઓ બાપા, છાંયે છાંયે છત્રી!' આંક યાદ રાખવાની કેવી સરસ યુક્તિ! ભાઇ ટીમોથી કહે છે કે આવી જ રીતે હું બધી વસ્તુઓ યાદ રાખું છું.

પણ અત્યાર સુધી એમને ખબર ન હતી કે સ્મરણશક્તિને કેળવીને લોકો તેની મદદ વડે 'અવધાન'-ના પ્રયોગો કરે છે. એકવાર એમના પાદરી સાહેબે કોઇ અવધાનીના અજાયબજેવા પ્રયોગોની વાત પેપરમાં આવેલી વાંચી સંભળાવી. એ જોઈ ટીમોથીએ કહ્યું, 'હું પણ એવું તો કરી શકું.' સાહેબ તો શાના માને? પણ ટીમોથીએ સાચ્ચે જ પ્રયોગો કરી બતાવ્યા અને સાહેબ તાજુબ થયા.

પછી તો વાત ફેલાઇ. આણંદમાં અને ત્યાર પછી સુરતમાં, એમ બે ઠેકાણે ખ્રિસ્તીઓની સભા વખતે, એમણે પોતાની સ્મરણશક્તિના પ્રયોગોથી લોકોને ચકિત કર્યા.

આ દરમ્યાન એમનો બાઇબલનો અભ્યાસ ચાલુ હતો. બાઇબલનું એમણે બહુ જ મનનપૂર્વક અધ્યયન કર્યું, અને તેને પરિણામે અત્યારનું ખ્રિસ્તી જીવન જોઇ તેમને કેટલીક ધાર્મિક શંકાઓ ઉઠી. એ બધી એમણે તારવીને નોંધ રૂપે એક પુસ્તક તૈયાર કર્યું. પોતાના મિત્રો અને જાણીતા ઉપદેશકોને એ શંકાઓ પુછતા કે 'બાઇબલમાં તો આમ લખ્યું છે, અને આપણા ખ્રિસ્તીઓનું વર્તન આવું કેમ? સહુને આ શંકા સમજાતી અને ખરી લાગતી, પણ કોઈની હીંમત નહોતી કે જાહેર ચર્ચા ઉપાડે.

એવામાં ઇ. સ. ૧૯૨૨માં એમને ભારે માંદગી આવી. કંપાઉન્ડરની ભુલથી ખોટી દવા અપાવાને લીધે તેમનું મોં સુજી આવ્યું અને અતિશય પીડા પામ્યા. આ વખતે તેમને વિચાર આવ્યો કે આ જીવલેણ માંદગીમાંથી જો સાજાસમા નહિ ઉઠાય તો પોતાની સ્મરણશક્તિની વિદ્યાનો પણ પોતાની સાથે જ નાશ થશે, અને દુનીઆને તેની જાણ નહિ થાય. તેથી લોકોના ઉપયોગ સારૂ તેમણે સ્મરણશક્તિ કેળવવા વીશે પોતાના અનુભવો પરથી એક પુસ્તક લખી નાખ્યું. સુભાગ્યે તે માંદગીમાંથી સાજા થયા અને પુસ્તક છપાવ્યું, પણ કશા ઉત્તેજન વિના બધી મહેનત અને ખરચ માથે પડયાં.

આ દરમ્યાન પોતાની બાઇબલની શંકાઓનું પુસ્તક પણ તેમણે પ્રકટ કર્યું, પણ એ યે ખરીદવાની કોઇની હીંમત નહોતી. ધર્મની સામે આમ શંકા ઉઠાવવાના આ ગુનાહ માટે એમને મિશનની નોકરીમાંથી રજા મળી! તાજી માંદગીમાંથી ઉઠેલાને માથે આ 'પડયા પર પાટુ' જેવું હતું, પણ એમણે હીંમતપૂર્વક પોતાનો એ રોટલો જતો કર્યો પરંતુ અંતરાત્માને છેતર્યો નહિ.

અને હવે કસોટીની પળ આવી. એક બાજુ સિદ્ધાંત અને બીજી બાજુ ભુખમરો. અધુરામાં પુરૂં એમને એપેન્ડિસાઇટિસનું દરદ હતું તેનો ઉથલો આવ્યો. કુટુંબનાં માણસો પણ ઢીલાં પડી ગયાં, પરંતુ ટીમોથી તો અડગ હતા.

મજુરી કરવાની તૈયારી કરીને તેમણે 'ચંદ્ર વીવિંગ વર્કર્સ'માં વણવાની નોકરી લીધી. તાણી ઉપર કામ કરવાથી એમનું એ આંતરડાંનું દરદ પણ ગયું, અને સ્વતંત્ર ધર્મવિચાર અને જીવન પાળી શકે તેવો ધંધો મળ્યો.

ત્યાં જરા સ્વસ્થ થયા એટલે તેમણે કેળવાએલા વર્ગ તરફ ધ્યાન પરોવ્યું. પહેલાં ટ્યુટોરીઅલ હાઇસ્કુલમાં પોતાની સ્મરણશક્તિના પ્રયોગો કર્યા. પછી પ્રો. ત્રિવેદીની વગથી વડોદરા કૉલેજમાં, ગુજરાત મહાવિદ્યાલયમાં, અમદાવાદ સાહિત્ય સભામાં અને હવે તો ઠેરઠેર એમના પ્રયોગોથી લોકો જાણીતા થયા છે. અમેરિકન મિશનના પાદરીઓનો વિશ્વાસ બેસતો નહિ તેમને પણ સંતોષ થયો. પ્રયોગો કરવાની સાથેસાથે જ આ વાતની બધી વિગત અને હેતુ તે સૌને સમજાવે છે. કારણકે પોતે ઇચ્છે છે કે લોકોના લાભ માટે તેનો ફેલાવો થાય.

અહમદ રસુલી

ગયા અંકની માધુકરીમાં મોરોક્કોના વીર અબ્દુલ કરીમ વીશે થોડુંક આપ્યું હતું. એ કરીમની સામે પડી સ્પેન રાજસત્તા સાથે ભળી જનાર અહમદ રસુલીનું જીવન તો એથી યે વિવિત્ર અને વિચિત્ર છે.



અહમદ રસુલી! —સીતેર વર્ષના, એ પ્રપંચમાં પાવરધા સુરનું નામ સાંભળતાંવેંત મોરોક્કોના હરકોઈ રીફના હૃદયમાં અવિશ્વાસની કંપારી છુટે છે.

પચીસ વરસની વાતપર આખી દુનીઆની આંખો

એણે એકાએક ઉપાડી નાખી. વિલાયતના 'લંડન ટાઇમ્સ' પત્રના આફ્રીકાના ખબરપત્રી મિ. વૉલ્ટર હૅરિસને કેદ કરીને એણે જગતને નોટીસ આપી કે રૂા. દોઢ લાખ અહમદ રસુલીને મળશે તો જ હૅરિસનું મોં દુનીઆ જોઈ શકશે. એક તો અંગ્રેજ બચ્ચો, તેમાં વળી પત્રકાર, અને તે યે 'લંડન ટાઇમ્સ' જેવા મોટા છાપાનો, એટલે બીજાજમાં હૅરિસે તો રાતી પાઈ સરખી યે આપવાની ઘસીને ના પાડી બીજે દહાડે સવારે ઉઠીને હૅરિસ જુએ છે તો પોતાની જ પથારી પાસે, પોતાના જ પોશાકમાં કોઇ ગોરાનું માથા વિનાનું ધડ લોહીથી તરબોળ પડયું હતું! આ જોઇને જ હૅરિસ ત્રાસી ગયો અને ગુપચુપ દંડ ભરી દેવડાવી વીલાયત ભેગો થઇ ગયો.

જુવાની એની કાંધે કુદકા મારી રહી હતી ત્યારે, મોરોક્કોના સુલતાનના ઢીલાપોચા રાજ્યમાં, મુર વંશના આ જુવાને, લુટારાઓના ત્રાસમાંથી પ્રજાને છોડાવી રક્ષણ કરવાના બહાના હેઠળ સાહસિક ને જુવાન મુરોને એકઠા કરી એક ટોળી જમાવી. પણ એમાંથી બન્યું એવું કે એ પોતે જ લુટારો બની ગયો.

કોઈ સાથીના દગાથી એ પકડાયો ને મોરોક્કોના કેદખાનામાં ભારે જંજીરો ને તોલદાર તોકના બોજા નીચે જકડાયલાં ચગદાયલાં પાંચ વર્ષ ગાળ્યાં. અને છેવટે સૌને હાથતાળી આપી ત્યાંથી નાસી છુટી પોતાના માનીતા પહાડોમાં પેઠો.

વેરની ઝનુનમાં તેણે મોરોક્કોની સલ્તનતને જમીનદોસ્ત કરવાના પ્રયત્નો આદર્યા. હવે તે કોઇ મામુલી લુટારો નહોતો, પણ અઢળક ધન અને બેશુમાર સાથીઓની મદદ ધરાવતો પહાડોનો નાનેરો રાજા હતો.

'લંડન ટાઇમ્સ' ના ખબરપત્રીને છોડાવવા માટે ભરવા પડેલા દોઢ લાખ રૂપીઆ બ્રિટિશ સલ્તનતે મોરોક્કોના સુલતાન પાસેથી મારીઠોકીને લીધા. રસુલી આ જાણતો હતો તેથી જ તેણે એ પ્રપંચ રચેલો. તેને તો હરકોઇ પ્રકારે સુલતાનને સુખે સુવા નહોતો દેવો. થોડા જ વખતમાં તેણે પેરડી કેરીસ નામના એક અમેરિકનને પકડયો અને જાહેર કર્યું કે મારાં ખીસાં તર કરશો તો જ એને જીવતો જોશો. અમેરિકન સરકારના દબાણથી સુલતાનને એ રકમ પણ ભરવી પડી ને કેરીસ છુટયો. છેલ્લો દાવ રસુલીએ, ખુદ સુલતાનના અંગ્રેજી સેનાપતિ સર હેનરી મેકલિનને પકડી અજમાવ્યો, અને એના છુટકારા માટે સાડા સાત લાખ રૂપીઆ દંડ મા યો, નીચી મુંડીએ સુલતાનને એ પણ ભરવા પડયા. સુલતાનની પાયમાલી થવી જે કાંઈ અધુરી રહી હતી તે પુરી થઈ.

હવે કાંઇ રસુલી પહાડનો લુટારો રાજા ન હતો, પણ મોરોક્કોનો સત્તાધીશ મુત્સદ્દી હતો. તેણે ઘડીઘડીમાં ફ્રાંસ, સ્પેન, ઇંગ્લંડ અને અમેરિકાની સરકારો સાથે સંધિઓ કરી અને તોડી. છેવટે સ્પૅનિશ સરકારના જુલમ સામે તેણે જેહાદ જગવી અને તેને હેરાન પરેશાન કરી મુકી. પણ નાણાંના લોભે તે પડયો અને સ્પેન સરકારે તેને પૈસાને જોરે વશ કરી પોતાની વતી મોરોક્કોનો ભાડુતી સત્તાધીશ નીમ્યો.

પણ એવામાં દેશભક્તિના રંગે રંગાએલો, માતૃભૂમિના છુટકારા માટે ઝુઝતો, કરીમની સરદારી નીચે નવો રીફ પક્ષ ઉભો થયો અને તેણે સ્પેન સરકારને હંફાવી રસુલીને કેદ કર્યો. હજી તો જગત વિચારી રહ્યું હતું કે આ જુવાન દેશભક્ત કરીમ, વૃદ્ધ દેશદ્રોહી રસુલીને શી શિક્ષા કરે છે, ત્યાં તો જાહેર થયું કે રસુલી આ જગત પર નથી!

રસુલીના હાથમાં કેદ પકડાએલો અમેરિકન કેરીસ તેને માટે લખે છે કે, 'એ માણસ એટલો તો કોમળ અને દયાળુ હતો કે એક છોકરાની બુમ પણ તેનું કાળજું કંપાવી નાખતી, એટલું જ નહિ, પણ કૉફીના પ્યાલામાં જીવડું પડે તો તેને બચાવી લેવાનો એ પ્રયત્ન કરતો.'

તેણે લુટારા તરીકે, બહારવટીઆ તરીકે ને સત્તાધીશ રાજા તરીકે છેલ્લાં ચાળીસ વર્ષમાં નામ કાઢયું. તેણે કારાવાસ ભોગવ્યા, લુટી લુટી લક્ષ્મીના ડુંગરો કર્યા અને ઉદાર હાથે તે ગરીબોમાં વહેંચ્યા. માત્ર લાકડાનો સાદો 'બડુકો' રાખી અનેક માણસો ઉપર શાસન કર્યું. આજથી તેના એ પરાક્રમ, સાહસ, ઉદારતા, મુત્સદ્દીગીરી અને લોભની મૂર્તિ સમા તેજસ્વી જીવન ઉપર પડદો પડે છે.

('સૌરાષ્ટ્ર' માંથી)

મોટાભાઈ

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન સ્થપાયું તે પહેલાં મુ. નાનાભાઇ (નૃસિંહપ્રસાદ ભટ્ટ) એક નાના વિદ્યાર્થી-મંડળના નાયક હતા. હું પણ એ મંડળમાં હતો. મને લાગે છે કે અમારી એ અવસ્થામાં નાનાભાઇ અને ગીજુભાઇ જેવાની વાતો સાંભળવાનું અમને ન મળ્યું હોત તો અત્યારનાં કેટલાં યે કામો કદિ શરૂ જ થયાં ન હોત. પરંતુ એમની સાથેનું અમારૂં જોડાણ કરાવનાર એક વિશાળ હૃદયની બાલવત્સલ વ્યક્તિ હતી. એ સ્વ. પૂ. મોટાભાઇ, અથવા દુનીઆના હરગોવિંદદાસ પંડયા

એ ભાવનગરમાં ન હોત તો અમારો યોગ મુ. નાનાભાઇ સાથે થઇ શકયો ન હોત. મોટાભાઇએ સ્ટેશનના મકાનમાં અમને તોફાન કરવાની, અવનવા બુટ્ટાઓ ઉઠાવવાની, જાતજાતનાં ધાંત્રલો મચાવવાની પુરી છુટ આપેલી.



મોટાભાઈ

તેમનું ઘર જાણે બાળકોનો પ્રજાસત્તાક દેશ હતો. આટલું કરીને જ મોટાભાઇ અટકયા નહોતા. તેમને ત્યાં આવનાર દરેક વિદ્યાર્થીના તે વડીલ, મિત્ર, સહાયક, સલાહકાર અને મોટા વકીલ હતા.

નાનામાં નાના બાળકની ફરીઆદ ઉપર પણ મોટાભાઇ ધ્યાન આપતા અને તેને સધ્યારો દેતા. એમનો વિશાળ પ્રેમ પ્રવાહ પોતાના કુટુંબની બહાર અનેક કુટુંબો સુધી પહોંચતો. કોઈ પણ ગૃહસ્થને ત્યાં વિદ્યાર્થી કે જુવાનોને એમના જેટલો આદર અને સહાય મળતાં નહિ. તે વિદ્યાર્થીઓમાં ભળતા તે ભળવાની ઇચ્છાથી નહિ;—તેમનો આત્મા જ વિદ્યાર્થીની કક્ષામાં આવી જતો.

એકવાર મોટાભાઇ અમારી સાથે ફુટબૉલ રમવા ઉતરેલા. પણ વિદ્યાર્થીઓ જેવી શરીરની સ્ફૂર્તિ નહિ એટલે રમતમાં પગનું હાડકું ભાગેલું અને ત્રણ માસ બીછાને રહેલા. એ વખતે બધા શિષ્ટ (!) જનોએ તેમને બાળકો સાથે આવી હુડમસ્તી કરવા માટે ઠપકો આપેલો! એ શિષ્ટ જનોને મોટાભાઇ અને બાળકોના સંબંધની શી ખબર પડે?

મોટાભાઇ વિદ્વાવાન નહોતા, કલાબાજ નહોતા, કેળવણીકાર નહોતા; છતાં વિદ્યારસિક હતા, કલાપ્રેમી હતા, સાચી કેળવણીના સબળ પ્રેરક હતા. વિદ્વાનોને, કલાકારોને ગુણવાળા પુરુષો ને ઉત્સાહી જુવાનોને તે સન્માન આપતા અને યથાશક્તિ પોષતા. સાધનની ફકીરી છતાં અંતરની અમીરીમાં મોટાભાઇને કોઈ પહોંચે નહિ.

વિદ્યાર્થીઓ અને વડીલો વચ્ચેની દીવાલો તોડી પાડનાર મોટાભાઇ સમા ધન્ય આગેવાન ન હોત તો દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન જેવી સુંદર ને ઉપયોગી સંસ્થા ભાવનગરમાં થતાં સમય લાગત. થઇ હોત તો આવો ને આટલો પ્રચાર પામતાં સમય લાગત.

મુ. નાનાભાઇને તેમના પ્રેમે સગા નાના ભાઇ બનાવી લીધા હતા. મોટાભાઇની ઉદારતા, ક્ષમતા અને અપાર વાત્સલ્યમાં નાનાભાઇની પ્રબળ સેવાભાવના, વિદ્વત્તા, દેશદાઝ અને કાર્યદક્ષતાનું સજીવ મીલન થયું અને અમને જોઇતા આદર્શો અમારી પાસે આવી પડ્યા. એ બંનેના ગુણરાશિમાંથી યત્કિંચિત્ પણ અમારા જીવનમાં ખેંચી લેવું એ અમારૂં ધ્યેય બની ગયું.

[શ્રી દ. મૂ. વિદ્યાર્થી સંમેલનના પ્રમુખના ભાષણમાંથી]

એક જાપાની વિદ્યાર્થીની આત્મકથા

હું ઉત્તર જાપાનના એક નાના ગામનો વતની છું. મારા બાપા માછીમાર હતા અને તેના ધંધા ઉપર અમારો નિર્વાહ ચાલતો. બચપણમાં હું ગામડાની નીશાળમાં ભણ્યો. ત્યાંનું ભણતર પુરૂં કરીને ત્રણ માઇલ દૂર આવેલી શહેરની નીશાળમાં દાખલ થયો. મારા બાપા નિર્ધન હતા છતાં મને પુસ્તકો વગેરે માટે પૈસા આપતા. ભણવા માટે દરરોજ હું ત્રણ માઇલ જતો અને આવતો. રવિવારને દિવસે હું મારા બાપાને મદદ કરતો.

આ અરસામાં મારી મા માંદી પડી અને આંખોની પીડાથી આંધળી થઇ. તેથી મારે મારા બાપાને સવારે તથા સાંજે રસોઈ બનાવવામાં મદદ કરવી પડતી. ઘરનું કામ કરવાને લીધે બાપાની કમાણી ઘટી ગઇ. આટઆટલી મુશ્કેલીઓ છતાં મેં મિડલસ્કુલનો અભ્યાસ પુરો કર્યો. મારો વિચાર હાઈસ્કુલમાં દાખલ થવાનો હતો; પણ બાપા વિરુદ્ધ હતા. છેવટે તેમને સમજાવીને મારા ગામથી સો માઇલ દૂર આવેલી એક હાઇસ્કુલમાં દાખલ થયો. મને ઘેરથી ફુટી બદામ પણ મળતી નહિ. સવારસાંજ હું નીશાળનું ઝાડુ કાઢતો અને એક શિક્ષકના ઘરનું કામકાજ કરતો. આ રીતે નિર્વાહ ચલાવીને મેં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. મારો વિચાર તો આગળ ભણવાનો જ હતો. પણ પૈસાનો સવાલ નડતો હતો. ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને હું જાપાનના પાટનગર ટોકીઓમાં આવ્યો ને મહામુસીબતે કૉલેજમાં દાખલ થયો. કૉલેજમાં દાખલ થયાને ત્રણ દીવસ થયા ને ખબર આવ્યા કે બાપા ગુજરી ગયા! મારી

સામે દુઃખનો ડુંગર તુટી પડયો. આંધળી માની સગવડ કરવી અને મારો અભ્યાસ ચાલુ રાખવો! પરંતુ હું મુશ્કેલીઓથી ડગું તેવો ન હતો. મેં એક ગાડીવાળા સાથે ગોઠવણુ કરી કે તેની ગાડી દિવસે તે પોતે ચલાવે અને રાત્રે મને ચલાવવા દે; અને તેમાંથી જે આવક આવે તેનો ત્રીજો ભાગ તેને ભાડા તરીકે આપવો. તેણે કબુલ કર્યું. મને ઠીક આવક થઇ. તેમાંથી માને પણ પૈસા મોકલી શકતો. પણ કમનસીબે એક દિવસ ગાડી ભાંગી ગઈ. ગાડીવાળો બહુ ગુસ્સે થયો અને ગાડીની કીંમત માગવા લાગ્યો. મેં કહ્યું, 'અત્યારે તો મારી પાસે ફુટી બદામ પણ નથી. ભલા, તું બીજી ગાડી લે. હું તે ચલાવીશ અને ધીરેધીરે તારૂં દેવું વાળીશ.' તેને દયા આવી અને મારી વાત સ્વીકારી. આથી મારે દેવું વાળવા માટે બે કલાક વધારે ગાડી ચલાવવી પડતી. હું રાતના બાર સુધી ગાડી ચલાવતો, અને સવારે પાંચ વાગે ઉઠીને ત્રણ કલાક કૉલેજનું કામ કરતો તથા દિવસના કૉલેજમાં જતો. પાંચ મહીના સુધી સખત પરિશ્રમ કરીને મેં દેવું ચુકવી આપ્યું. આ પ્રમાણે દુઃખ વેઠતાં વેઠતાં મેં કૉલેજનાં ત્રણ વર્ષ પુરાં કર્યાં અને હાલ ચોથું વર્ષ ચાલે છે.

ફક્ત ત્રણસો વરસમાં

ત્રણ સૈકા પહેલાં અમેરિકા ઉજ્જડ પડયો હતો. ઇ. સ. ૧૬૦૭માં વર્જીનીઆ નામે એક અંગ્રેજ સંસ્થાન અમેરિકાની વેરાન ભૂમિ ઉપર પહેલવહેલું બંધાયું. સરદાર જ્હૉન સ્મિથ તે સંસ્થાનના પ્રાણ જેવો પુરુષ હતો. એકવાર એ ત્યાંના મુળ વતનીઓ (ઇંડીઅનો)ના પંજામાં ફસાઇ પડયો. ત્યારે તેને એ લોકની 'પોકાહોન્ટાસ' નામની એક રાજકન્યાએ બચાવી લીધો. ત્યારબાદ એ બાઈ ઇંગ્લંડના રાજદરબારમાં આવી હતી અને જ્હૉન રોલ્ફ નામના અંગ્રેજ સાથે પરણી હતી.

થોડાં વરસ પછી એક ભારે બનાવ બન્યો. ઇંગ્લંડમાં ધર્મનો ત્રાસ પ્રવર્ત્યો અને કેટલાંક કુટુંબો સ્વધર્મની ખાતર પ્લીમથ બંદરેથી દેશ છોડી ચાલી નીકળ્યાં. ૫૩ પુરુષો, ૨૧ સ્ત્રીઓ, ૨૦ છોકરા અને ૮ છોકરીઓને ભરી 'મે-ફ્લાવર' નામે જહાજે ઇ. સ. ૧૬૨૦ માં અમેરિકાના માસાચુસેટ પરગણાને કાંઠે આવીને લંગર નાખ્યું.

અહીં આવી આ લોકે વગડામાં આશ્રય લીધો, ઘર બાંધ્યાં અને છુટથી પોતાનો ધર્મ પાળ્યો. હીંમત અને ધીરજ રાખી તેઓએ સંસ્થાનો બાંધ્યાં, પોતાની અસ્મિતા કેળવી અને ત્રણ સૈકાની અંદર જગતની મહાપ્રજા તરીકે સિદ્ધિ મેળવી. (અંગ્રેજી પરથી)

આજે પશ્ચિમના દેશોમાં અમેરિકા સૌથી ચડીઆતો છે. યુરોપના સામાન્ય દોષો એમાં નથી. યુરોપની માફક ત્યાં પણ ઉદ્યોગયુગ ચાલતો હોવાથી અવારનવાર અમીરી ગરીબી આવતી રહે છે. પણ યુરોપમાં જેમ મજુરો દુઃખમાં સબડે છે તેમ ત્યાં નથી બનતું. સાધારણ હુશીઆર સુતારને ત્યાં રૂ. ૪૬) નો રોજ તો સહેજે મળે છે, અને બુડથલ પણ મહેનતુ મજુર હોય તો રૂ. ૧૫) નો રોજ તો તે પણ કમાઇ શકે. ત્યાંની સેંકડે ૯૫ ટકા સંપત્તિ કારખાનાવાળાઓમાં વહેંચાએલી છે અને બાકીની પાંચ ટકા મધ્યમ અને ગરીબોમાં ફરે છે. આ પરથી જ્યાં સુતારને મહીને ૧૪૦૦ રૂા. મળે છે, ત્યાં ધનિકોની આવક અને સંપત્તિ કેટલી હશે એની કલ્પના થઇ શકે.

ત્યાંના ગરીબો પણ ધન ધાન્ય અને પશુ સંપન્ન છે. અમેરિકામાં જેમ ગરીબથી અમીર લગી બધા સુખી છે, તેમ જ તેમના શિક્ષણની અને તંદુરસ્તીની ફીકર પણ ત્યાંની સરકારે પોતાને માથે લીધેલી હોવાથી અમેરિકનોને આ લોકનાં બધાં સુખો સ્વેચ્છા પ્રમાણે ભોગવવા મળે છે. પંદર વર્ષની ઉમર લગી દરેક છોકરા છોકરીને શાળામાં ફરજીઆત જવું જ પડે છે. આ ફરજીઆત શિક્ષણ મફત છે એટલું જ નહિ, પણ ગરીબોનાં છોકરાંને સ્લેટ પેન અને ચોપડી પણ મફત મળે છે. આમ કેળવણીની વ્યવસ્થા બધે હોવા છતાં જો તંદુરસ્તી બાબત સરકાર કાળજી ન રાખે તો જનસમાજની શારીરિક સ્થિતિ ઘણી હીન થઇ જાય. એકલા શાળાઓના વિદ્યાર્થીઓની જ નહિ, પણ આખા અમેરિકા દેશના બધા જ છોકરાઓની શારીરિક તપાસ ત્યાંની સરકાર તરફથી કરવામાં આવે છે.

પણ અમેરિકન સરકાર એકલી શારિરીક તંદુરસ્તીથી જ સંતુષ્ટ નથી તે વળી એથી યે આગળ વધીને મનની દુરસ્તીનો પણ ખ્યાલ કરે છે. પ્રજા તંદુરસ્ત હોય તો અસત્ય ભાષણ, ચોરી, હરામખોરી વગેરે તરફ નહિ વળે, એ માનસશાસ્ત્રના સિદ્ધાંતોને તે અમલમાં મુકે છે. આ સિદ્ધાંત અમેરિકનોની રગેરગમાં એવો ઉતરી ગયો છે કે અમેરિકાના એક ભાગમાં એકાદ રોગચાળો ચાલે કે ચારે તરફથી સ્વયંસેવકોનાં ટોળાં તે ભાગના દુઃખી રહેવાશીઓને મદદ કરવા ઉતરી પડે છે. આવા કામમાં સરકાર પાસે પૈસા ખુટે તો તે શ્રીમંતોને એ કામમાં ધન આપવા ફરજ પાડે છે, અને તે પણ તરત જ આનાકાની વગર ખરડામાં રકમ ભરી આપે છે. આમ રાજસત્તા, સંપત્તિ અને સામાન્ય જનસમાજ એ બધાની સલાહથી અમેરિકાનો રાષ્ટ્રીય અયુષ્યક્રમ સુખેથી વીતે છે. (ગુ. કેસરી)

બાર વરસનો વીર

સીકંદરાબાદના તળાવમાં બાર અને તેર વરસની બે ખ્રિસ્તી બાળાઓ ન્હાવા પડી હતી. એવામાં તેઓ ડુબવા માંડી. લોકો ટોળે મળ્યા. પરંતુ તેઓ તો ટગરટગર જોયા જ કરતા હતા. એવામાં ટોળામાંથી એક બાર વરસનો છોકરો બહાર આવ્યો ને પાણીમાં ઝંપલાવ્યું. મન શાંત રાખી, હીંમતપૂર્વક પેલી બાળાઓને પકડી અને પોતે પાછો આવવા લાગ્યો. દુર્ભાગ્યે પેલી કન્યાઓએ આ છોકરાના પગ સખ્ત ઝાલ્યા હતા, એટલે તેને ઘણી મુસીબત નડી. પણ તે હાડમારીઓ વટાવી બહાર આવ્યો અને બાળાઓને સહીસલામત બચાવી.

જાદુઈ કોયડો

તમારા પુસ્તકનું હરકોઇ પાનું ઉઘાડો. એ પાનાની પહેલી દસ લીટીઓમાંથી કોઇ પણ લીટીના શરૂઆતના દસ શબ્દોમાંથી કોઇ એક શબ્દ ધારી લો.

હવે એ પાનાનો નંબર હોય તે સંખ્યાને બેવડી કરો, અને જે આંકડો આવે તેને પાંચે ગુણો ને એમાં વીસ ઉમેરો. હવે જે રકમ આવે તેમાં તમારી લીટીની સંખ્યા ઉમેરો. જે આંકડો આવે તેમાં પાંચ ઉમેરો અને જે સંખ્યા થાય તેને દસે ગુણો. હવે એમાં તમારા ધારેલા શબ્દની સંખ્યા ઉમેરો અને જે રકમ આવે તેમાંથી ૨૫૦ બાદ કરો. હવે બાકી જે રકમ વધી તેમાંનો એકમનો આંકડો એ તમારા શબ્દની સંખ્યા છે; દશકનો આંકડો એ તમારી લીટીની સંખ્યા છે; અને બાકીના આંકડા એ તમારા પાનાની સંખ્યા છે.

મિત્રોના ટોળામાં આ જાદુઇ કોયડો અજમાવવા જેવો છે. તમે તેમને ચોપડીમાંનો ગમે તે શબ્દ ધારવાનું કહો અને પછી ઉપલી રીત પ્રમાણે હીસાબ ગણી કાઢી જે રકમ આવે તે પરથી તમે બહુ સહેલાઈથી તેમણે ધારેલો શબ્દ શોધી કાઢી શકશો.

રબરનાં ઝાડ

ઇ. સ. ૧૮૭૬ માં હેનરી વિક્હામ નામનો માણસ દક્ષિણ અમેરિકા ગયો અને ત્યાંનાં જંગલોમાંથી રબરનાં ઝાડનાં બી લઈ આવ્યો. આ બીયાંનું વાવેતર એશીઆની જમીનને બહુ અનુકુળ પડ્યું. ઇ. સ. ૧૯૨૦ સુધીમાં લંકા, બ્રહ્મદેશ, મલાયા ને બોર્નીઓની લાખો એકર જમીન રબરનાં વાવેતરથી પથરાઇ ગઈ. ઇ. સ. ૧૯૨૫ માં આપણે થોકબંધ ચીજો 'ઈન્ડીઆ રબર'ની બનેલી જોઇએ છીએ.

રબરનાં ઝાડ ઉંચાઇમાં આશરે આઠ ફુટ અને ઘેરાવામાં એંશી ફુટ થાય છે. એનાં સુગંધી ફુલનો રંગ ઝાંખો લીલો હોય છે. એની છાલમાંથી દુધ જેવો ધોળો રસ નીકળે છે. બ્રાઝીલમાં તો આ રસને ધુંવાડી દે છે તેથી તે જામી જાય છે. પછી તેના ગોળ લાડુ વાળી લે છે. પણ હવે રસમાં ઍસેટિક ઍસિડ નાખીને રબરને વધુ શુદ્ધ રીતે તૈઆર કરવામાં આવે છે.

વાઘની સાથે લડાઈ

દક્ષિણમાં ઉતાકામંડમાં મિ. હરફોર્ડ નામના અંગ્રેજ જમીનદારના ઘરની નજીક જંગલમાં એક વાઘ રહેતો હતો, તે વારંવાર ઢોર મારી નાખતો. મિ. હરફોર્ડ શીકારીઓની ટોળી લઇ તેને મારવા નીકળ્યા ને વાઘને જખમી કર્યો. પણ જખમી વાઘ નાસીને ઝાડના જુથમાં લપાઇ ગયો. મિ. હરફોર્ડ પાછા ઘેર આવીને થોડી વારે, વાઘ મરી ગયો હશે એમ ધારી તેના મડદાની તપાસમાં નીકળ્યા. એવામાં મિ. હરફોર્ડના શીકારી કુતરાઓએ ઓચીંતી ચીસ પાડી, પરંતુ મિ. હરફોર્ડ નાસે તે પહેલાં તો બાજુમાંથી વાઘે ધસી આવી તેના પર હુમલો કર્યો. મિ. હરફોર્ડે સમયસૂચકતા વાપરી વાઘને લાત મારી દૂર કર્યો; પરંતુ વાઘ જીવ પર આવેલો હોઇ તેણે ફરી હુમલો કર્યો. એકદમ મિ. હરફોર્ડે પોતાનો પગ વાઘના મોંમાં ખોસી દીધો. વાઘ લગભગ આખો પગ ચાવી ગયો અને હરફોર્ડ બેભાન થઇ ગયા પછી પલાયન કરી ગયો. હરફોર્ડને ઇસ્પીતાલમાં લઇ જવામાં આવ્યા, પણ ત્યાં તેમનું મૃત્યુ થયું.

પારકાને ખાતર પોતાનું લોહી આપનાર

મુંબાઇની કોલાબાની લશ્કરી ઇસ્પીતાલમાં જૉર્ડન નામનો એક સોલ્જર મેલેરીઆ વગેરેથી બહુ પીડાતો હતો, અને દાક્તરોએ કહ્યું કે કોઇ બીજા તંદુરસ્ત માણસનું લોહી તેના શરીરમાં પ્રવેશ કરાવવામાં આવે તો જ તે બચે. આથી એને કોણ લોહી આપવા તૈઆર થાય છે તે જાણવા સારૂ વૉલંટીઅરો માગવામાં આવ્યા, અને પાંચ ગોરા સીપાઇઓ આગળ આવ્યા. તેમાંથી દાક્તરોએ થનર્સ અને માર્સડન નામના બે તોપચીને પસંદ કર્યા. એ બેના નામની ચીઠ્ઠીઓ નાખવામાં આવી તેમાં માર્સડનનું નામ આવતાં તેના શરીરમાંથી લગભગ એક શેર લોહી ખેંચીને દરદી જૉર્ડનના શરીરમાં દાક્તરોએ દાખલ કર્યું. દરદી બચી ગયો.

ગયા અંકમાં પ્રગટ થએલા 'રેંટીઓ કાંતતા પટણી સાહેબ' અને 'વાઘનાં બચ્ચાં બકરીને ધાવે' નામના બંને ફોટોગ્રાફ જામનગરના ફોટોગ્રાફર્સ 'જોશી ઍન્ડ વારા' ના પાડેલા છે.

લીલો મેવો

કહેવાય છે કે તરવાની શક્તિ માણસ અને વાંદરાં સિવાય બીજાં બધાં પ્રાણીઓમાં કુદરતી જ હોય છે. તેમને તરતાં શીખવું પડતું નથી.

ખારવાઓ કહે છે કે તુતક ઉપર ચાંદનીમાં રાત્રે ખુલ્લે મોઢે સુવાથી તેમનાં મગજ ફરી જાય છે. માણસ આપઘાત કરવા નીકળે છે ત્યારે ·ંદ્રના પ્રકાશથી તેને વધારે ઉત્તેજન મળે છે. આ ઉપરથી જણાય છે કે માણસના મગજને ચંદ્ર સાથે કોઇ પ્રકારનો સંબંધ હોવો જોઇએ. ગ્રહોની અને નક્ષત્રોની અસર માણસો ઉપર થવાનું જોશીઓ કહે છે તે કાંઈ અમથું?

શૉર્ટ સાઇટવાળાઓને સારીરીતે અનુભવ હશે કે ચશ્માં પહેર્યાં નથી હોતાં ત્યારે ઓછું સંભળાય છે. ઓછું દેખાય તે તો ઠીક, પણ ઓછું સંભાળવું શા માટે જોઇએ? આંખ કાંઇ કાનનું કામ કરવા માટે નથી. પણ એમ જણાય છે કે કંઇ એવો જ ગોટાળો છે ખરો. સાપમાં આંખેથી સાંભળવાની શક્તિ હોય છે માટે જ તે ચક્ષુશ્રવા કહેવાય છે. એક યુરોપિઅન વિદ્વાન આંખથી સાંભળવાનું યંત્ર બનાવવા મથે છે. (ગુ. કેસરી)

કબુતર, શાહમૃગ અને મગર, ખોરાક સાથે પથ્થર પણ ખાય છે. કબુતર તો ખોરાક તરીકે નાના પાંચીકા હજમ કરી જાય છે. શાહમૃગ અને મગર પાંચીકા અને પથ્થરના નાના ટુકડા એટલા માટે ખાય છે કે એની બીસમાં અંદરનો ખોરાક પેચાઈ જાય અને હજમ કરવો સહેલ પડે.

અમેરિકાની મેડીસન સ્કેર સરકસ કંપનીમાં બે તરૂણો છે. એક ટોમ ટોન નામનો ૨૮ વર્ષનો ૬૪૫ રતલીઓ પહેલવાન. તે જગતમાં તોલદારમાં તોલદાર પુરુષ છે! બીજો ૧૮ વર્ષનો મેજર માઇટ ૧૩ રતલી છોકરો છે! એ દુનીઆમાં હળવામાં હળવો માણસ છે.

અમેરિકાની પનામાની નહેરવાળો પ્રદેશ ઘણો જ ભેજવાળો હોઇ ત્યાં મોટી મોટી કંપનીઓ કેળાંની ખેતી કરવા ગઇ છે. પંદરથી સોળ મહીનામાં પાક તૈયાર થાય છે. ગયા મે મહીનામાં ત્યાંનાં બે બંદરેથી ત્રણ લાખ બાવીશ હજાર લુમો પરદેશ ચડી હતી! પરદેશ ન ચડાવેલાં કેળાંને સુકવી તેનો લોટ કરી ખાઈ શકાય છે, અને તે દુનીઆના સારામાં સારા પૌષ્ટિક ખોરાક તરીકે ગણાય છે. આંખના રોગીઓ માટે કેળાં ઉત્તમોત્તમ લેખાય છે કેળાં સસ્તાં વેચાય છે તેથી જ આપણને તેની કદર નથી.

અમેરિકાનું યુનાઇટેડ સ્ટેટ્સ જ આખી દુનીઆમાં એવું છે કે જ્યાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે છે. ત્યાં દર હજાર સ્ત્રીઓ પુરુષોનું પ્રમાણ ૧૦૪૦ છે.

લાઠીના ભુરખીઆ ગામના બાહીર હવાલદાર દેસુરની અજગર જેવી લાંબી મુછો વીશે ગયે મહીને અમે લખ્યું હતું. તેના ટાઇમ્સ ઓફ ઇંડીઆમાં આવેલા ફોટોગ્રાફ



અહીં આપીએ છીએ. આ બાજુનો ફોટોગ્રાફ ગુંચળાં વાળીને બાંધી રાખેલી મુછોનો છે; પણ તેને જ્યારે ઉખેળવામાં આવે છે ત્યારે તેનો એકેક છેડો ૩૪ ૩૪ ઇંચ લાંબો થાય છે. એનો ફોટોગ્રાફ નીચે આપ્યો છે.

પોતાની મુછો આટલી બધી કેવી રીતે વધારી એ તે કોઇને કહેતો નથી.



Times of India